MARKET 4U (OPC) PVT. LTD.
જંગ-એ-ગુજરાત
અખબાર
સુરત ઓફિસ
૧૩/૯૬, બેઠી કોલોની, રિલાયન્સ મોલ સામે, ઉધના દરવાજા, સુરત.
કોલ કરીને જ આવવું
મો.નં. 7575006850

REVOLUATION-E-GUJARAT

ગુજરાતભરમાં ફેલાવો ધરાવતું ભરૂચથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

સાપ્તાહિક અખબાર
SOCIAL MEDIA NEWS

● તંત્રી : ધનંજય ઝવેરી
● બ્યૂરો ચીફ : સમીર કંસારા ૯૦૯૯૦૩૯૫૪૨

વિ. સં. ૨૦૭૬ । બુધવાર । તા. ૨૨-૦૪-૨૦૨૦ । વર્ષ : ૧૬ । પાના : ૧૨

2 મધ્યપ્રદેશમાં સરકાર બન્યાના ૨૯ દિવસ બાદ શિવરાજ કેબિનેટનું વિસ્તરણ

3 કોરોના વાયરસનું વધુ ભયંકર રૂપ તો હવે જોવા મળશેઃ WHOની ચેતવણી

9 રાજ્યમાં ૨૭ એપ્રિલથી ઘઉંની ટેકાના ભાવે કરવામાં આવશે ખરીદીઃ અશ્વિની કુમાર

12 રાજપીપળાની બેંક બહાર ગ્રાહકોના ટોળાં જાણે કોરોનાને આમંત્રણ આપતા લાગે છે..??!

દેશમાં કોરોના દર્દીઓનો આંકડો ૧૮,૦૦૦ને પાર,મૃત્યુઆંક ૫૯૨

કોરોના સંકટઃ ભારતમાં દર એક કલાકે બે લોકોના કોરોનાથી મોત..!

છેલ્લાં ૨૪ કલાકમાં ૪૭ના મોંત, ૧૨૭૪ નવા કેસો નોંધાયા, કોરોના હવે રાષ્ટ્રપતિ ભવન,લોકસભા,હવામાન વિભાગ,ચેનલના સ્ટૂડિયો સુધી પહોંચ્યો, મહારાષ્ટ્ર, દિલ્હી, ગુજરાતમાં સ્થિતિ ભયંકર,૫૦ ટકા કેસ છેલ્લા આઠ દિવસમાં વધ્યા

ન્યુ દિલ્હી

સમગ્ર દેશમાં કોરોના વાયરસથી સંક્રમિત દર્દીઓની સંખ્યા સતત વધી રહી છે. દેશભરમાં કોરોના ચેપગ્રસ્ત દર્દીઓની સંખ્યા ૧૮,૦૦૦ ની સંખ્યાને પાર કરી ૧૮,૭૮૬ થઈ ગઈ છે. હાલમાં ૧૪,૭૫૯ સક્રિય દર્દીઓ છે જ્યારે ૩,૨૭૩ લોકો સ્વસ્થ બન્યા છે. કોરોનાથી મરનારાઓની સંખ્યા ૫૯૨ પર પહોંચ્યો છે. તે જ સમયે, કેન્દ્રીય આરોગ્ય અને કુટુંબ કલ્યાણ મંત્રાલયે જાહેર કરેલા આંકડા મુજબ, છેલ્લા ૨૪ કલાકમાં ૧૩૩૬ નવા કેસ નોંધાયા છે અને ૪૭ લોકોનાં મોત નીપજ્યાં છે એટલે કે દર એક કલાકે બે લોકો કોરોનાથી મોતને ભેટી ચૂક્યા છે. કર્મચારીઓને લાઈવ શો બંધ કરવો પડ્યો હતો. દુનિયાભરમાં હાહાકાર મચાવનાર કોરોના મહામારી કોરોના વાઈરસનો ભરડો ભારતમાં પણ મજબૂત બની રહ્યો હોય તેમ આજે મંગળવારે



દેશભરમાં કુલ ૧૨૭૪ નવા કેસ મળી આવ્યા હતા, જેમાંથી ૪૬૬ મહારાષ્ટ્રથી આવ્યા છે તામિલનાડુના ચેન્નઈમાં એક તમિલ ન્યૂઝ ચેનલના ૨૫ કર્મચારીઓ કોરોના વાયરસ સકારાત્મક હોવાનું જાણવા મળ્યું છે. પરીક્ષણ પરિણામો પછી, ચેનલે તેનો લાઈવ પ્રોગ્રામ મોકૂફ રાખવો પડ્યો છે.

દેશમાં કોરોના સંક્રમણની સંખ્યા હવે ૧૮,૭૮૬ પહોંચી છે અને કુલ ૫૯૯ લોકોના મોત થયા છે. દેશમાં સતત ત્રીજા દિવસે કોરોના વાઈરસના એક હજારથી વધુ કેસ સામે આવ્યા છે. એક દિવસ પહેલા કોરોના સંક્રમણના ૧૫૮૦ અને ૧૮ એપ્રિલે ૧૩૭૧ નવા દર્દી મળ્યા હતા.સોમવારે સૌથી વધારે ૪૬૬ નવા કેસ મુંબઈમાં મળ્યા હતા. અહીંયા સંક્રમિતોની સંથ્યા ૪૬૬૬ થઈ ગઈ છે. જ્યારે મૃતકોનો આંકડો ૨૩૨ છે, જે દેશમાં સૌથી વધારે છે. આ સાથે જ મહારાષ્ટ્ર સરકાર

અનુ. પાના નં. ૬ પર

ચેન્નાઈમાં ન્યૂઝ ચેનલના ૨૫ મિડિયાકર્મી કોરોનાની ચપેટમાં

દેશમાં કોરોના વાયરસનો ખતરો સતત વધતો જઈ રહ્યો છે. દેશનાં અલગ-અલગ ભાગોમાં સતત એ લોકોનાં કોરોના પોઝિટિવ કેસ સામે આવી રહ્યા છે જેઓ કોરોનાની વિરુદ્ધ યુદ્ધ લડી રહ્યા છે. મુંબઈ બાદ હવે ચેન્નઈમાં પણ ન્યૂઝ ચેનલનાં ૨૫ કર્મચારી કોરોના પોઝિટિવ મળી આવ્યા છે. રાજ્ય સરકાર તરફથી જાહેર નિવેદનમાં કહેવામાં આવ્યું છે કે તમિલ ન્યૂઝ ચેનલમાં કાર્યરત ૨૫ લોકો કોરોના વાયરસ પોઝિટિવ મળી આવ્યા છે, જેમાં પત્રકાર, કેમેરાપર્સન અને અન્ય લોકો સામેલ છે. ઉલ્લેખનીય છે કે આ ન્યૂઝ ચેનલનાં લગભગ ૯૪ લોકોનો કોરોના વાયરસ ટેસ્ટ કરવામાં આવ્યો હતો. આના કારણે ચેનલે પોતાનો લાઈવ પ્રોગ્રામ પણ સસ્પેન્ડ કરવો પડ્યો છે. પોઝિટિવ કેસ આવ્યા બાદ અન્ય લોકોને પણ ક્વોરન્ટાઈન કરી લેવામાં આવ્યા છે.

રાષ્ટ્રપતિ એસ્ટેટમાં પરિવાર સાથે રહેતી મહિલા કોરોના પોઝિટિવ

કોરોના વાયરસની રાષ્ટ્રપતિ ભવનમાં એન્ટ્રીઃ ૧૨૫ પરિવાર ક્વારેન્ટાઈન

ન્યુ દિલ્હી

કોરોના વાયરસની દસ્તક હવે રાષ્ટ્રપતિ ભવન સુધી પહોંચી ગઈ છે. પ્રેસિડન્ટ એસ્ટેટમાં પોતાના પરિવાર સાથે રહેતી એક મહિલા કોરોના પોઝિટીવ આવી છે ત્યારબાદથી આખા રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં હડકંપ મચી ગયો છે. તેનાથી મોટી ચિંતા એ વાતની છે કે મહિલાના પતિ રાષ્ટ્રપતિ ભવનમાં જ કામ કરનાર અંડર સેક્રેટરી લેવલના એક આઇએએસ અધિકારીની ઓફિસમાં કામ કરતા હતા. તેને જોતા આ અધિકારીએ પોતાને પણ ક્વારેન્ટાઈન કરી દીધા છે.

આ ખુલાસા બાદ કેમ્પસમાં રહેતા ૧૨૫ પરિવારોને હોમ ક્વારેન્ટાઈન કરાયા છે. કોરોના પોઝિટીવ આવેલા મહિલાને સારવાર માટે આરએમએલ હોસ્પિટલમાં દાખલ કરાયા છે. જ્યારે તેમના પતિ અને પરિવારના અન્ય સભ્યો સિવાય પાડોશના લોકોને પણ હોમ ક્વારેન્ટાઈનમાં રહેવાનો નિર્દેશ આપ્યો છે. કહેવાય છે કે રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં કામ કરનાર ૧૦૦થી વધુ સફાઇકર્મી, માળી અને દેખરેખ કરનાર બીજા લોકો પણ આ દરમ્યાન મહિલાના પતિના સંપર્કમાં આવ્યા હતા. આ બધાને સાવચેતી રાખવા માટે કહ્યું છે. આ કેસ સામે આવ્યા બાદ રાષ્ટ્રપતિ ભવનમાં વધુ સતર્કતા દાખવવામાં આવી રહી છે. પ્રશાસનિક સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે પ્રેસિડન્ટ એસ્ટેટમાં રહેનાર જે મહિલામાં કોરોના પોઝિટીવ આવ્યો છે તેમની સાસુનું થોડાંક દિવસ પહેલાં કોરોનાના લીધે જ મોત થયું હતું. તેઓ બાડા હિન્દુરાવ વિસ્તારમાં રહેતા હતા. કહેવાય છે કે કોરોના પીડિત પોતાની સાસુના સંપર્કમાં આવવાથી જ મહિલા પણ કોરોનાની ઝપટમાં આવી ગયા. તબિયત ખરાબ

અનુ. પાના નં. ૬ પર

ભારતીય મૂળના સુદર્શનમ અમેરિકાનાં મુખ્ય વિજ્ઞાન બોર્ડમાં નિયુક્ત

ચીને ટ્રમ્પની તપાસ માંગ ફગાવી કહ્યુંઃ પીડિત છીએ આરોપી નહિ

બેઇજિંગ

અમેરિકામાં ૨૪ કલાકમાં કોરોનાને લીધે ૧૯૫૩ લોકોના મોત થયા છે. તો ૨૮૬૭૩ લોકો કોરોનાગ્રસ્ત થયા છે. હાલ કુલ મોત ૪૨,૫૧૮ છે તો કેસની સંખ્યા ૭૯૨,૯૩૮ થઈ છે. જ્યારે સાજા થનારની સંખ્યા ૭૨,૩૮૯ એ પહોંચી જેની સાથે એક્ટિવ કેસની સંખ્યા ૬૭૮,૦૩૧ થઈ છે. ટ્રમ્પના નિર્ણયો પર વિપક્ષ સતત પ્રહારો કરી તેઓ જુઠાણું ફેલાવી રહ્યાના આક્ષેપ કરી રહ્યું છે.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે ભારતીય-અમેરિકન સુદર્શનમ બાબુને અમેરિકાના મુખ્ય વિજ્ઞાન બોર્ડમાં નિયુક્ત કર્યા છે. વ્હાઈટ હાઉસે સોમવારે કહ્યું કે બાબુ જે પ્રતિષ્ઠિત ઓક રિજ નેશનલ લેબોરેટરી (ઓઆરએનએલ)થી છે. તે ૬વર્ષના કાર્યકાળ માટે સભ્ય તરીકે નિયુક્ત કરવામાં આવે છે. તેઓએ ૧૯૮૮માં આઈઆઈટી મદ્રાસથી ઔદ્યોહિક ધાતુ વિજ્ઞાન-વેલ્ડિંગમાં માસ્ટર ડિગ્રી મેળવી છે. તેમજ કેમ્બ્રિજ યુનિમાંથી પીએચડી કરી છે. હાલમાં તેઓ ઈન્ટર ડિસિપ્લિનરી રિસર્ચ

અનુ. પાના નં. ૬ પર

પાક.વડાપ્રધાન ઈમરાન ખાનને મળનાર ફૈસલ ઈદ્દીનો રિપોર્ટ પોઝિટિવ

વિશ્વભરમાં ૨૪ લાખથી વધુ લોકો કોરોનાથી સંક્રમિતઃ ૧.૭૦ લાખના મોત

અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૯૩૯ લોકોના મોત અને ૨૮ હજાર નવા કેસ, ઓસ્ટ્રેલિયામાં શટડાઉન થવાથી અને બિઝનેસ બંધ કરવાથી ૭.૮૦ લાખ નોકરીઓ ગઈ

ન્યૂયોર્ક

કોરોના વાઈરસના કારણે વિશ્વભરમાં ૨૪.૮૨ લાખ કેસ નોંધાયા છે. અત્યાર સુધીમાં ૧ લાખ ૭૦ હજાર ૪૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે. છ લાખ ૪૭ હજાર ૭૩૪ લોકોને સારવાર બાદ રજા આપવામાં આવી છે.

અમેરિકામાં અત્યાર સુધીમાં ૭.૯૩ લાખ કેસ નોંધાય ચૂક્યા છે. ૪૨ હજાર ૫૧૭ લોકોએ જીવ ગુમાવ્યા છે. અત્યાર સુધીમાં અહીં ૭૨ હજાર ૩૮૯ લોકોને સારવાર પછી રજા અપાઈ છે. અમેરિકામાં ૨૪ કલાકમાં ૧૯૩૯ લોકોએ જીવ ગુમાવ્યા છે અને ૨૮ હજાર નવા કેસ નોંધાયા છે.

પાકિસ્તાનના પ્રધાનમંત્રી ઈમરાન ખાન ઉપર કોરોના વાઈરસના સંક્રમણનો ખરતો ઊભો થયો છે. ૧૫ એપ્રિલના રોજ ઈમરાન ખાનને મળનાર ફૈસલ ઈદ્દીનો કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. ફૈસલ ઈદ્દી વિશ્વભરમાં જાણીતી ઈદ્દી ફાઉન્ડેશનના પ્રમુખ અબ્દુલ સત્તાર ઈદ્દીનો પુત્ર છે. ઈમરાન ખાનને મળીને કોરોના સામેની લડાઈ માટે ફૈસલ ઈદ્દીએ ૧૦ મિલિયનનો ચેક આપ્યો હતો. પીએમ ઈમરાન ખાન સાથેની મુલાકાત પછી ઘરે પરત ફર્યા બાદ ફૈસલમાં કોરોનાના લક્ષણો જોવા મળ્યા હતા.તેનો રિપોર્ટ પોઝિટિવ આવતા પાકિસ્તાનમાં ભારે ખળભળાટ મચ્યો છે. ઈમરાન ખાન પણ સેલ્ફ ક્લોરન્ટિન થઈ શકે છે. ઈમરાન ખાન ઉપરાંત પીએમ

અનુ. પાના નં. ૬ પર

કોરોનાથી ચીનને મોટો ફટકો પડશેઃ ૧૦૦૦ કંપનીઓ ભારત આવવા તલપાપડ

ન્યુ દિલ્હી

કોરોનાનાં કારણે દુનિયાભરની ઈકોનોમીની હાલત કફોડી થઈ ગઈ છે, પરંતુ આ માહોલમાં પણ ભારત માટે સારા સમાચાર છે. ચીનમાં સક્રિય લગભગ ૧૦૦૦ કંપનીઓ હવે ભારતમાં અવસરો શોધવાની તલાશ કરી રહી છે. એક રિપોર્ટ પ્રમાણે કોરોના વાયરસનાં કારણે ચીનમાં વિદેશ કંપનીઓને ઘણી મુશ્કેલીઓનો સામનો કરવો પડી રહ્યો છે. આ સ્થિતિમાં લગભગ ૧૦૦૦ વિદેશી કંપનીઓ ભારતમાં એન્ટ્રી કરવાનું વિચારી રહી છે. આમાંથી લગભગ ૩૦૦ કંપનીઓ ભારતમાં ફેક્ટરી લગાવવાને લઈને મન બનાવી ચુકી છે.

આ સંબંધમાં સરકારનાં અધિકારીઓ સાથે વાતચીત પણ ચાલી રહી છે. રિપોર્ટ પ્રમાણે અધિકારીએ કહ્યું કે, "વર્તમાનમાં લગભગ ૧૦૦૦ કંપનીઓ અલગ-અલગ સ્તર પર વાતચીત કરી રહી છે. આ કંપનીઓમાંથી અમે ૩૦૦ કંપનીઓ પર વિચારણા કરી છે." કેન્દ્ર સરકારનાં અધિકારીનાં જણાવ્યા પ્રમાણે વાયરસનાં નિયંત્રણમાં આવવાની સ્થિતિ આપણા માટે સારી હશે અને ભારત વૈકલ્પિક મેન્યુફેક્ચરિંગ હબ તરીકે ઉભરશે.

આ ૩૦૦ કંપનીઓ મોબાઈલ, ઈલેક્ટ્રોનિક્સ,

અનુ. પાના નં. ૬ પર

મંગળવારે વધુ ૧૨૭ કેસ પોઝિટિવ આવ્યા,છના મૃત્યુ સાથે મૃત્યુઆંક ૭૭એ પહોંચ્યો

ગુજરાતમાં કોરોનાનો કહેરઃ પોઝિટિવ કેસો ૨૦૦૦ને હજાર

અમદાવાદ બાદ સુરતમાં પરિસ્થિતિ ગંભીર, ૬૯ કેસ પોઝિટિવ નીકળ્યા, ડાંગ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, અમરેલી પાંચ જિલ્લા કોરોના મુક્ત

ગાંધીનગર

રાજ્યમાં કોરોનાનો કહેર સતત વધતો જઈ રહ્યો છે. કોરોનાના કુલ કેસોનો આંકડો ૨૦૦૦ ને પા પહોંચી જતા ચિંતામાં વધારો થયો છે. ગુજરાતમાં અત્યાર સુધીમાં ૨૦૬૬ જેટલા કેસ નોંધાયા છે. તાજેતરના આંકડાઓની વાત કરીએ તો ગુજરાતમાં આજે વધુ ૧૨૭ જેટલા કેસો નોંધાયા છે. અમદાવાદમાં કુલ ૫૦ જેટલા કેસો નોંધાયા છે. ગુજરાત રાજ્યના આરોગ્ય વિભાગના અગ્ર સચિવ ડો. જયંતી રવીએ આજે પત્રકાર પરિષદમાં ગુજરાતમાં કોરોનાની સ્થિતિ અંગે માહિતી આપી હતી. રાજ્યમાં આજે કુલ ૬ લોકોના અવસાન થયા છે તેની સાથે જ રાજ્યમાં મૃત્યુઆંક ૭૭એ પહોંચ્યો છે. સુરતમાં ૬૯, અરવલ્લી, ખેડા અને ગીરમાં એક એક કેસ, રાજકોટમાં ૨ વલસાડમાં ૨, તાપીમાં ૧ કેસ નોંધાયો છે. ૧૯ લોકો વેન્ટિલેટર ઉપર છે. ગુજરાતમાં ડાંગ, સુરેન્દ્રનગર, જૂનાગઢ, દેવભૂમિ દ્વારકા, અમરેલી સહિત ગુજરાતના પાંચ જિલ્લાઓ કોરોના મુક્ત રહ્યાં છે.

અમદાવાદની વાત કરવામાં આવે તો અહીંયા કેસો ચિંતાજનક રીતે વધી રહ્યા છે. અમદાવાદના ઘાટલોડિયા, દુધેશ્વર, જમાલપુર, જુહાપુરા, શાહીબાગ, બહેરામપુરા, મણિનગર, રાયપુર, હાથીજણ, નારણપુરા, મેમનગર, દાણીલીમડામાં કેસો નોંધાયા છે.

રાજ્યમાં ૧૨૭ નવા કેસ નોંધાયા છે. જેમાં સૌથી વધુ કેસ સુરતમાં છે. સુરતમાં ૬૯ કેસ નોંધાયા છે. આ ઉપરાંત અમદાવાદમાં ૫૦, રાજકોટમાં ૨, અરવલ્લી, ગીર-સોમનાથ, તાપી અને ખેડામાં ૧-૧વલસાડમાં ૨ કેસ નોંધાયા છે. આ સાથે જ રાજ્યમાં કુલ પોઝિટિવ દર્દીની સંખ્યા ૨૦૬૬ થઈ છે. રાજ્યમાં વધુ ૬ના મોત થયા છે. રાજ્યમાં છેલ્લા ૨૪ કલાક દરમિયાન કુલ ૧૮૪ કેસો નોંધાયા છે. અમદાવાદમાં ૧૫૨ કેસો નોંધાયા હતા. ગઈકાલ સુધી ગુજરાતમાં ૧૯૩૯ કેસ નોંધાયા હતા.

અનુ. પાના નં. ૬ પર

ઈઝરાયેલમાં સરકાર વિરુદ્ધ ૧૦ હજાર લોકો માસ્ક પહેરીને રસ્તા પર ઉતર્યા

તેલ અવીવ

દુનિયાભરમાં લોકડાઉન ચાલી રહ્યું છે. ઘણા દેશમાં કડક નિયમ લાગું કરાયા છે. જેમાં ઈઝરાયલ પણ સામેલ છે, જ્યાં કોરોનાને હરાવવા માટે કડક પ્રતિબંધ લગાવવામાં આવ્યા છે. પરંતુ આ પ્રતિબંધોથી હેરાન થયેલા લગભગ ૧૦ હજાર લોકો રવિવારે મોડી રાતે રસ્તા પર ઉતરી આવ્યા હતા. તેમણે પીએમ બેન્જામિન નેતન્યાહૂ વિરુદ્ધ દેખાવ કર્યા હતા, દેખાવકારીઓએ માસ્ક પહેરી અને બે મીટર સુધી અંતર જાળવીને પીએમ વિરુદ્ધ નારાબાજી કરી હતી. તેમના હાથમાં કાળા ઝંડા હતા, જેમાં સરકાર વિરોધી નારા લખેલા હતા.

દેખાવકારીઓનું કહેવું હતું કે, દેશમાં કડક પ્રતિબંધ લાગુ છે. પરંતુ અમે એકબીજાથી અતંર રાખી અમે માસ્ક પહેરીને દેખાવ કરી શકીએ છીએ. અમે નિયમોનું પાલન કરી રહ્યા છીએ. સાથે જ ઈઝરાયલમાં અત્યાર સુધી સંક્રમણના ૧૩ હજાર ૪૯૧ કેસ સામે આવ્યા છે, જ્યારે ૧૭૨ લોકો મોત થયા છે.

દેખાવકારીઓએ 'સેવ ધ ડેમોક્રેસી'ના બેનર હેઠલ બેની ગૈટ્સની બ્લૂ એન્ડ વ્હાઈટ પાર્ટીમાંથી ભ્રષ્ટાચારના આરોપો વાળા પ્રમુખના નેતૃત્વ વાળા ગઠબંધનમાં સામેલ ન થવાની અપીલ કરી. નેતન્યાહૂ ભ્રષ્ટાચારના ત્રણ મામલામાં આરોપી છે.

અનુ. પાના નં. ૬ પર

ટ્રમ્પે એક્ઝિક્યૂટિવ ઓર્ડર પર સહી કરી

કોરોના સંકટ વચ્ચે ટ્રમ્પનો નિર્ણય: અમેરિકામાં વિદેશીઓના પ્રવેશ પર લગાવી રોક

વોશિંગ્ટન

અમેરિકાના રાષ્ટ્રપ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પએ સોમવારે એક મોટો નિર્ણય લેતાં અમેરિકામાં કોઈ પણ વિદેશીના પ્રવેશ પર અસ્થાઈ રીતે પ્રતિબંધ મૂકી દીધો છે. ટ્રમ્પે ટ્વિટ કરીને કહ્યું કે એક અદૃશ્ય દુશ્મનનો સામનો કરવા માટે, આપણા મહાન અમેરિકાના દેશવાસીઓની નોકરીઓની રક્ષા માટે, મેં એક એક્ઝિક્યૂટિવ ઓર્ડર પર સહી કરી છે જે મુજબ હાલ કોઈ પણ અન્ય દેશના નાગરિકને અમેરિકામાં પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે.

એક રિપોર્ટ મુજબ રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પે સોમવાર મોડી સાંજે આ એક્ઝિક્યૂટિવ ઓર્ડર પર સહી કરી દીધી છે, તે મુજબ જ્યાં સુધી કોરોના સંક્રમણના કેસ સામે આવતા રહેશે ત્યાં સુધી અસ્થાઈ રીતે હાલ ઈમિગ્રેશન બંધ રહેશે. ટ્રમ્પનું માનવું છે કે અમેરિકામાં કોરોના એરપોર્ટ્સના રસ્તે જ પહોંચ્યો છે એન હવે દેશની સ્વાસ્થ્ય અને અર્થવ્યવસ્થાને બચાવવા માટે હાલ દેશમાં કોઈ પણ અન્ય દેશના નાગરિકના પ્રવેશ પર પ્રતિબંધ લગાવી દીધો છે. ટ્રમ્પે ઈમિગ્રશન પર પ્રતિબધ લગાવીને અમેરિકાના સ્થાનિક નિવાસીઓની નોકરી બચાવવાનો દાવો કર્યો છે. ટ્રમ્પનો દાવો છે કે કોરોનાથી લડવા અને નોકરીઓ બચાવવા માટે તેઓએ આ પગલું ભર્યું છે. જોકે, હજુ એ સ્પષ્ટ નથી કે ઈમિગ્રેશન પર પ્રતિબંધ લગાવવા માટે નીતિ શું હશે કે પછી તે કેટલા સમય માટે હશે. જોકે, ટ્રમ્પના જણાવ્યા મુજબ, તે અસ્થાઈ છે અને સ્થિતિ સુધરતાં જ તેને પરત લેવામાં આવશે. વ્હાઇટ હાઉસે હાલ સ્પષ્ટ નથી કર્યું કે ક્રોસ બોર્ડર ઓપરેશન્સ અને જેમની પાસે ગ્રીન કાર્ડ છે તેમની પર આ આદેશની શું અરસ થવા જઈ રહી છે.

ગ્રામીણ ક્ષેત્રમાંની બધી રાહત પાછી ખેંચી

પંજાબમાં ૩ મે સુધી કર્ફ્યુમાં કોઈ છૂટછાટ નહિ: સરકારનો નિર્ણય

ચંડીગઢ

પંજાબ સરકારે રાજ્યમાં ૩ મે સુધી ઘઉંની પ્રાપ્તિ સિવાયની કોઈપણ સાર્વજનિક પ્રવૃત્તિ માટે સંચારબંધીમાં કોઈપણ છૂટછાટ આપવાનો સોમવારે ઈનકાર કર્યો હતો.

પંજાબના મુખ્ય પ્રધાન અમરીન્દર સિંહે ઉચ્ચ મુલકી અને પોલીસ અધિકારીઓ સાથે મળીને રાજ્યમાંની કોરોના વાઇરસ (કોવિડ-૧૯)ના રોગચાળાને લગતી પરિસ્થિતિની સમીક્ષા કરી હતી અને તે પછી સંબંધિત જાહેરાત કરી હતી.

પંજાબ સરકારે રાજ્યના ગ્રામીણ ક્ષેત્રમાંના ઉદ્યોગો, પુસ્તકોના વિક્રેતાઓ, ધાબા, એર-કન્ડિશનર્સ, કુલર્સ, પંખાના દુકાનદારો, રેતી અને કાંકરીઓ કાઢવાની પ્રવૃત્તિ તેમ જ પથ્થર તોડવાના કામમાં અપાયેલી છૂટછાટ પાછી ખેંચી છે.

પંજાબના મુખ્ય પ્રધાન અમરીન્દર સિંહે જણાવ્યું હતું કે રાજ્યના બધા જિલ્લામાં લૉકડાઉનના સમયગાળા દરમિયાન રમજાન વખતે પણ છૂટછાટ નહિ અપાય.

અગાઉ, કેન્દ્ર સરકારે ૨૦મી એપ્રિલથી કોરોના વાઇરસનો રોગચાળો ફેલાયો ન હોય એવા વિસ્તારોમાં, ખાસ કરીને ગ્રામીણ ક્ષેત્રમાં નિયમને આધીન રહીને અમુક આર્થિક પ્રવૃત્તિ શરૂ કરવા પરવાનગી આપી હતી.



ન્યૂયોર્ક સિટી ફાયર ડિપાર્ટમેન્ટના કર્મચારીઓ સ્વાસ્થ્ય કર્મચારીઓનો આભાર વ્યક્તિ કરી રહ્યા છે.

કિમ જોંગને બ્રેન ડેડ હોવાનો યુએસ રિપોર્ટમાં દાવો

જીવન સંકટમાં: ઉ.કોરિયાના તાનાશાહ કિમ જોંગ ઉનની હાર્ટ સર્જરી નિષ્ફળ

સોલ

ઉત્તર કોરિયાના સર્વોચ્ચ નેતા કિમ જોંગ ઉન ગંભીર રીતે બીમાર થઈ ગયા છે અને હાલ તેઓ જીવન અને મોત વચ્ચે સંઘર્ષ કરી રહ્યા છે. જણાવવામાં આવી રહ્યું છે કે, કાર્ડીઓવૈસ્ક્યલરને કારણે તેમની સારવાર ચાલી રહી છે. અમેરિકાની મીડિયાના રિપોર્ટ્સ મુજબ, સર્જરી બાદ કિમ જોંગ ઉનની તબિયત વધારે બગડી ગઈ છે.

અમેરિકાના એક અધિકારીએ જણાવ્યુ કે, કિમ જોઉનનું જીવન જોખમમાં છે. રિપોર્ટ મુજબ, કિમ જોંગ ઉનની તબિયત ગયા કેટલાક માસથી ખરાબ છે. કિમ ખૂબ જ સ્મોકિંગ કરે છે. કિમ છેલ્લે ૧૧ એપ્રિલે જોવા મળ્યા હતા. એટલું જ નહીં, કિમ જોંગ તેમના દાદાના જીન્મદિવસ પર આયોજીત કાર્યક્રમમાં પણ હાજર રહ્યા નહતા. જણાવવામાં આવી રહ્યું છે કે, હાલ એક વિલામાં તેમની સારવાર ચાલી રહી છે. રિપોર્ટમાં તેમનું બ્રેન ડેડ હોવાનો દાવો પણ કરવામાં આવ્યો છે. જો કે અમેરિકાના અધિકારીએ કિમને બ્રેન ડેડ થયું હોવાના એહવાલ પર કોઈ ટિપ્પણી કરી નથી.

ઉત્તર કોરિયાના મામલાના નિષ્ણાંત બ્રૂસ ક્લીંગરે જણાવ્યું કે, ગયા કેટલાક સમયથી કિમના સ્વાસ્થ્યને લઈને ઘણી અફવાઓ ફેલી રહી છે. અગાઉ કિમ જોંગ ઉન અને તેમના પિતા અંગે કેટલાક ફેક ન્યૂઝ સામે આવ્યા છે. આપણે હજુ રાહ જોવી જોઈએ. અગાઉ વર્ષ ૨૦૦૮માં કિમ જોંગ ઉનનાપિતા કિમ જોંગ દ્વિતીયના ઉત્તર કોરિયાના ૬૦ વર્ષ પૂર્ણ થવા મામલે આયોજીત કાર્યક્રમમાં સામેલ થયા નહતા તો અટકળો વધી ગઈ હતી. બાદમાં જાણ થઈ હતી કે તેમને હાર્ટ એટેક આવ્યું હતું. ત્યારબાદ વર્ષ ૨૦૧૧માં તેમનું મૃત્યું થઈ ગયું હતું.

લોકસભા સચિવાલયમાં હાઉસ કિપિંગનો કર્મચારી કોરોના પોઝિટિવ

ન્યુ દિલ્હી

કોરોના વાયરસનો કહેર રાષ્ટ્રપતિ ભવન બાદ હવે સંસદ ભવન સુધી પહોંચ્યો છે. લોકસભા સચિવાલયમાં હાઉસ કિપિંગ વિભાગમાં કામ કરતા એક કર્મચારીનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. તેની દિલ્હીની રામ મનોહર લોહિયા હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે.

હવામાન વિભાગનાં કર્મચારીનું કોરોનાથી મોત, સંપર્કમાં આવેલા ૧૦ લોકો ક્વોરન્ટાઈન

ન્યુ દિલ્હી

નવી દિલ્હીનાં પ્રાદેશિક હવામાન કેન્દ્રમાં તૈનાત એક કર્મચારીનું કોરોના સંક્રમણનાં કારણે મોત થઈ ગયું છે. મલ્ટી ટાસ્કિંગ સ્ટાફ તરીકે કામ કરી રહેલા હવામાન વિભાગનાં કર્મચારીનું મોત સફદરજંગ હૉસ્પિટલમાં ૧૭ એપ્રિલનાં થયું હતુ. ત્યારબાદ હવામાન વિભાગમાં હડકંપ મચી ગયો. પ્રાદેશિક હવામાન વિભાગનાં અનેક કર્મચારીઓને સતર્ક રહેવા માટે કહેવામાં આવ્યું છે. આ સાથે જ અહીં સેનિટાઈઝેશન પણ કરવામાં આવ્યું છે. સંપર્કમાં આવેલા ૧૦ કર્મચારીઓને પોતાના ઘર પર જ ક્વોરન્ટાઈન રહેવા કહેવામાં આવ્યું છે.

૫ મંત્રીઓએ કેબિનેટ મંત્રીના પદ શપથગ્રહણ કર્યા

મધ્યપ્રદેશમાં સરકાર બન્યાના ૨૯ દિવસ બાદ શિવરાજ કેબિનેટનું વિસ્તરણ

નરોત્તમ મિશ્રા,કમલ પટેલ,મીના સિંહ, તુલસીરામ સિલાવટ, ગોવિંદર સિંહ રાજપૂત બન્યા કેબિનેટ મંત્રી

ભોપાલ

કોરોના સંકટ અને લોકડાઉનની વચ્ચે મધ્યપ્રદેશમાં કેબિનેટનું આજે વિસ્તરણ થયું. ટીમ શિવરાજમાં પાંચ ધારાસભ્યોએ કેબિનેટ મંત્રી પદના શપથ લીધા. શપથ સમારંભમાં સોશિયલ ડિસ્ટેંસિંગનું ખાસ ધ્યાન રખાયું. ધારાસભ્યો માસ્ક પહેરીને શપથ ગ્રહણમાં આવ્યા અને એકબીજાનું અભિવાદન કરતાં દેખાયા. રાજભવનમાં થયેલા આ શપથ સમારંભ માટે કોઈ વીવીઆઈપીને આમંત્રણ અપાયું નહોતું.

દિલ્હીથી સોમવાર સાંજે લીલી ઝંડી મળ્યા બાદ સીએમ શિવરાજ સિંહ ચૌહાણે ગવર્નર લાલજી ટંડન સાથે વાત કરી હતી. ત્યારબાદ રાજભવનમાં શપથગ્રહણની તૈયારીઓ શરૂ થઈ ગઈ હતી. સૌથી પહેલાં નરોત્તમ મિશ્રાએ શપથ લીધા હતા. ત્યારબાદ સિંધિયા ગ્રૂપના તુલસી સિલાવટે શપથ લીધા. તુલસી સિલાવટ કમલનાથની સરકારમાં પણ સ્વાસ્થ્ય મંત્રી રહ્યા છે. તુલસી બાદ ભાજપ ધારાસભ્ય કમલ પટેલે મંત્રી પદના શપથ લીધા. કમલ પટેલ હરદાથી ધારાસભ્ય છે. આ પૂર્વ સીએમ ઉમા ભારતીના નજીકના છે. તેમની સાથે જ સિંધિયા ગ્રૂપના ગોવિંદ સિંહ રાજપૂતે પણ મંત્રી પદના શપથ લીધા છે. ગોવિંદ સિંહ રાજપૂત કમલનાથની સરકારમાં પરિવહન મંત્રી રહ્યા છે.

માનપુરથી પાંચ વખત ધારાસભ્ય રહેલા મીન સિંહે પણ મંત્રી પદના શપથ લીધા છે. ભાજપે જે ટાસ્ક ફોર્સ બનાવી હતી તેમાં પણ મીના સિંહ સામેલ હતા. પાર્ટીનો આદિવાસી ચહેરો છે. કહેવાય છે કે પ્રદેશ અધ્યક્ષ વીડી શર્માના નજીકના છે.

ટીમ શિવરાજમાં આ વખતે સંપૂર્ણપણે દિલ્હીનું ચાલ્યું. રાષ્ટ્રીય અધ્યક્ષ જેપી નડ્ડાની મ્હોર બાદ જ કેબિનેટનું વિસ્તરણ થયું. છેલ્લાં સમયે ભાજપના બે મોટા નેતાઓનું નામ ચાલી રહ્યું હતું, તેમાં પૂર્વ નેતા પ્રતિપક્ષ ગોપાલ ભાર્ગવ અને પૂર્વ ગૃહમંત્રી ભુપેન્દ્ર સિંહ સામેલ છે. બાદમાં દિલ્હીએ સ્પષ્ટતા કરી દીધી કે અત્યારે ટીમ નાની જ રહેશે. ભુપેન્દ્ર સિંહ તો શપથ માટે ભોપાલ પહોંચી ગયા હતા. પાર્ટીમાંથી લીલીઝંડી મળી નહીં તો પાછા સાગર જતા રહ્યા.

આ મંત્રીઓએ લીધા શપથ

નરોત્તમ મિશ્રા
કમલ પટેલ
મીના સિંહ
તુલસીરામ સિલાવટ
ગોવિંદ સિંહ રાજપૂત

શેરબજારમાં કડાકો: સેન્સેક્સ ૧૦૦૦ અંક માઈનસ

મુંબઈ

ભારતીય શેરબજારોમાં આજે ભારે મંદી જોવા મળી હતી. સેન્સેક્સ ૧૦૧૧ અંક ઘટી ૩૦૬૩૬ પર બંધ થયો હતો. જ્યારે નિફ્ટી ૨૮૦.૪ અંક ઘટીને ૮૯૮૧ પર બંધ થયો હતો. કારોબારના અંતે ઈન્ડસઈન્ડ બેંક, બજાજ ફાઈનાન્સ, આઈસીઆઈસીઆઈ બેંક, એક્સિસ બેંક અને ટાટા મોટર્સના શેર ઘટીને બંધ રહ્યાં હતા. જ્યારે ભારતી એરટેલ, હીરો મોટોકોર્પ, રિલાયન્સ અને નેસ્લેના શેર વધીને બંધ રહ્યાં હતા. સોમવારે ભારતીય બજાર સામાન્ય વધારા સાથે બંધ થયા હતા, જોકે અમેરિકા અને ચીનના બજારમાં ઘટાડો રહ્યો હતો. અમેરિકાનું બજાર ડાઉ જોન્સ ૨.૪૪ ટકા ઘટાડા સાથે ૫૯૨.૦૫ અંક ઘટીને ૨૩,૬૫૦.૪૦ પર બંધ થયા હતા. જ્યારે અમેરિકાનું બીજુ બજાર નેસ્ડેક ૧.૦૩ ટકા ઘટાડા સાથે ૮૯.૪૧ અંક નીચે ૮,૫૬૦.૭૩ પર બંધ થયું હતું. બીજી તરફ એસએન્ડપી ૧.૭૯ ટકા ઘટાડા સાથે ૫૧.૪૦ અંક ઘટીને ૨,૮૨૩.૧૬ પર બંધ થયું હતું. ચીનનો શંઘાઈ કમ્પોઝિટ ૦.૯૬ ટકા ઘટાડા સાથે ૨૭.૩૮ અંક ઘટીને ૨,૮૨૫.૧૭ પર બંધ થયો હતો. જોકે ફ્રાન્સ, ઈટલી, જર્મની, કેનેડાના બજારમાં પણ વધારો જોવા મળ્યો હતો.

પાલઘરમાં સાધુઓની હત્યા પર રવિના ટંડન સહીત બોલિવૂડ સેલેબ્સે પોલીસની ભૂમિકા પર ઉઠાવ્યા સવાલ



મુંબઈ

મહારાષ્ટ્રમાં પાલઘરમાં બે સાધુઓની તેમજ ત્રણ લોકોની ભીડ દ્વારા કરપીણ હત્યા કરી દેવામાં આવતા સમગ્ર દેશમાં આક્રોશ જોવા મળી રહ્યો છે. સોશિયલ મીડિયા લોકો આ મામલે ગુસ્સો વ્યક્ત કરી રહ્યા છે. બોલિવૂડ આ મામલે લાલ ઘુમ થયુ છે. જેવદ અખ્તર અને અનુપમ ખેર આ મામલે નિંદા કરી ચુક્યા છે અને સંપૂર્ણ મામલાને વખોડી ચુક્યા છે. હવે અભિનેત્રી રવીના ટંડને પાલઘરની આ ઘટના પર પ્રિતિક્રિયા આપી છે.

રવિના ટંડન આ ઘટનાથી ખૂબ જ દુખી થઈ છે. રવીનાએ ટ્વીટ કરીને પોતાનો જવાબ આપ્યો છે. રવિનાએ લખ્યું છે કે, 'ટીવી પર વડિલ સાધુની હત્યાના દ્રશ્યો ખૂબ જ પરેશાન કરી દે તેવા છે. શંકાના આધારે તેને નિર્દયતાથી માર મારવામાં આવ્યો હતો. આ ખૂબ જ પરેશાન કરી દે તેવી ઘટના છે. પોલીસ ત્યાં શું કરી રહી હતી? શું ત્યાં કોઈ આ ઘટનાને રોકે તેવુ ન હતુ? એક માણસની કેવી રીતે ક્રુરતા પૂર્વક હત્યા કરવામાં આવે? રવિ કિશને પણ પોતાના ટ્વિટર પર આ ઘટનાની આકરી નિંદા કરી છે. તેમણે આ ઘટના અંગે ટ્વીટ કરીને પોલીસ પર નિશાન સાધ્યું છે. અભિનેતાએ લખ્યું – 'સનાતન ધર્મના સાધુઓનું આખું જીવન પરોપકારમાં ગયુ અને તેમને આ રીતે મૃત્યુ મળ્યુ. શું પોલીસ મૌન દર્શક બની તમાસો જોતી રહી?

સોનાક્ષી સિન્હાએ પોતાના ટ્વિટમાં લખ્યું કે, 'પાલઘર મોબ લિંચિંગ માનવતાને ખૂબ જ ખરાબ હાલતમાં દર્શાવે છે. કોઈનું જીવન સમાપ્ત કરવું તે ખૂબ જ ડરામણી બાબત છે, તે ધર્મ અને વ્યવસાયની સાથે સરખાવી કરવામાં આવે છે. આવા સમયમાં આપણે બીજાની મદદ કરવી જોઈએ, લડવું જોઈએ નહીં. આશા છે કે ન્યાય મળશે.

મોદી સરકારનાં નેતૃત્વ હેઠળ દેશમાં કોઈની પણ સાથે નથી કરાઈ રહ્યો ભેદભાવ: નકવી

ન્યુ દિલ્હી

કેન્દ્રીય લઘુમતી બાબતોનાં પ્રધાન મુખ્તાર અબ્બાસ નકવીએ મંગળવારે કહ્યું હતું કે, દેશમાં લઘુમતી સમુદાયો સહિતનાં તમામ વર્ગોનાં અધિકાર સુરક્ષિત છે, પરંતુ કેટલાક લોકો પ્રચાર અને બનાવટી સમાચાર દ્વારા દેશની એકતાની વિરુદ્ધ કાવતરું ઘડી રહ્યા છે. તેમણે એમ પણ કહ્યું હતું કે વડા પ્રધાન નરેન્દ્ર મોદીનાં નેતૃત્વ હેઠળ તમામ વર્ગો વિકાસશીલ છે અને કોઈની સાથે ભેદભાવ કરવામાં આવી રહ્યો નથી.

મંત્રીએ આ નિવેદન એવા સમયે આપ્યુ છે જ્યારે ઓર્ગેનાઈઝેશન ઈસ્લામિક દેશોનું સંગઠન ઓઆઈસીએ ભારતમાં કથિત "ઈસ્લામોફોબીયા" ની ટીકા કરી છે. નકવીએ પત્રકારોને કહ્યું, "એક વાત સ્પષ્ટ છે, બિનસાંપ્રદાયિકતા અને સંવાદિતા ફેશન નથી, પરંતુ ભારતીયો પ્રત્યેનો જુસ્સો છે." આ આપણા દેશની તાકાત છે. આ શક્તિએ દેશનાં લઘુમતીઓ સહિતનાં તમામ લોકોનાં ધાર્મિક અને સામાજિક અધિકારોનું રક્ષણ કર્યું છે.

૧૨ વર્ષની બાળકી ત્રણ દિવસ સુધી ૧૦૦ કિમી ચાલી, અંતે પોતાના ઘરે પહોંચે તે પહેલાં જ મોત

બીઝાપુર

લોકડાઉનના કારણે દેશભરમાં ઘણા લોકોનો રોજગાર છીનવાઈ ગયો છે. મોટા શહેરોમાંથી લોકો પોતાનના ઘરે પરત આવવા ઈચ્છે છે, કારણ કે ત્યા બે ટંકનું ખાવાનું મળી રહે. આજ અપેક્ષામાં તેલંગાણાના પેરુર ગામથી ૧૨ વર્ષની માસૂમ પગપાળા છત્તીસગઢના બીઝાપુર જિલ્લાના આદેડ ગામ આવવા માટે રવાના થઈ. રસ્તામાં તબીયત બગડી, છતા પણ તે ત્રણ દિવસ સુધી ૧૦૦ કિમી ચાલી. પોતાના ગામથી માત્ર ૧૪ કિમી દૂર હતી ત્યાં જ તેનું મોત થયું હતું. તેની સાથે ગામના અન્ય ૧૧ લોકો પણ હતા.જંગલના રસ્તા ચાલતા હોવાથી તેને કોઈ સારવાર મળી શકી નહીં. સાથે રહેલા લોકોએ જણાવ્યું હતું કે બાળકીના પેટમાં દુખાવો થતો હતો. બીઝાપુરના આદેડ ગામની જમલો મડકમ પોતાના ગામના કેટલાક લોકો સાથે કામની શોધમાં બે મહિના પહેલા તેલંગાણાના પેરુર ગામમાં ગઈ હતી. ત્યા તેને મરચા તોડવાનું કામ મળ્યું હતું. લોકડાઉનના કારણે કામ બંધ થઈ ગયું. ગમે તેમ કરી જમવાની વ્યવસ્થા કરી, તેણે અમુક દિવસો તો ત્યાંજ પસાર કર્યા. પરંતુ લોકડાઉન લાંબુ ચાલતા તેને ખાવાની સમસ્યા ઊભી થઈ. આથી ૧૬ એપ્રિલના રોજ જમલો તેના ગામના અન્ય ૧૧ લોકો સાથે તેલંગાણાથી બીઝાપુર પગપાળા આવવા નિકળી પડ્યા. બીજા દિવસે જમલાની તબીયત બગડી ૧૮ એપ્રિલે આ લોકો ૧૦૦ કિમી ચાલીને મોદકપાલ વિસ્તારના ભંડારપાલ ગામ પહોચ્યા હતા, ત્યારે જમલોનું મોત થઈ ગયું હતું. જમલો તેના માતા-પિતાનું એક માત્ર સંતાન હતું.

REVOLUATION-E-GUJARAT

ગુજરાતમમાં ઠેરઠેર વંચાતું ભરૂચ - સુરતથી પ્રસિદ્ધ થતું એકમાત્ર અખબાર

જંગ-એ-ગુજરાત

અખબાર (સા.)

R.N.I. NO. GUJ.GUJ.2004/15636
Gujarat Govt.acorr.no WE0335001
ISO:9001-2015 : 1718Q27021115

13, Pritamnagar Society, No. 1, Kasak, Bharuch
Office : 9904733000, 9978406923
Surat Office : 7574888861
Email : jung_e_gujarat@yahoo.com
Web Site : www.jungejugarat.in

હાલની કપરી પરિસ્થિતિમાં અન્ન દાન એક શ્રેષ્ઠ દાન છે માટે હું ધનંજય ઝવેરી તંત્રી જંગ એ ગુજરાત અખબાર આપ સૌ ને અમારા તરફથી શરૂ થયેલ આ અન્નદાન ના મહાયજ્ઞ માં આપનો સહકાર જરૂરી છે તો સહભાગી બનવા વિનંતી

ફોનપે/ ગુગલપે નંબર ૯૮૨૫૩૧૮૨૨૫

Dhananjay U. Zaveri
Act No. 10373843634
State Bank of India
Ifsc code SBIN0009164
Pritam nagar Branch, Bharuch 392002

આપનો વિશ્વાસુ
(ધનંજય ઝવેરી)
ના સ્નેહ વંદન

Surat Office : 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, Surat.

પ્રયાગરાજમાં ૧૯ જમાતી અને યુનિવર્સિટીના પ્રોફેસર સહિત ૩૦ લોકોની ધરપકડ

પ્રયાગરાજ

ઉત્તરપ્રદેશ સરકાર અને પોલીસ વિભાગ દ્વારા વારંવાર કર્યા છતાં ઘણા જમાતી હજુ પણ રાજ્યમાં વિવિધ જગ્યાએ છુપાયા છે. આવી જ જમાતીઓ છુપાયા હોવાની માહિતી પ્રયાજરાજ પોલીસને મળી હતી. પોલીસે સોમવારે મોડી રાત્રે દરોડા પાડી ૩૦ લોકોની ધરપકડ કરી છે. જાણવા મળી રહ્યું છે કે ધરપકડ કરાયેલા ૩૦ લોકોમાં ૧૯ જમાતી છે જેમાં ૧૬ વિદેશી જમાતી છે. પોલીસે જે લોકોને પકડ્યા છે, તેમાં એક અલ્હાબાદ યુનિવર્સિટીના પ્રોફેસર પણ સામેલ છે.

પોલીસે જણાવ્યું કે, દિલ્હીના નિઝામુદ્દીન મરકઝના તબલિગી જમાતમાં સામેલ થયા બાદ ઘણઆ જમાતી પ્રયાગરાજ આવ્યા હતા. ઘણઆ જમાતી થાઈલેન્ડ અને ઈન્ડોનેશિયાના નાગરિક ટૂરિસ્ટ વિઝા પર દિલ્હી આવ્યા હતા અને ત્યાંથી પ્રયાગરાજ આવ્યા હતા. પ્રદેશ સરકારે કડક આદેશ આપ્યો હતો કે જે પણ જમાતી રાજ્યમાં છે તે સામે આવી, પરંતુ આ જમાતી જિલ્લામાં છુપાયેલા હતા.

પોલીસના ગુપ્ત સૂત્રોએ જાણકારી આપી છે કે શિવકુટીના રસૂલાબાદમાં રહેનાર અલ્હાબાદ યુનિવર્સિટીના રાજનીતિ વિજ્ઞાન વિભાગના પ્રોફેસર શાહિદ દિલ્હીના મરકઝમાં થયેલી તબલિગી જમાતમાં સામેલ થયા હતા. ત્યાં ગયા બાદ તે ચુપચાપ શહેરમાં આવી હયા પરંતુ પોલીસ કે તંત્રને તેની જાણકારી આપી નથી.

પાકિસ્તાનની નફ્ફટાઈ: ૪ હજાર આતંકીઓના નામ વૉચ લિસ્ટમાંથી હટાવ્યા

ઈસ્લામાબાદ

દુનિયાના તમામ દેશો કોરોના સામે લડાઈ લડી રહ્યા છે ત્યારે પાકિસ્તાને ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સના ગ્રે લિસ્ટમાંથી પોતાનુ નામ હટાવવા માટે મોટી ચાલ ચાલી છે.

પાકિસ્તાને છેલ્લા ૧૮ મહિનામાં વોચ લિસ્ટમાં મુકાયા હોય તેવા ૪૦૦૦ જેટલા આંતકીઓના નામ હટાવી દીધા છે. આ હરકત પાકિસ્તાને જુન મહિનામાં યોજાનારી ટાસ્ક ફોર્સની બેઠક પહેલા કરી છે. ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સ દ્વારા પાકિસ્તાનને ૨૭ મુદ્દાઓ પર એક્શન લેવા માટે જુન મહિના સુધીનો સમય અપાયો છે.

અમેરિકન અખબારના અહેવાલ પ્રમાણે વોચ લિસ્ટમાં ૭૬૦૦ નામ હતા પણ ૧૮ મહિનામાં આ નામની સંખ્યા ઘટીને ૩૮૦૦ જેટલી રહી ગઈ છે. આ નામો કેમ હટાવાયા તે અંગે હજી સુધી ઈમરાન સરકારે કોઈ ફોડ પાડ્યો નથી. જોકે એક પાક અધિકારીએ કહ્યુ છે કે, આ આતંકવાદ સામેના અભિયાનનો હિસ્સો છે. બીજી તરફ અમેરિકન નિષ્ણાતોનુ કહેવુ છે કે, જે રીતે મોટી સંખ્યામાં નામો હટાવાયા છે તે એક અસાધારણ કહી શકાય તેવી ઘટના છે. આંતરરાષ્ટ્રિય નિયમ એવુ કહે છે કે, જો વોચ લિસ્ટમાંથી આંતકીનુ નામ હટાવાય તો તેની જાણકારી આપવાની રહે છે. પાકિસ્તાને નામ હટાવતી વખતે આવી જાણકારી આપી નથી.

પાકિસ્તાનના ગૃહ મંત્રાલયના એક અધિકારીના મતે લિસ્ટમાં જે નામ સમાવાયા હતા તેમાં ગરબડ હતી. કેટલાકના મોત થઈ ગયા હતા પણ તેમના નામ લિસ્ટમાં હતા. કેટલાક અપરાધી એવા હતા જેઓ કોઈ આંતકી સંગઠન સાથે જોડાયેલા નથી. એવુ મનાય છે કે, ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સના બ્લેક લિસ્ટમાંથી બચવા માટે પાકિસ્તાને આ નામ હટાવી દીધા છે. આ પહેલા ફેબ્રુઆરીમાં ફાઈનાન્સિયલ એક્શન ટાસ્ક ફોર્સે કહ્યુ હતુ કે, ૨૭ મુદ્દાઓમાંથી ૧૩ મુદ્દા એવા છે જેના પર પાકિસ્તાન હજી સુધી કોઈ કાર્યવાહી કરી શક્યુ નથી.

રાજસ્થાન સરકારે કિટમાં ખામી નીકળતા કોરોનાના એન્ટીબોડી રેપિડ ટેસ્ટ રોક્યા

જયપુર

દેશમાં કોરોના વાયરસના દર્દીઓની ચકાસણી માટે શરુ કરાયેલા રેપિડ ટેસ્ટિંગને પ્રારંભિક તબક્કામાં જ ગ્રહણ લાગ્યુ છે.

રાજસ્થાન સરકારે એન્ટી બોડી રેપિડ ટેસ્ટિંગ રોકી દીધુ છે. રાજ્યના સ્વાસ્થ્ય મંત્રી રઘુ શર્માનુ કહેવુ છે કે, આ કિટથી ખોટા રિઝલ્ટ આવી રહ્યા છે. અમારી તરફથી ટેસ્ટિંગની પ્રક્રિયાનુ પાલન કરવામાં કોઈ ભૂલ થઈ નથી. આ બાબતે અમે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચને જાણકારી આપી છે. તેમના તરફથી જ આ કિટો પૂરી પાડવામાં આવી છે.

રાજસ્થાન સરકારના આ નિર્ણય બાદ કિટની વિશ્વસનિયતા પર સવાલ ઉઠ્યા છે. સવાઈ માનસિંહ હોસ્પિટલમાં ભરતી ૧૦૦ પેશન્ટની તેના દ્વારા ચકાસણી કરાયા બાદ જાહેર થયેલા રિઝલ્ટમાં માત્ર ૫ પેશન્ટ પોઝિટિવ આવ્યા હતા. આમ આ કિટ માત્ર પાંચ ટકા સફળતા મેળવી શકીછે.

ડોક્ટરોએ કહ્યુ છે કે, બીજા લોટમાં આવેલી કિટની પણ ચકાસણી થઈ રહી છે. જો બીજા લોટમાં પણ કિટમાં ખામી હશે તો રેપિટ ટેસ્ટ કિટ પાછી મોકલી દેવાશે. આ કિટ દ્વારા ટેસ્ટિંગ માટે માત્ર ૬૦૦ રુપિયા ખર્ચ આવે છે.

રેપિડ ટેસ્ટિંગ શરુ કરનાર રાજસ્થાન પહેલુ રાજય બન્યુ છે. આ રાજ્યમાં સોમવારે ૨૦૦૦ લોકોના આ કિટથી ટેસ્ટ કરવામાં આવ્યા હતા.

મધ્ય પ્રદેશમાં વધુ એક પોલીસ અધિકારીનું કોરોના વાયરસને કારણે મોત

ભોપાલ

મધ્ય પ્રદેશના ઉજ્જૈનમાં નીલગંગા પોલીસ સ્ટેશનના ટીઆઈ યશવંત પાલનું કોરોનના સંક્રમણની સરવાર દરમિયાન મંગળવારે નિધન થઈ ગયું છે. તેઓ વીતેલા ૧૨ દિવસથી હોસ્પિટલમાં દાખલ હતા. અગાઉ બે દિવસ પહેલા ઈન્દૌરના એક પોલીસ અધિકારી દેવેન્દ્ર કુમાર ચન્દ્રવંશીનું નિધન થઈ ગયું હતું.

યશવંત પાલના નિધાન બાદ મધ્ય પ્રદેશના મુખ્યમંત્રી શિવરાજ સિંહ ચૌહાણે શોક વ્યક્ત કર્યો છે. તેમણે જણાવ્યું કે, આ દુ:ખના સમયમાં યશવંત પાલજીના પરિવાર સાથે સમગ્ર દેશ છે. તેમના પરિવારને રાજય સરકાર તરફથી સુરક્ષા કવચ તરીકે ૫૦ લાખ રૂપિયા, અસમાન્ય પેન્શન, પુત્રી ફાલ્ગુનીને ઉપનિરીક્ષક પદ પર નિમણૂંક અને સ્વ. પાલને મરણોપરાંત કર્મવીર પદકથી સન્માનિત કરવામાં આવશે.

ઈન્દૌરના મુખ્ય આરોગ્ય અને તબીબી અધિકારીએ મંગળવારે જણાવ્યું કે, યશવંત પાલનો કોરોના વાયરસનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો અને અહિંયા તેમની સારવાર ચાલી રહી હતી. આજે સવારે તેમનું નિધન થઈ ગયું હતું. જણાવવામાં આવી રહ્યું છે કે પાલ અંબર કોલોનીમાં તહેનાત હતા. આ ક્ષેત્રમાં એક વ્યક્તિનું કોરોનાને કારણે મોત થઈ ગયું હતું.

ઈતિહાસમાં પહેલીવાર તારીખ આગળ વધી

૧૪એ કેદારનાથ અને ૧૫ મેથી ખુલશે બદ્રીનાથધામનાં કપાટ

દહેરાદૂન

ઉત્તરાખંડમાં કેદારનાથ મંદિરના દરવાજા આ વખતે ૧૪ મેના રોજ ખોલવામાં આવશે. આ સાથે બદ્રીનાથ મંદિરના દરવાજા ૧૫ મેના રોજ સવારે ૪ વાગ્યે ખુલશે. ઉત્તરાખંડના સંસ્કૃતિ મંત્રી સતપાલ મહારાજે દેહરાદૂનમાં આની જાહેરાત કરી હતી. તેમણે માહિતી આપી હતી કે ટિહરીના મહારાજાએ તેમને દેશની વર્તમાન પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને બંને યાત્રાધામો ખોલવાના નિર્ણયની સૂચના તેમને આપી છે.

ઈતિહાસમાં પહેલીવાર એવું થઈ રહ્યુ છેકે, કેદારનાથ અને બદ્રીનાથ મંદિરના દરવાજા મોડા ખોલવામાં આવશે. આ નિર્ણય કોરોનાવાયરસ અને લોકડાઉનની સ્થિતિને ધ્યાનમાં રાખીને લેવામાં આવ્યો છે.આ પહેલાં કપાટ ખોલવાની તારીખ મહાશિવરાત્રીના પવિત્ર તહેવાર નક્કી કરવામાં આવી હતી. આ વખતે પણ મહાશિવરાત્રીના દિવસે બંને તીર્થસ્થાનોના દરવાજા ખોલવાની તારીખ નક્કી થવાની હતી. ઉલ્લેખનીય છે કે, કેદારનાથજીનાં ગાદી સ્થળ ઓમકારેશ્વર મંદિર, ઉખીમઠમાં કેદારનાથનાં રાવલ ભીમાશંકર શિવલિંગ, સ્થાનિક દસ્તૂરદાર અને વેદપાઠી ગણોની હાજરીમાં પંચાગ ગણતરી મુજબ મંદિરના કપાટ ખોલવાની પરંપરા રહી છે.

કોરોના વોરિયર્સને ૫૦ લાખ રૂપિયા આપવાની પણ જાહેરાત કરી

ઓડિશા સરકાર કોરોના વોરિયર્સને શહિદનો દરજ્જો આપશે

ભૂવનેશ્વર


કોરોના વાયરસની વિરુદ્ધ લડત લડી રહેલા કોરોના યોદ્ધાઓ, ખાસ કરીને ડોક્ટર્સ અને તમામ સ્વાસ્થ્યકર્મીઓને લઈને ઓડિશા સરકારે મોટો નિર્ણય લીધો છે. ઓડિશાના મુખ્યમંત્રી નવીન પટનાયકે જાહેરાત કરી છે કે જો કોરોના વાયરસ મહામારીની સામે લડી રહેલા કોરોના વાયર્સનું મોત થાય છે તો તેમને શહીદનો દરજ્જો આપવામાં આવશે અને રાજકીય સન્માન સાથે તેમનું અંતિમ સંસ્કાર કરાશે.

નવીન પટનાયકે જણાવ્યું હતું કે, ભારત સરકારની પહેલની સાથે રાજ્ય સરકાર એ સુનિશ્ચિત કરશે કે તમામ સ્વાસ્થ્યકર્મીઓ અને અન્ય તમામ આવશ્યક સેવાઓના સભ્યોને ૫૦ લાખ રૂપિયા આપવામાં આવેશ જે કોરોના સામેની લડાઈમાં જીવ ગુમાવે છે.

મુખ્યમંત્રી નવીન પટનાયકે વધુમાં જણાવ્યું હતું કે, જે સ્વાસ્થ્યકર્મીઓના મોત થાય છે રાજ્ય સરકાર તેમને શહીદ માનશે અને રાજકીય સન્માનની સાથે તમામનું અંતિમ સંસ્કાર કરવામાં આવશે. એટલું જ નહીં તેમના બલિદાનને ધ્યાનમાં રાખીને એક એવોર્ડનું ગઠનની પણ વિસ્તૃત યોજના છે. આ પુરસ્કારને રાષ્ટ્રીય દિવસ પર આપવામાં આવશે. સ્વાસ્થ્યકર્મીઓની વિરુદ્ધ કોઈપણ કૃત્ય કરવામાં આવશે તો તે રાજ્યની વિરુદ્ધનું કાર્ય છે. જો કોઈ તેમના કાર્યમાં ખલેલ પહોંચાડશે તે તેની વિરુદ્ધ કડક કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે.

અમેરિકા, ઈટાલી, સ્પેન બાદ ફ્રાંસમાં સૌથી વધુ મોત

ફ્રાંસમાં કોરોના વાયરસથી ૨૦ હજારના મોતઃ મૃત્યુઆંકમાં ચોથા નંબરે



પેરિસ

કોરોના વાયરસનો પ્રકોપ સમગ્ર દુનિયામાં સતત વધી રહ્યો છે. દુનિયાભરમાં સંક્રમણના કારણે ૧.૬૬ લાખ કરતાં વધારે લોકોના મોત થઈ ચૂક્યા છે. હવે ફ્રાંસમાં પણ કોરોનાનાં કારણે મૃત્યુ પામનારનો આંકડો સોમવારે ૨૦ હજારને પાર પહોંચી ગયો હતો.

ફ્રાંસમાં સોમવારે કોરોના વાયરસના સંક્રમણના કારણે ૫૪૭ લોકોના મોત થયા હતા. આ સાથે જ ફ્રાંસે જાહેરાત કરી હતી કે, દેશભરમાં આ વાયરસના કારણે ૨૦ હજાર કરતાં વધારે લોકોના મોત થયા છે. મુખ્ય સ્વાસ્થ્ય અધિકારી જેરોમ સાલોમોને તેમ પણ કહ્યું કે, દેશમાં અત્યારસુધીમાં કોવિડ ૧૯ના ૨૦,૨૬૫ દર્દીઓના મોત થયા છે.

અમેરિકા, ઈટાલી અને સ્પેન બાદ ફ્રાંસ ચોથો એવો દેશ છે જ્યાં કોરોનાનાં સંક્રમણના કારણે ૨૦ હજારથી વધુ દર્દીઓના મોત થયા છે. દુનિયામાં અમેરિકા જીવલેણ બીમારીથી સૌથી વધારે પ્રભાવિત છે, જ્યાં દર્દીઓનો મૃત્યુઆંક ૪૦,૬૮૩ છે. ઈટાલીમાં ૨૩,૬૬૦ તો સ્પેનમાં ૨૦,૮૫૨ લોકોના મોત થયા છે.

યૂરોપમાં કોરોના વાયરસ જબરદસ્ત કહેર વરસાવી રહ્યો છે. જ્યાં અત્યારસુધીમાં ૧૧,૮૩,૩૦૭ લોકો સંક્રમિત થયા છે જેમાંથી ૧,૦૪,૦૨૮ દર્દીઓના મોત થયા છે. બ્રિટનમાં ૧૬,૦૬૦ લોકો વાયરસના કારણે મૃત્યુ પામ્યા છે અને કુલ ૧,૨૦,૦૬૭ લોકો સંક્રમિત છે.

આપણે આ આપદાને રોકવી પડશે, ઘણા બધા લોકો આ વાયરસને સમજી શક્યા નથી

કોરોના વાયરસનું વધુ ભયંકર રૂપ તો હવે જોવા મળશે: WHOની ચેતવણી

જિનિવા

વિશ્વ સ્વાસ્થ્ય સંગઠનના પ્રમુખ ટેડ્રોસ અદનોમ ઘેબરેસસે ચેતવણી આપી છે કે કોરોના વાયરસના પ્રકોપનો સૌથી ખરાબ સમય હજુ આવવાનો બાકી છે. કેટલાંય દેશ જે રીતે પ્રતિબંધાત્મક ઉપાયોમાં ઢીલ આપી રહ્યા છે ત્યારે મહામારી નવી ખતરાની ઘંટડી વગાડી રહ્યું છે. પત્રકારો સાથે વાત કરતાં તેમણે કહ્યું કે અમારા પર વિશ્વાસ કરો. સૌથી ખરાબ સમય આવવાનો બાકી છે. આપણે આ આપદાને રોકવી પડશે. ઘણા બધા લોકો આ વાયરસને હજુ સુધી સમજી શકયા નથી.

વિશ્વ આરોગ્ય સંસ્થાના મહાનિર્દેશકે એ સ્પષ્ટતા કરી નથી કે તેઓ કેમ માને છે કે ૧૬૬૦૦૦થી વધુ લોકોના મોત બાદ પણ આનાથી વધુ બદતર સ્થિતિ થઈ શકે છે. જો કે કેટલાંય લોકોએ આફ્રિકાના માધ્યમથી બીમારીના સંભવિત પ્રસારની તરફ ઈશારો કર્યો છે, જ્યાં સ્વાસ્થ્ય પ્રણાલીઓ ખૂબ જ ઓછી વિસકિત છે. ઘેબરેસસે કહ્યું કે લોકડાઉન પ્રતિબંધોને હટાવવો મહામારીનો અંત નથી. પરંતુ આ પહેલાં તબક્કાની શરૂઆત છે. મહામારી સામે મુકાબલો નેકસ્ટ તબક્કાની ગંભીરતા પર જોર આપતા તેમણે કહ્યું કે દેશોને વાયરસને રોકવા માટે પોતાના નાગરિકોને શિક્ષિત, પ્રોત્સાહિત અને સશકત કરવા પડશે.

વાયરસના સંક્રમણને લઈને પણ સચેત રહેવાની જરૂર છે. ટેડ્રોસે કહ્યું રવિવારના રોજ જી-૨૦ ગ્રપના સ્વાસ્થ્ય મંત્રીઓની સાથે વર્ચ્યુઅલ બેઠકમાં કહ્યું કે અમે એ વાતને લઈ ઉત્સાહિત છીએ કે જી-૨૦ના કેટલાંય દેશ સામાજિક પ્રતિબંધોમાં ઢીલ આપવા પર વિચાર કરી રહ્યા છે, પરંતુ મહત્વપૂર્ણ છે કે આ પ્રક્રિયા તબક્કાવાર થાય.

તેમણે એ વાતને લઈ ખૂબ ચિંતા વ્યકત કરી કે કોરોના વાયરસ હવે એ દેશોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે જેની પાસે મહામારીને ઉકેલવા માટે જી-૨૦ ગ્રૂપના કેટલાંય દેશો જેવી ક્ષમતા નથી. ટેડ્રોસે સ્વાસ્થ્ય મંત્રીઓને કહ્યું કે કોરોના મહામારીને ઉકેલવામાં એવા દેશોને માત્ર તાત્કાલિક સહાયતા કરવાની જ જરૂર નથી પરંતુ અન્ય સ્વાસ્થ્ય સર્વિસીસ પણ સુનિશ્ચિત કરાવાની જરૂર છે. તેમણે મહામારી સામે મુકાબલા માટે ડબ્લ્યુએચઓને ૫૦ કરોડ ડોલર (અંદાજે ૩૮૦૦ કરોડ રૂપિયા)ની આર્થિક સહાયતા આપવા પર સાઉદી અરબનો આભાર માન્યો.

આખરે આ દેશના ગરીબો ક્યારે જાગશે?

રાહુલ ગાંધીએ ચોખામાંથી સેનેટાઈઝરને મંજૂરી આપવાના કેન્દ્રના નિર્ણયને વખોડ્યો

ન્યુ દિલ્હી

કોંગ્રેસના સાંસદ રાહલુ ગાંધીએ મંગળવારે ચોખામાંથી સેનેટાઈઝર બનાવવા મંજૂરી બદલ કેન્દ્ર સરકારને આડેહાથ લીધી હતી. તેમણે દેશના ગરીબ લોકોને પણ ઉદ્દેશીને કહ્યું હતું કે આખરે તમે લોકો ક્યારે જાગશો.

રાહુલ ગાંધીએ કેન્દ્રની ટીકા કરતા કહ્યું કે એકતરફ દેશમાં ભૂખમરાથી લોકોના મોત થઈ રહ્યા છે ત્યારે જ સરકારે ચોખામાંથી સેનેટાઈઝર બનાવવાની મંજૂરી આપી છે. દેશના ગરીબો ક્યારે જાગશો? તમે ભૂખથી મરી રહ્યા છો અને તમારા હિસ્સાના ચોખાથી આ લોકો ધનવાનોના હાથ ધોવા માટેનું સેનિટાઈઝર બનાવવામાં વ્યસ્ત છે. રાહુલ ગાંધીએ હિન્દીમાં ટ્વીટ કરીને કેન્દ્રના આ નિર્ણયની ઝાટકણી કાઢી હતી. આ ટ્વીટમાં રાહુલ ગાંધીએ એ અહેવાલને પણ ટાંક્યો છે જેમાં જણાવાયું છે કે કેન્દ્ર વધારાના ચોખાનો જથ્થ સેનેટાઈઝર બનાવવાના ઉપયોગમાં ફાળવવા મંજૂરી આપી છે. કેન્દ્ર સરકારે સોમવારે એફસીઆઈ પાસે રહેલા વધારાના ચોખાને સેનેટાઈઝર બનાવવા માટે મંજૂરી આપવાનો નિર્ણય લીધો હતો. ચોખાને ઈથેનોલમાં પરિવર્તિત કરીને આલ્કોહોલ આધારિત હેન્ડ સેનેટાઈઝરનું ઉત્પાદન કરવા આ મંજૂરી આપવામાં આવી હતી. નેશનલ બાયોફ્યુઅલ કોઓર્ડિનેશન કમિટીની બેઠકમાં આ નિર્ણય લેવાયો હતો.

તબલીગી જમાત વિરૂદ્ધના ટ્વિટ પર ભડકી UAEની રાજકુમારી

અમારા દેશમાં ભેદભાવને કોઈ જ સ્થાન નથીઃ ભારત

મુંબઈ

ભારતમાં તબલીગી જમાતના સભ્યો દ્વારા ડોક્ટરો અને હેલ્થ સ્ટાફ પર હુમલા કરવા અને નર્સો સાથે અભદ્ર વ્યવહારની અનેક ઘટનાઓ સામે આવ્યા બાદ સોશિયલ મીડિયા પર લોકો પોતાનો રોષ ઠાવલી રહ્યાં છે. દુબઈના એક ભારતીયએ તબલીગી જમાત મામલે મુસલમાનો વિરૂદ્ધ વાંધાજનક ટ્વીટ કરતા યૂએઈની રાજકુમારીએ ભારે વાંધો ઉઠાવ્યો છે. રાજકુમારીએ કહ્યું છે કે, આવા લોકોને દેશમાંથી હાંકી કાઢવા જોઈએ. ભારતે પણ રાજકુમારીના ટ્વિટનો જવાબ વાળ્યો છે. ભારતે કહ્યું છે કે, અમારા દેશમાં ભેદભાવને કોઈ જ સ્થાન નથી અને આ બાબત યૂએઈમાં રહેનારા ભારતીયોએ પણ સમઝવી જોઈએ. યૂએઈમાં ભારતના રાજદ્વારી પવન કપૂરે ટ્વિટ કરીને કહ્યું છે કે, ભારત અને યૂએઈ ભેદભાવ ન કરવાના મુલ્યોનું સમર્થન કરે છે. ભેદભાવ અમારા નૈતિક તાણાવાણા અને કાયદના નિયમો વિરૂદ્ધ છે. યૂએઈમાં રહેતા ભારતીય નાગરિકોએ પણ તેનો ખ્યાલ રાખવો જોઈએ.

તેમણે પીએમઓના ટ્વિટને રીટ્વિટ કરતા આમ જણાવ્યું હતું. પીએમઓએ ટ્વિટ કર્યું હતું કે, કોરોના વાયરસ કોઈ ધર્મ, જાતિ, સંપ્રદાય, રંગ, ભાષા અને સરહદ જોઈને નથી આવતો. આપણી પ્રતિક્રિયા અને વ્યવહાર તેવો હોવો જોઈએ કે એકતા અને ભાઈચારો વધારે. અમે આ મામલે એકજુથ છીએ. દુબઈમાં રહેનારા એક ભારતીયનું ટ્વિટ વાયરલ થયું હતું જેમાં તેણે આરોપ લગાવ્યો હતો કે, ભારતમાં કોરોના વાયરસના સંકટ માટે તબલીગી જમાતના લોકો જવાબદાર છે. એણે મુસલમાનો પર પણ અનેક વાંધાજનક ટિપ્પણી કરી હતી. તેણે દાવો કર્યો હતો કે, દુબઈ જેવા શહેરને પણ હિંદુઓએ બનાવ્યું હતું.

જોકે બાદમાં તેણે પોતાનું એકાઉન્ટ ડિલીટ કરી દીધું હતું. પરંતુ યૂએઈની રાજકુમારીના ધ્યાનમાં આ ટ્વિટ આવી ગયું હતું. આ ટ્વિટ પર રાજકુમારીએ કહ્યું હતું કે, અમારો દેશ આ પ્રકારનો વ્યવહાર સાંખી નહીં લે. આ પ્રકારના લોકોને દેશ છોડીને જવાનું કહેવામાં આવી શકે છે.ઘૃણાસ્પદ સ્પીચ વિરૂદ્ધ અભિયાન ચલાવનારી રાજકુમારી હેંદ અલ કાસિમીએ લખ્યું હતું કે- ઘૃણા ફે લાવનારી વાતો નરસંહારની શરૂઆત છે. મહાત્મા ગાંધીએ એક વાર કહ્યું હતું કે, આંખના બદલામાં આંખ લેવાથી દુનિયા આંધળી થઈ જશે. આપણે આપણા લોહિયાળ ઈતિહાસમાંથી બોધપાઠ લેવો જોઈએ. આપણે એ બાબત સમજવી પડશે કે મોતથી મોદ અને પ્રેમ થી પ્રેમનો જન્મ થશે. સમૃદ્ધિની શરૂઆત પણ શાંતિથી જ થાય છે.

તંત્રી લેખ

સુરક્ષા દળ સામે પડકાર

જમ્મુકાશ્મીરમાં છેલ્લા કેટલાક દિવસથી ત્રાસવાદીઓ ફરી એકવાર માથુ ઉચકવાના પ્રયાસ કરી રહ્યા છે. જે કેટલીક બાબતોનો સંકેત આપે છે. પહેલી બાબત તો એ છે કે ત્રાસવાદીઓ તેમની હાજરી પુરવાર કરવાના પ્રયાસ કરી રહ્યા છે. સુરક્ષા દળો અને ખાસ કરીને ભારતીય સેનાએ આક્રમક વલણ અપનાવ્યા બાદ જમ્મુ કાશ્મીરમાં ત્રાસવાદીઓનો ખાતમો થયો છે. જે કેટલાક રહ્યા છે તે સ્થાનિક કટ્ટરપંથીઓની મદદથી કેટલીક વખત હાજરી પુરવાર કરવાના પ્રયાસ કરે છે. સોપોરે અને અન્ય વિસ્તારોમાં હાલમાં પાકિસ્તાને દુસાહસ કરવાના પ્રયાસ કર્યા છે. સ્થાનિક લોકો ત્રાસવાદીઓને પરોક્ષ રીતે મદદ કરી રહ્યા છે. ત્રાસવાદીઓને સ્થાનિક લોકો આશરો આપી રહ્યા છે ત્યારે તેમની સામે નવા પડકારો ઉભા થઈ ગયા છે. તોયબાના ત્રાસવાદીઓ હુમલાની યોજના કરી રહ્યા છે તેવા હેવાલ પણ મળી રહ્યા છે. જમ્મુ કાશ્મીરને ખાસ દરજ્જો આપતી કલમ ૩૭૦ની નાબુદી બાદથી ત્રાસવાદી ગતિવિધી પર બ્રેક મુકાઈ ગઈ છે. કેટલીક વખત ત્રાસવાદીઓ અને પાકિસ્તાની સેના સરહદ પર નાપાક હરકત કરે છે. જેને નિષ્ફળ કરવામાં આવી રહી છે. હકીકતમાં વસ્તીના એક મોટા હિસ્સાની વિચારધારા અને તેમના વ્યવહારનો હિસ્સો બની ચુકેલી કોઈ પણ સમસ્યાને ઉકેલી દેવા માટે તાકાતની એક મોટી ભૂમિકા હોય છે પરંતુ સાથે સાથે તેને એકમાત્ર કારણ અને વિકલ્પ તરીકે જોઈને આગળ વધવાની બાબત યોગ્ય દેખાતી નથી. આના કારણે સમસ્યા વધારે ગંભીર બની જાય છે. કઠોર વલણની સાથે સાથે સમાયાતંર વાતચીતની પ્રક્રિયા જારી રાખીને જ બળ પ્રયોગનો કોઈ અર્થ નિકળી શકે છે. કમનસીબ બાબત એ છે કે કાશ્મીરના સંબંધમાં છેલ્લા કેટલાક સમયથી વાતચીત માટેનો રસ્તો બંધ થયેલો છે. ખાસ નોંધવા લાયક બાબત એ છે કે માત્ર લશ્કરી ઓપરેશન પર આધાર રાખીને અમે અમારા લશ્કરી બળોને પણ સંકટમાં મુકી રહ્યા છીએ. વર્તમાન સ્થિતીમાં કાશ્મીરમાં સેનાના પ્રયાસો છતાં સ્થિતી વધારે સુધરી નથી. જ્યાં સુધી શાંતિપૂર્ણ માહોલમાં પંચાયતી ચૂંટણી થશે નહીં ત્યાં સુધી સ્થિતીમાં નોંધપાત્ર સુધારો થઈ શકશે નહી.સ્થિતીને સુધારી દેવા અને તમામ પ્રકારની ચેતવણી આપવામાં આવી રહી હોવા છતાં પાકિસ્તાની સેના યુદ્ધવિરામનો ભંગ કરીને સ્થિતીને ખરાબ કરવાના પ્રયાસો સતત કરી રહી છે. પાકિસ્તાનને વારંવારની ચેતવણી આપવામાં આવી હોવા છતાં પાકિસ્તાને સતત ગોળીબાર જારી રાખ્યો છે. કોરોના વાયરસના કારણે દેશમાં હાલમાં લોકડાઉનની સ્થિતી રહેલી છે. જો કે સરહદ પર આવી સ્થિતીમાં પણ ત્રાસવાદીઓ દ્વારા હરકત કરવામાં આવે છે. હાલમાં ત્રાસવાદીઓ દ્વારા કેટલીક વખત સુરક્ષા દળો પર છુપા હુમલા કરવામાં આવ્યા છે. સાથે સાથે સરહદ પર ગોળીબાર પણ કરવામાં આવ્યો છે. આના પર સુરક્ષા દળો બાજ નજર રાખીને તેમના કાવતરાને ફ્લોપ કરવાની પણ તાકીદની જરૂરીયાત છે. પરિસ્થિતીનો લાભ લેવા ત્રાસવાદીઓ પ્રયાસ કરી રહ્યા છે. લોકડાઉનના કારણે દેશમાં હાલમાં અસામાન્ય સ્થિતી રહેલી છે. આવી સ્થિતીમાં સંયમ સાથે આગળ વધવાની સુરક્ષાદળોને પણ જરૂર દેખાઈ રહી છે.

જમ્મુ કાશ્મીરમાં કટ્ટરપંથીઓ હજુ સક્રિય છે : સુરક્ષા દળ વધુ સાવધાન રહે તે જરૂરી

અમેરિકામાં ઉતાવળમાં ટેસ્ટની મંજુરી મળી છે...

ટેસ્ટ કરવામાં લેબ સક્ષમ છે

સૌથી મહત્વપૂર્ણ બાબત લેબ ટેસ્ટની રહેલી છે. સૌથી મોટો મુદ્દો લેબ ટેસ્ટનો રહેલો છે. શુ જે લેબ ટેસ્ટ કરી રહી છે તે તેને કરવામાં સક્ષમ છે. અમે તમામ લોકો સારી રીતે જાણીએ છીએ કે કોરોનાની ભયાનકતાથી તમામ દેશો ભયભીય થયેલા છે. તમામ દેશો ઉતાવળમાં પગલા લઈ રહ્યા છે. અમેરિકા જેવા દેશમાં પણ કેટલીક લેબને વહેલી તકે આ ટેસ્ટ કરવા માટે માનયતા આપવામાં આવી રહી છે. નિયમોમાં કેટલીક રાહત પણ આપવામાં આવી છે. કેટલાક રિપોર્ટમાં તો કહેવામાં આવ્યુ છે કે કોરોના ટેસ્ટમાં ઓછામાં ઓછા ૧૦ ટકાથી ૨૫ ટકા ટેસ્ટમાં ભુલ થવાની શક્યતા રહેલી છે. અર્થ એ થયો કે જેના રિપોર્ટ પોઝિટીવ આવવા જોઈએ તે નેગેટિવ હોઈ શકે છે. અલબત્ત ટેસ્ટમાં સતત સુધારો થઈ રહ્યો છે. જો કે ભુલની સંભાવના હજુ રહેલી છે. આ લેખ લખવાનો મુખ્ય ઉદેશ્ય એ છે કે વિજ્ઞાન પર પણ આંખ બંધ કરીને વિશ્વાસ કરવાની જરૂર નથી. કહેવાનો અર્થ એ નથી કે વિજ્ઞાન ખોટુ છે. કેટલીક વખત માનવીય ભુલના કારણે ભુલો થઈ જાય છે. જેથી પ્રશ્ન કરતા રહેવાની જરૂર હોય છે. સમસ્યા એછે કે ભારતમાં તો સ્વતંત્રતાથી જ વૈજ્ઞાનિક વિચારધારાના નામે વિજ્ઞાન પર પ્રશ્નને દબાવી દેવામાં આવ્યા છે. તમે ક્યારેય બંધ, લીલી ક્રાન્તિ અને પરમાણુ કેન્દ્રો સાથે સંબંધિત બાબતો પર પ્રશ્ન કરી શકો નહી. હાલમાં જ હરિત ક્રાન્તિના માઠા પરિણામને લઈને પ્રશ્ન ઉઠાવવામાં આવ્યા હતા. જો કે તેને વૈજ્ઞાનિક વિચારધારાના નામ પર દબાવી દેવામાં આવ્યા હતા. કોરોનાના સંબંધમાં એક જાગૃત નાગરિકના સંબંધમાં તેમના ટેસ્ટિંગના બરોબર મુલ્યાંકન ખુબ જરૂરી હોય છે. આ બાબત ભારત જેવા દેશ માટે વધારે મહત્વપૂર્ણ છે. જ્યા કેટલીક લેબની કામગીરી અને ત્યાં કામ કરતા લોકોની કુશળતાને લઈને પ્રશ્નો થતા રહે છે. જેથી તમામ બાબતોને ધ્યાનમાં લઈને લેબમાં કુશળતાને શક્ય તેટલી વધારી દેવામાં આવે તે ખુબ જરૂરી છે. આના પર કામ કરવાની જરૂર દેખાઈ રહી છે. વૈજ્ઞાનિક વિચારધારાને ધ્યાનમાં લઈને નવી નવી ટેકનોલોજી તબીબી ક્ષેત્રમાં પણ કુશળતા સાથે ઉપયોગ કરવાની જરૂર છે.

સરકારી સહાય જરૂરતમંદો સુધી પહોંચવામાં કેમ ભટકી પડે છે.....?

વિશ્વભરના દેશો કોરોના વાયરસને કારણે ચારે બાજુથી ખળભળી ગયા છે. કોરોના સંક્રમિતોનો આંક એક કરોડને પાર દોડી રહ્યો છે તો મૃતાક ૨ લાખને પાર થઈ ગયો છે. ત્યારે વિશ્વના દેશોને ચીન પરની કોરોના ફેલાવવા માટેની શંકા વધુ પ્રમાણમાં ઘેરી બની જોવા મળે છે....!ચીને વિશ્વના દેશોની શંકાનું નિવારણ કરવા મૃતાક ૫૦૦૦ બતાવ્યો પરંતુ વિશ્વના દેશો માનવાને તૈયાર નથી....!ચીન મૃતાક તો છુપાવે જ છે....! પરંતુ કોરોના કઈ દવાથી ખતમ કર્યો- કે વુહાન કઈ રીતે કોરોના મુક્ત બન્યું તે બાબતે કંઈ પણ કહેવા તૈયાર નથી....!આ બાબતમા મૌન ધારણ કરી લીધુ છે. ચીન વિશ્વમાં ખરડાયેલ આબરૂ બચાવવા માટે વિશ્વના દેશોને માસ્ક, વેન્ટિલેટર,પીપીઈ કીટો સહિતનો મેડિકલ માલસામાન મોકલવા ગળાડૂબ થઈ ગયો છે.... છતાં અમેરિકા, બ્રિટન સહિતના દેશોએ ચીનને ધમકી આપી દીધી છે કે જો ચીનથી વાયરસ ફેલાયો હશે તો તેના પરિણામ ભોગવવા જ પડશે. બીજી તરફ વિશ્વના અમેરિકા સહિતના અનેક દેશોમાં લોકડાઉન સામે પ્રજાકીય ભારે વિરોધ થતાં અનેક દેશોને હળવો કરવાની ફરજ પડી છે.... વિશ્વના અનેક દેશોમાં ભૂખમરાની સ્થિતી ઉભી થવા પામી છે પરીણામે હવે પરિસ્થિતિ વધુ વણસે તેવી સંભાવના વધી પડી છે.....! ભારત સહિત અનેક દેશોમાં મજૂરો, રોજમદારો, ગરીબો ભૂખના માર્યા ટળવળી રહ્યા છે...! ત્યારે તૂ ભૂખ્યા લોકોનો જઠરાગ્નિ ઠારવા માટે જેટ ગતિએ ખાદ્યચીજો સહિત આર્થિક સહાય પહોચાડવી પડશે. ભારતમાં જે તે રાજ્યોમા પરપ્રાંતિય મજૂરો માટે વ્યવસ્થિત રીતે આયોજન કરવું પડશે.... કારણ કે જે તે રાજયના મોટાભાગના ઉદ્યોગોમાં તેઓની સંખ્યા સવિશેષ છે. જો આવા મજૂરો, રોજમદારોને રોકવા સાથેની જરૂરી સુવિધાઓ આપવામાં નહીં આવે તો.... ભારતના અર્થતંત્રને પાટે ચઢાવવા માટે બે વર્ષ ઉપરાંત સમય નીકળી જવાની સંભાવના જાણકારો બતાવી રહ્યા છે.....!

ભારતમાં મોટાભાગના લોકોના શરીર કસાયેલા અને મજબૂત છે. તો તેમના શરીરમાં રોગનો સામનો કરવાની શક્તિ પણ વધુ પ્રમાણમાં છે. પરિણામે કોરોના ધરાવનારા અનેકોમા કોરોના લક્ષણો દેખાતા નથી તેને કારણે દેશમાં વધુ પરિસ્થિતિ વણસી શકે....! કોરોના દર્દીઓનો આંક વધી શકે તેવી દહેશતને કારણે કેન્દ્ર સરકાર સહિત દેશભરની રાજ્ય સરકારોમાં ચિંતા વધી પડી છે.... ભારતભરમાં બધા મળીને ૧૮૩૨૬ કેસ નોંધાયા છે,મૃતાક ૫૦૦ પાર કરી ગયો છે છેલ્લા ૨૪ કલાકમાં ૧૨૯૩ નવા કેસ નોંધાવા સાથે ૨૫ના મોત થયા છે. ત્યારે ઈન્ડિયન કાઉન્સિલ ઓફ મેડિકલ રિસર્ચના વિજ્ઞાનીકોએ એવું તારણ રજૂ કર્યું છે કે કોરોનાએ વિચિત્ર રૂપ બતાવ્યું છે... જેમાં ૮૦ ટકા દર્દીઓમાં કોરોનાના લક્ષણો જ દેખાતા નથી અને આ કારણે આવા ગુપ્ત કોરોના ધરાવતા- હેલ્થી દેખાતા દર્દીઓને કારણે કોરોના વાયરસ સંક્રમિતોનો આંક વધવાની સંભાવના છે....! ભારતની વસ્તી ૧૩૦ કરોડની છે... અને તેમાં દરેક ઘરમાં દરેકનો કોરોના ટેસ્ટ કરવો પડે જે શક્ય નથી.... જેથી વડાપ્રધાન મોદીજીની ચિંતામાં વધારો થયો છે... તેમને વૈજ્ઞાનિકો અને તજજ્ઞોને હેલ્થી વ્યક્તિમાં કોરોનાની પરખ માટે શું કરવું તે બાબતે સંશોધન કરવા જણાવી દીધું છે. મતલબ કે તેમની ચિંતા વધી પડી છે.....!

ગુજરાતમાં એવી હાલત છે કે એક કથા અનુસાર રાજાનો કુંવર દિવસે ન વધે એટલો રાતે વધે તે અનુસાર રાજ્યમાં કોરોના સંક્રમીતોએ ઝડપ પકડી છે.... ભયાનક સ્વરૂપ પકડ્યું છે....! છેલ્લા ૨૪ કલાકમાં નવા ૧૨૭ કેસ નોંધાયા છે તો ૬ ના મૃત્યુ થયા છે. રાજ્યભરમાં કુલે ૨૦૬૭ કેસ નોંધાયા છે તો ૭૭ ના મૃત્યુ નોંધાયા છે. આ બધા આંકડા સરકારી ચોપડે નોંધાય તેના જ છે. ગુજરાતની રૂપાણી સરકારે શરૂ શરૂમાં સ્પેશ્યલ હોસ્પિટલો, કોરોના દર્દીઓ માટે મેડિકલ સુવિધાઓ સહિતની જાહેરાતો કરી હતી, તો દરેક વ્યક્તિને અનાજ સહીત આર્થિક સહાયની વાતો કરી હતી. પરંતુ દિવસે દિવસે જે હકીકતો બહાર આવી રહી છે તેનાથી રાજનેતાઓ અને તંત્રના વડાઓએ જાગૃત થઈ જવાની જરૂર છે.....! અમદાવાદ શહેર, વડોદરા, સુરત જેવા શહેરોને હોટસ્પોટ જાહેર કરાયા છે.. અમદાવાદની સિવિલ હોસ્પિટલમાં ખાસ કોરોના દર્દીઓ માટે ૧૨૦૦ બેડ સાથેની સુવિધા કરવામાં આવી છે. પરંતુ અહીં હાઉસફુલ થઈ ગઈ છે કે પછી સુવિધાનો અભાવ છે જેથી દર્દીઓની તપાસ, દવા માટે ચાર ચાર કલાક બેસી રહેવું પડે છે તેના માટે મોટો હોબાળો કોરોના સંક્રમીતોએજ કરવો પડયો છે જેનો વિડીયો વાયરલ થઈ ગયો છે... તો વડોદરામાં કોરોના સંક્રમીત જાહેર કરેલ પરિવારને અનાજ, ખાવા, પીવા સહિતની કોઈ જ સહાય પહોંચાડવામાં નથી આવતી તેનો વિડીયો પણ સોશિયલ મીડિયામાં વાયરલ થયો છે. ત્યારે સુરતમાં બે વખત પરપ્રાંતિય મજૂરો જાહેરમાં આવી ગયા.... કારણ સરકારી જાહેરાત મુજબ તેઓને અનાજ- ખાવાનું મળતું નથી જેથી આક્રોશ ફરી વળ્યો છે....! ટૂંકમાં રૂપાણી સરકાર લોકો માટે સહાયની જાહેરાતો કરી છે.... પરંતુ નીચેના તંત્રની બેદરકારી કહેવી કે સંકલનનો અભાવ...?! એટલે સરકારની સહાયની જાહેરાત અનેકો માટે માત્ર કાગળ પર રહી જાય છે...! ત્યારે રાજનેતાઓ અને જે તે તંત્રના વડાઓ જાગે અને જરૂર પડે તો આકરા પગલાં ભરે... સસ્પેન્ડ કરવા સુધીના તો જ કોરોના નાથવાનું પરિણામ મળી શકે.....! વંદે માતરમ્

૪૦૦ કરતાં વધારે કરોડપતિ સાંસદોમાંથી કેટલાએ કોરોના માટે પોતાના ખિસ્સામાંથી દાન કર્યું.!?

ગુજરાતમાં ભાજપના ૨૬માંથી ૨૧ સાસંદો કરોડપતિ, કેટલાએ રસોડા ચલાવ્યાં ગરીબો માટે?

લોકોના ટેક્સમાંથી મળતા પગારભથ્થાનું દાન કરીને જન પ્રતિનિધિઓએ કાંઈ મીર માર્યો નથી, લોકોના હતા-લોકો માટે આપ્યા એમાં શું?

૪૦૦ કરોડપતિ એક -એક કરોડ આપે તો પણ ૪૦૦ કરોડની સહાય મળે કોરોના સામેના જંગમાં

ગુજરાત અને દેશ હાલમાં કોરોના મહામારીના સંકટમાંથી પસાર થઈ રહ્યું છે. ગુજરાતમાં રોજે રોજ કેસો વધી રહ્યાં છે. આજે ૨૧ એપ્રિલના રોજ સવારના બિરફિંગમાં ૧૨૭ નવા કેસોની જાહેરાત કરવામાં આવી છે. દેશમાં પણ કોરોનો કેસોની સંખ્યા ૧૮ હજારની નજીક પહોંચી ગયો છે. કેન્દ્ર સરકારે કોરોનાને હરાવવા જંગ જાહેર કર્યો છે. અને તેનો સામનો કરવામાં આર્થિક મદદ માટે પીએમ કેરમાં ફંડ માટે અપીલ બહાર પાડી છે. કેન્દ્ર સરકારના કર્મચારીઓએ પોતાનો એક દિવસનો પગાર જે અંદાજે ૩૯૦૦ કરોડ થાય છે, તે દાન કર્યું છે. કેન્દ્રના મંત્રીઓના પગાર-ભથ્થામાં ૩૦ ટકાનો કાપ મૂકાયો છે. સાસંદોને તેમના મત વિસ્તારના કામો માટે મળતી વર્ષે ૫ કરોડની ગ્રાન્ટ બે વર્ષ માટે રદ્દ કરી છે. અથવા તો એમ કહો કે સાંસદોએ પોતાના મતવિસ્તારની ગ્રાન્ટની રકમ પીએમ કેરમાં આપી છે. ધારાસભ્યોના પગાર ભથ્થામાં પણ ૩૦ ટકાનો કાપ મૂકાયો છે. અલબત્ત સાંસદો અને ધારાસભ્યોને એક દિવસની પણ હાજરી પૂર્યા વગર મહિને લાખ-દોઢ લાખનો પગાર પ્રજાના ટેક્સની રકમમાંથી મળે છે તે એક અલગ વાત થઈ. પરંતુ સંસદસભ્યો અને ધારાસભ્યોએ જે દાન પીએમ કેર ફંડમાં આપ્યું તે શું તેમણે પોતાના ખિસ્સામાંથી કે પોતાની અંગત આવકમાંથી આપ્યું છે....?

૨૦૧૯ની લોકસભા ચૂંટણી બાદ એડીઆર નામની એક એનજીઓ દ્વારા ચૂંટાયેલા સાંસદોની એફિડેવિટમાંથી માહિતી મેળવીને જે આંકડા બહાર પાડવામાં આવ્યાં તે દર્શાવે છે કે ૫૪૩ સાસંદોમાંથી ૮૮ ટકા સાંસદો કરોડપતિ છે....! એટલે કે ૪૦૦ કરતા પણ વધારે સાંસદો કરોડપતિ છે અને તેમની સરેરાશ સંપત્તિ ૨૧ કરોડ જેટલી છે. આ સંપત્તિ એક નંબરની છે. ૮૮ ટકામાંથી બની શકે કે કોઈની પાસે તેના કરતાં પણ વધારે હોઈ શકે. ઉપરાંત ૫૪૩માંથી જે ૮૮ ટકા સાંસદો કરોડપતિ છે તે ૮૮ ટકા સાંસદોમાંથી ૮૮ ટકા સાંસદો એટલે કે ૨૨૭ ભાજપના છે, ૮૪ ટકા કોંગ્રેસના છે.

ગુજરાતના ૨૬ સાંસદોની એફિડેવિટનો અભ્યાસ કરીને એડીઆર દ્વારા જાહેર કરાયું હતું કે ૨૬માંથી ૨૧ સાસંદો કરોડપતિ છે. અને આ તમામ ૨૬ સાંસદો ભાજપના છે. ૨૬માંથી સૌથી વધુ કરોડપતિ નવસારીના સીઆર પાટિલ છે. જેમણે ૪૪ કરોડની સંપત્તિ જાહેર કરી હતી ઉમેદવારી નોંધાવતી વખતે.

આંકડાકિય માહિતી પૂરવાર કરે છે કે કોઈ સાંસદ ગરીબ નથી. ૪૦૦ કરતાં વધુ સાંસદો કાયદેસર કરોડપતિ છે. તેમ છતાં તેમણે કોરોના સામેની લડાઈમાં સરકારી ગ્રાન્ટ સિવાય પોતાના અંગત નાણાંમાંથી કેટલા આપ્યાં....? કેટલા સાંસદોએ પોતાના મતવિસ્તારમાં રહેતા ગરીબ મતદારો માટે જમવાની વ્યવસ્થા કરી....કેટલાએ પોતાના મતવિસ્તારની મુલાકાત લીધી કોરોનાના સમયગાળામાં અને કેટલા સાંસદો પોતાના જે મતદારો હોસ્પિટલમાં દાખલ થયાં કોરોનાને કારણે, તેમની ખબર કાઢવા ગયા ....?

કેટલા કરોડપતિ સાંસદોએ પરપ્રાંતના ગરીબ લાચાર લોકો માટે, જેમને તેમના વતન પહોંચાડવાની જાતે અને પોતાના ખિસ્સામંથી ખર્ચ કર્યો હોય...? ચૂંટણીમાં દિવસો સુધી રસોડા ચલાવનારા કેટલા સાંસદો અને ધારાસભ્યોએ કોરોનાથી રોજીરોટી ગુમાવનારા માટે રસોડા ચલાવ્યાં...? ચિત્ર તો એવું ઉપસે છે કે ચૂંટણી વખતે મતદાર હતો નાથાલાલ અને ચૂંટણી પત્યા બાદ નાથિયો બનેલા એ જ મતદારને મળે તો મોઢુ ફેરવી લે- હમ આપકે હૈ કૌન....! મતલબ નિકલ ગયા તો પહચાનતે નહીં.....!!

ગુજરાતમાં ૨૬માંથી ૨૧ સાસંદો કરોડપતિ અને તેમાંથી ૪ જણાંની સંપત્તિ ૪૦ કરોડ કરતાં વધારે તેમ છતાં કેટલા સાંસદોએ સરકારી ગ્રાન્ટ અને સરકારી પગાર કે જે લોકોના ટેક્સના જ પૈસા છે, તે સિવાય પોતાના ખિસ્સામાંથી કેટલા લાખ કે કરોડ પીએમ કેરમાં કોરોના સામેની લડાઈ માટે આપ્યા....? કહેનારાઓ તો ત્યાં સુધી કહે છે કે રાંધણ ગેસની ૨૦૦-૩૦૦ રૂપિયાની સબસીડી નહીં છોડનારા જનપ્રતિનિધિઓએ પોતાની અંગત આવકમાંથી શું લૂમ આપ્યું હશે પીએમ કેર ફંડમાં....?!

ચૂંટણીમાં વોટ માટે ઘરે ઘરે જઈને ખબર અંતર પૂછનારા ચૂંટાયેલા સાંસદો- ધારાસભ્યો-કોરપોરેટરોમાંથી કેટલાએ પોતાના મતવિસ્તારમાં કોરોનાગ્રસ્ત વિસ્તાર કે પરિવારની મુલાકાત લીધી...?

અમદાવાદમાં આખો કોટ વિસ્તાર કોરોનાગ્રસ્ત છે. ભાજપ કે કોંગ્રેસના કેટલા જનપ્રતિનિધિઓએ કોરોના માટે મુલાકાત લીધી...?

જે તે પક્ષના ઉમેદવારેને વોટ આપનારા મતદારોએ પણ યાદ રાખવુ જોઈએ કે કોરોનીની મહામારી વખતે કેટલા આગેવાનોએ તેમની સારસંભાળ લીધી...?

કેટલા ધારાસભ્યો અને સાંસદોએ હોસ્પિટલમાં જઈને કોરોનાના દર્દીના હાલચાલ પૂછ્યા...?

પુલવામા વખતે શહિદોના ઘરે જવા માટે લાઈ લાગતી હતી અને કોરોનાના જંગમાં શહિદ થનાર મતદારના ઘરની કેટલાયે મુલાકાત લીધી...? સાચો જનપ્રતિનિધિ એ કહેવાય કે જે જાન હૈ તો જહાન હૈ....માં નહીં પણ મતદાતા હૈ તો જહાન હૈ...માં માનતો હોય...!

પાલઘર ઘટનાને લઈને ખળભળાટ

મહારાષ્ટ્રના પાલઘરમાં જે રીતે નિર્દોષ સંતોની હત્યા કરવામાં આવી છે તેના કારણે દેશમાં ખળભળાટ મચી ગયો છે. જોરદાર હોબાળો થયા બાદ આખરે તમામ વિગત સપાટી પર આવી રહી છે. જેમાં પોલીસની મોટી ભૂમિકા પણ સપાટી પર આવી છે. આખરે કેન્દ્રિય ગૃહ પ્રધાન અમિત શાહે મામલાની ગંભીર નોંધ લીધી હતી અને મુખ્યપ્રધાન ઉદ્ધવ ઠાકરને ફોન કરીને તમામ માહિતી મેળવી હતી. સાથે સાથે રિપોર્ટ આપવા માટેનો આદેશ પણ કર્યો હતો. સંતોની હત્યાના વિડિયો જે વ્યક્તિએ પણ નિહાળ્યા છે તે રડી પડ્યા છે. અહીં નોંધ લેવા માટેની બાબત એ છે કે આ માત્ર માનવીની વાત કરી રહ્યા છે. આ સંતો વારંવાર ભીડની સમક્ષ હાથ જોડીને વાત કરી રહ્યા હતા પરંતુ ભીડ દ્વારા તેમના પર લાઠીઓનો વરસાદ કરવામાં આવી રહ્યો હતો. આ ભીડ કોઈ માનવીઓની નહીં બલ્કે રક્તપિપાસુની હોય તેમ લાગી રહ્યુ હતુ. સૌથી મોટો અપરાધ તો પોલીસનો રહ્યો હતો. એ પોલીસનો અપરાધ સૌથી મોટો રહ્યો છે જે પોલીસે જ તેમને પકડીને ભીડને હવાલે કરી દીધા હતા. ખુની ભીડને હવાલે કરનાર પોલીસ સામે પગલા ચોક્કસપણે લેવામાં આવે તે જરૂરી છે. ૭૦ વર્ષીય લાચાર વૃદ્ધ વારંવાર પોલીસના કપડા પકડીને આશા રાખી રહ્યો હતો કે પોલીસ તેમને બચાવી લેશે. જો કે પોલીસ વારંવાર તેના હાથને ઝાટકી રહી હતી. કાનુના લાંબા હાથની પોળ આ મામલાના કારણે ખુલી ગઈ છે. હત્યા કરવામાં આવ્યા બાદ પોલીસવાળા તો પોતાના ઉચ્ચ અધિકારીઓને ઘટના અંગે વાત કરી તો આને માર્ગ દુર્ઘટના તરીકે ગણાવીને કેસનો ઉકેલ લાવવા માટેની તૈયારી કરી હતી. જો કે ભીડમાંથી કોઈ વ્યક્તિએ આ ભયાનક હત્યાકાંડના વિડિયો બનાવી લીધા હતા. જેને આ વ્યક્તિએ ઘટનાના ચાર દિવસ બાદ વાયરસ કરી દેતા દેશમાં હાહાકાર મચી ગયો હતો. ત્યારબાદ પણ ત્યાંની સરકારતો મિડિયા પર ડંડા ચલાવતી દેખાઈ હતી. ધરપકડ કરવામાં આવેલા હત્યારાના નામ પણ જાહેર કર્યા ન હતા. આના કારણે મહામાનવના માનવધિકાર સંકટમાં આવી ગયા હોત. છતાં જે અહેવાલો આવી રહ્યા છે તે ખતરનાક સંકેત આપે છે. જે હેવાલ આવ્યા છે તે દર્શાવે છે કે તેમાં એનસીપી અને સીપીએમના નેતાઓ હતા. તેમના આદેશ પર જ આ ઘટનાને અંજામ આપવાનુ કામ થયુ હતુ. હવે હેવાલ આવી રહ્યા છે કે હત્યારાઓને પકડી પાકડવામાં આવ્યા છે. પોલીસ જવાનોને પણ સસ્પેન્ડ કરી દેવામા આવ્યા છે. અપરાધની જઘન્યતાને ધ્યાનમાં લઈને શુ આટલી કાર્યવાહી પુરતી છે તે પ્રશ્ન થઈ રહ્યો છે. પોલીસે નવ હત્યારાઓને કિશોર તરીકે ગણાવીને સુધાર ગૃહમાં મોકલી દીધા છે. સવાલ એ થાય છે કે જે શખ્સ હત્યા જેવા ગુના કરી શકે છે તે બાળક કઈ રીતે હોઈ શકે છે. જાણકાર લોકો અને સામાન્ય લોકોની માંગ તો એ છે કે આ ઘટનામાં સામેલ રહેલા તમામ લોકોને અને પોલીસ જવાનોને પણ સીધી રીતે તરત જ કોર્ટ કાર્યવાહી હાથ ધરીને ફાંસી થવી જોઈએ. હે ત્રણ સમાહમાં જ કેસમાં સામેલ રહેલા તમામને કઠોર સજા થવી જોઈએ. આ સંતોની કારમાંથી કોઈ બાળક મળ્યા હતા. જો નહીં તો તેમને માર મારીને કેમ મારી નાંખવામાં આવ્યા હતા. મહારાષ્ટ્રકની સરકારની હાલત તો ખરાબ થનાર છે. કારણ કે તેમના શાસનમાં સંતોની હત્યા કરવામાં આવી છે. જો કે સવાલ એ છે કે સરકાર હત્યારાના નામ કેમ જાહેર કરી રહી નથી. માની લેવામાં આવે કે નવ કિશોર છે પરંતુ તમામ તો કિશોર નથી. તમામને છુપાવવાના પ્રયાસ કેમ થઈ રહ્યા છે. શિવ સેના સરકાર શુ છુપાવવા માટેના પ્રયાસ કરી રહી છે. પાલઘરમાં સંતોની ઘાતકી હત્યાને લઈને દેશમાં જોરદાર નારાજગીનું મોજુ ફરી વળ્યું છે. આને લઈને જોરદાર રાજકીય ગરમી જામી છે.૧૬મી એપ્રિલની રાત્રે ગુજરાતના સુરત જનાર મુંબઈના ત્રણ નિવાસીઓને મહારાષ્ટ્રના પાલઘર જિલ્લાના ગડચિંચલ ગામમાં સ્થાનિક નિવાસીઓને શંકા થયા બાદ તેમના પર હુમલો કરી દીધો હતો જેના લીધે લિંચિંગની આ ઘટના થઈ હતી.

કોરોના પર સલમાનના નવા ગીત પર કિંગ ખાને કહ્યું

ભાઈ કમાલના સિંગલ અને સિંગર છે

મુંબઈ

શાહરુખ ખાને કોરોના લૉકડાઉનની વચ્ચે સોશિયલ મીડિયામાં ચાહકો સાથે વાત કરવાનું નક્કી કર્યું હતું. શાહરુખ ખાને ચાહકોને AskSRK હેશટેગ સાથે સવાલો પૂછવાનું કહ્યું હતું. શાહરુખ ખાને ટ્વીટ કરી હતી કે આ સારો આઈડિયા છે. છજાજીઈદ્ધ હેશટેગ કરીને સવાલો પૂછો પરંતુ હું બહુ બધો સમય આપી શકીશ નહીં. કારણ કે મારે જવાનું છે અને કંઈ કરવાનું પણ નથી. આ પહેલાં હું કંઈક કરવા બેસી જાઉં તે પહેલાં શરૂ કરીએ છીએ. મોટાભાગના ચાહકોએ શાહરુખને તે ફિલ્મ ક્યારે કરવાનો છે, તેને લઈ સવાલો કર્યા હતાં. એક ચાહકે શાહરુખને સલમાનના નવા ગીત પર સવાલ કર્યો હતો, જેના પર શાહરુખે જવાબ આપ્યો હતો કે ભાઈ કમાલના સિંગલ તથા સિંગર છે. એક ચાહકે કહ્યું હતું કે તે આગામી ફિલ્મ માર્ટિન કે ક્રિસ્ટોફર નોલન બેમાંથી કોની સાથે કરવાના છો? આના પર શાહરુખે જવાબ આપ્યો હતો કે તે બંને ડિરેક્ટરને મળ્યો છે અને બંને કમાલના છે પરંતુ રાજુ (રાજકુમાર હિરાની) પોતાના લાગે છે ને?



શાહરુખના આ જવાબથી માનવામાં આવે છે કે એક્ટર આગામી ફિલ્મ રાજકુમાર હિરાની સાથે જ કરશે.

એક ચાહકે શાહરુખ ખાનને સવાલ કર્યો હતો કે લૉકડાઉન દરમિયાન તે ઘરે રહીને સમય પસાર કરે છે, જેના જવાબમાં શાહરુખે કહ્યું હતું, વસ્તી વધારવા ઉપરાંત ત્રણ બાળકો સાથે ઘરમાં રહેવાની મજા આવે છે. તેની પાસે તમામ શેપ તથા સાઈઝના છે તો આખો દિવસ તેમની સાથે જતો રહે છે અને વધેલો સમય બાળકોના રમકડાં સાફ કરવામાં જાય છે. નોંધનીય છે કે શાહરુખ ખાનને દીકરો આર્યન, દીકરી સુહાના તથા નાનકડો દીકરો અબરામ છે. અન્ય એક ચાહકે કહ્યું હતું કે તેણે રાત્રે સપનું જોયું હતું કે તેને ગૌરી (શાહરુખની પત્નીનું નામ) મળી અને તેણે તમારા અંગે વાત કરી હતી અને કહ્યું હતું કે તે તેને બેવાર મળી ચૂક્યો હતો. (જે સપનું આવ્યું, તે પ્રમાણે યોગ્ય હતું) તે ઘણો જ ખુશ હતો અને તેમણે કહ્યું કે તે બીજીવાર મળવા માગે છે. આઈ લવ યુ સર. ગૌરી બહુ જ પસંદ આવી અને તેમને તેના તરફથી હાઈ કહેજો. આના પર શાહરુખે કહ્યું હતું કે આજ રાત્રે તે મારા સપનામાં આવશે તો હું તેને તારા તરફથી હાઈ કહી દઈશ.



કોરોના વાયરસના કારણે ભારતમાં લોકડાઉન ચાલુ છે અને ક્રિકેટ જગતના તમામ દિગ્ગજ અને ક્રિકેટર પોતાના ઘર પર પરિવાર સાથે સમય પસાર કરી રહ્યા છે. લોકડાઉનમાં પાર્લર અને સલૂન પણ બંધ છે, એવામાં વધતા વાળની મોટી સમસ્યા છે. જ્યાં એક તરફ યુવા ભારતીય ક્રિકેટર્સ લોકડાઉનમાં પોતાના ઘરમાં નવી-નવી હેરકટ ટ્રાઈ કરી રહ્યા છે. હવે આ બાબતમાં વર્લ્ડ કપ વિજેતા કેપ્ટન અને ભૂતપૂર્વ ક્રિકેટર કપિલ દેવનું પણ નામ જોડાઈ ગયું છે. કપિલ દેવે પણ નવું લુક પણ અપનાવી લીધું છે. જી...હા કપિલ દેવે માત્ર માથાના વાળ જ કપાવ્યા નથી પરંતુ ગ્રે કલરની દાઢીમાં તે એકદમ નવી સ્ટાઈલમાં જોવા મળી રહ્યા છે.

આત્મારામ ઠાકોરને પણ કરાયા કોરેન્ટાઈન

ગુજરાતી ફિલ્મોના જાણીતા નિર્દેશક આત્મારામ ઠાકોરનો પુત્ર કોરોનાગ્રસ્ત

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસના ચેપના કેસો વધતા જ જાય છે. અમદાવાદમાં ગંભીર પરિસ્થિતી છે અને કોરોનાના દર્દીઓ સતત વધી રહ્યા છે ત્યારે ગુજરાતી ફિલ્મોના જાણીતા નિર્દેશક આત્મારામ ઠાકોરના પુત્રનો કોરોના રીપોર્ટ પોઝિટિવ આવતાં આત્મારામ ઠાકોરને પણ કોરેન્ટાઈન કરાયા છે. આત્મારામ ઠાકોરનો ટેસ્ટ લેવાયો છે અને તેમના રીપોર્ટની રાહ જોવાઈ રહી છે.

આત્મારામ ઠાકોર નો પુત્ર ધૂમકેતુ પોલીસ વિભાગમાં ફરજ બજાવે છે. ધૂમકેતુ ઠાકોર નરોડા પોલીસ સ્ટેશનમાં ડિસ્ટાફમાં ફરજ બજાવે છે. તે લોકડાઉન દરમિયાન ફરજ બજાવતો હતો. તેના કારણે તેને કોરોનાવાયરસનો તેપ



લાગી જતાં તેને હોસ્પિટલમાં દાખલ કરાયો છે. ધૂમકેતુ ઠાકોરના કારણે તેના પરિવારને પણ કોરોનાવાયરસનો ચેપ લાગ્યો હોવાની સંભાવના જોતાં આત્મારામને પણ ક્વોરેન્ટાઈન કરી દેવાયા છે.

આત્મારામ ઠાકોરે મા-બાપને ભૂલશો નહીં (૧૯૯૯), નાનો દિયરિયો લાડકો (૧૯૯૮), પરદેશી મણિયારો (૧૯૯૮) જેવી સુપરહીટ ગુજરાતી ફિલ્મોનું નિર્માણ કર્યું છે. ગુજરાતી ફિલ્મોના સુપરસ્ટાર વિક્રમ ઠાકોરને બ્રેક આપનારા નિર્દેશક તરીકે તે જાણીતા છે. વિક્રમ ઠાકોર સાથે આત્મારામ ઠાકોરે રખેવાળ, કંકુ મને બહુ ગમે છે, એકબીજાની મદદ, પ્રેમી ઝૂક્યા નથી ને ઝૂકશે નહીં જેવી ફિલ્મો આપી છે.

પાલઘર જેવી ઘટના 'મહાભારત'માં દ્રોપદીનો રોલ કરનાર રૂપા ગાંગુલી સાથે પણ થઈ હતી



નવી દિલ્હી

લોકડાઉન વચ્ચે હાલ દૂરદર્શન પરથી લોકપ્રિય સીરિયલ મહાભારતનું પુનઃપ્રસારણ થાય છે. મહાભારતમાં દ્રોપદીનો રોલ રૂપા ગાંગુલીએ કર્યો છે. મહારાષ્ટ્રના પાલઘરમાં બે સાધુ સહિત ત્રણ લોકોની ટોળા દ્વારા કરવામાં આવેલી હત્યાને લઈ દ્રોપદીએ ટ્વિટ કરવા સહિત પોતાના જીવન સાથે સંકળાયેલા એક કિસ્સો પણ શેર કર્યો છે. રૂપા ગાંગુલીએ પાલઘરની ઘટના પર ટ્વિટ કરીને લખ્યું, મને યાદ આવી રહ્યું તે, ૨૨ મે, ૨૦૧૬ના રોડ ડાયમંડ હાર્બર પર ઘટના બની હતી. જેમાં લોકોને મને ગાડીમાંથી ઉતારીને રસ્તા વચ્ચે જ મારી હતી. મારી ગાડીમાં પણ તોડફોડ કરવામાં આવી હતી. માથા પર ઈજા થઈ હતી. બ્રેઈન હેમરેજ થયું હતું, બસ હું મરી નહોતી. પોલીસે પણ અત્યાચાર ગુજાર્યો હતો. પાલઘર અને પશ્ચિમ બંગાળની આ ઘટનાઓ અંગે જાણીને ખૂબ દુઃખ થયું. પોતાના આ ટ્વિટની સાથે રૂપા ગાંગુલીએ મહાભારતમાં દ્રૌપદી ચીર હરણનો વીડિયો પણ પોસ્ટ કર્યો અને લખ્યું, હે કૃષ્ણ, હે કૃષ્ણ, હે કૃષ્ણ. રૂપા ગાંગુલી ત્રણ વખત સુસાઈડ કરવાની કોશિશ કરી ચુકી હોવાનું એક ઈન્ટરવ્યૂમાં જણાવ્યું હતું.

માલિકે કર્મચારીઓને પગાર આપવા માટે લોન લીધી હતી

લૉકડાઉનઃ અક્ષય કુમારે થિયેટરના માલિક મનોજ દેસાઈને આર્થિક મદદની કરી ઓફર

મુંબઈ

કોરોનાવાઈરસને કારણે દેશભરમાં લૉકડાઉન જાહેર કરવામાં આવ્યું છે. આ સમય દરમિયાન અક્ષય કુમાર આર્થિક રીતે મદદ કરી રહ્યો છે. એક્ટરે પીએમ કેર્સ ફંડ તથા મુંબઈ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં આર્થિક યોગદાન આપ્યા બાદ હવે મુંબઈના ગેઈટી ગેલેક્સી થિયેટરની મદદ કરવા આગળ આવ્યો છે. આ થિયેટરના માલિકે કર્મચારીઓને પગાર આપવા માટે લોન લીધી હતી. રિપોર્ટ્સ મુજબ, અક્ષય કુમારે થિયેટરના માલિક મનોજ દેસાઈને આર્થિક મદદની ઓફર કરી હતી, જેથી તે સ્ટાફને પગાર ચૂકવી શકે.


સૂત્રોના મતે, મનોજ દેસાઈએ પોતાના કર્મચારીઓનો પગાર ચૂકવવા માટે બેંકમાંથી લોન લેવી પડી હતી. આ ન્યૂઝ વાંચ્યા બાદ



અક્ષયે તેમને ફોન કર્યો હતો. રિપોર્ટમાં દેસાઈ તરફથી કહેવામાં આવ્યું હતું, ત્રણ દિવસ પહેલાં અક્ષયજીએ મને ફોન કર્યો હતો. તેમણે મને આર્થિક મદદ કરવાની ઓફર કરી હતી. તેમણે કહ્યું હતું કે હાલત ના સુધરે તો હું તેમની પાસેથી આર્થિક મદદ માગી શકું છું.

દેસાઈએ આગળ કહ્યું હતું, અક્ષય કુમાર સારો છે કે તેણે અમને મદદની ઓફર કરી. જોકે, અમે પણ આ મુશ્કેલીમાંથી બહાર આવવાના અલગ અલગ રસ્તાઓ વિચારીએ છીએ. અમે આ મહિને તો સેલરી ચૂકવાઈ જાય એટલા પૈસાની વ્યવસ્થા કરી. થિયેટર બંધ રહેતા પરિસ્થિતિ સુધરતા લાંબો સમય લાગશે. અમારું ફોક્સ આ વાત પર છે કે અમે કર્મચારીઓની સંખ્યામાં ઘટાડો ના કરીએ અને પગારમાં કાપ પણ ના મૂકીએ.

રિતિક રોશન અને અજયે કોવિડ-૧૯ના યોદ્ધાઓને બ્લડ ડોનેશન માટે કરી અપીલ



અમદાવાદ

એક્ટર્સ અજય દેવગન અને રિતિક રોશને નોવેલ કોરોના વાઇરસની વિરુદ્ધ જંગ લડવામાં મદદ માટે કોવિડ-૧૯નો સામનો કરનારી વ્યક્તિઓને બ્લડ ડોનેટ કરવાની અપીલ કરી હતી. આ બંને એક્ટર્સે ટ્વિટર પર શરૂ કરવામાં આવેલી એના માટેની પહેલ વિશેની વિગતો શેર કરી હતી. અજયે લખ્યું હતું કે, જો તમે કોવિડ-૧૯થી રિકવર થયા હોય તો તમે કોરોના યોદ્ધા છો. આ અદ્રશ્ય દુશ્મનને હરાવવા માટે આપણને આવા યોદ્ધાઓની આર્મીની જરૂર છે.

તમારા બ્લડમાં એવી બુલેટ્સ છે કે જે આ વાઇરસને મારી શકે છે, પ્લીઝ તમારું લોહી ડોનેટ કરો. જેથી અન્ય લોકો પણ આ બીમારીથી રિકવર થાય. રિતિકે પણ આ ઇનિશિયેટિવને સપોર્ટ આપ્યો હતો અને તેના ટ્વિટર પેજ પર વધારે વિગતો શેર કરી હતી. તેણે લખ્યું હતું કે, મુંબઈની કસ્તુરબા હોસ્પિટલ એક મિશન પર છે કે જેને કોરોના વાઇરસથી સક્સેસફુલ્લી રિકવર થયા હોય એવા તમામ લોકોના સપોર્ટની જરૂર છે. જો તમે પોઝિટિવ હોવાના નિદાન અને છેલ્લા ટેસ્ટ્સનું રિઝલ્ટ નેગેટિવ આવ્યા બાદ ૧૪ દિવસ ક્વોરન્ટિન રહ્યા હોય તો તમારા બ્લડમાં એવા સેલ્સ છે કે જે વાઇરસને મારી શકે છે. જો તમે તમારું બ્લડ ડોનેટ કરશો તો અન્ય લોકો પણ રિકવર થઈ શકશે, ખાસ કરીને જેમની સ્થિતિ ગંભીર છે.

આઈપીએલના ઈતિહાસનો સર્વશ્રેષ્ઠ બોલર બન્યો લસિથ મલિંગા

મુંબઈ

મુંબઈ ઈન્ડિયન્સના શ્રીલંકન ફાસ્ટ બોલર લસિથ મલિંગાને ઈન્ડિયન પ્રીમિયર લીગ (આઈપીએલ)ના ઈતિહાસનો સર્વશ્રેષ્ઠ બોલર પસંદ કરવામાં આવ્યો છે. મલિંગાને આ સન્માન તેના સમકાલીન પૂર્વ ક્રિકેટરોએ આપ્યું છે, જે હવે કોમેન્ટ્રેટરની ભૂમિકા નિભાવી રહ્યાં છે. મલિંગાને સ્ટાર સ્પોર્ટ્સના કોમેન્ટ્રેટરોએ સર્વશ્રેષ્ઠ માન્યો છે, જેમાં કેવિન પીટરસન, ડીન જોન્સ, મેથ્યૂ હેડન, આકાશ ચોપડા, ગ્રીમ સ્મિથ, સાઇમન ડૂલ, ઇયાન બિશપ અને ટોમ મૂડી સામેલ છે. શ્રીલંકાનો આ બોલર પહેલા દસ બોલરોની શરૂઆતી યાદીમાં સામેલ હતો. તેણે ડેલ સ્ટેન, આશીષ નહેરા, સુનીલ નરેન અને જસપ્રીત બુમરાહ જેવા બોલરોને પાછળ છોડીને આ સન્માન હાંસિલ કર્યું છે. ઈંગ્લેન્ડના પૂર્વ કેપ્ટન પીટરસને પ્રતિષ્ઠિત પુરસ્કાર માટે મલિંગાને પસંદ કરવાના નિર્ણયનું સમર્થન કર્યું છે. તેણે કહ્યું, હું લસિથની સાથે છું. તેણે એવા યોર્કરનો સતત ઉપયોગ કર્યો, જેના વિશે દરેક વાત કરે છે. મલિંગા મારી પસંદ છે. આઈપીએલની વાત કરીએ તો મલિંગાએ સર્વાધિક ૧૭૦ વિકેટ ઝડપી છે.



કોરોના વાયરસના કારણે દેશમાં હાલ લોકડાઉન લાગુ છે. જેના કારણે આમ આદમીથી લઈ સેલિબ્રિટી, રાજકારાણીઓ, સ્પોર્ટ્સ પર્સન ઘરમાં પુરાઈ રહેવા મજબૂર છે. તેઓ આ દરમિયાન એકબીજા સાથે વાત કરવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યા છે. ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા સોશિયલ મીડિયા પર ઘણો સક્રિય રહે છે. તે સતત તસવીરો અને વીડિયો પોસ્ટ કરીને ફેન્સનું મનોરંજન કરતો રહે છે. હાર્દિક પંડ્યાએ તેની જૂની યાદો ફેન્સ સાથે શેર કરી છે.

રામાયણ'ના સીન આડેધડ કપાઈ જતાં લોકો ભડક્યાં

દૂરદર્શને કહ્યું કોઈ પણ સીન કાપવામાં આવ્યો નથી

નવી દિલ્હી

લોકડાઉનના કારણે દૂરદર્શન પર ફરી એક વખત રામાનંદ સાગરની લોકપ્રિય સીરિયલ રામાયણનું પ્રસારણ શરૂ થયું હતું. આ સીરિયલે ટીઆરપીના તમામ રેકોર્ડ તોડી નાંખ્યા હતા. પરંતુ રામ-રાવણ યુદ્ધના એપિસોડનો સીન એડિટ કરીને પ્રસારિત કરવામાં આવ્યો હોવાનો લોકોએ આરોપ લગાવ્યો હતો. હવે આ મામલે દૂરદર્શને સ્પષ્ટતા કરી છે. ટ્વિટર પર એક યૂઝરે પ્રસાર ભારતીના સીઈઓ શશિ શેખરને ટેગ કરીને પૂછ્યું ભરત કૈકઈ મિલન, અહિરાવણ વધ, મુકુટ સમારોહની તૈયારી, અયોધ્યાના નિવાસીઓ દ્વારા રામનું સ્વાગત... સહિત ઘણા સીન દૂરદર્શને કાપી નાંખ્યા હતા અને શું આ ખરેખર રામાનંદ સાગરની રામાયણ છે.



જેના પર જવાબ આપતાં પ્રસાર ભારતીના સીઈઓ શશિ શેખરે કહ્યું, આપણા મહાકાવ્યોની સુંદરતા, અનેક સ્ટોરીઓ, પક્ષ-કહાનીઓ અને વ્યાખ્યાઓ છે. દરેક બારીકાઈને શક્યતઃ એક ટેલીવિઝન સ્ક્રિપ્ટમાં ન બનાવી શકાય. તેમણે આગળ લખ્યું, કોઈ પણ સીન કાપવામાં આવ્યો નથી. આ તમામ સીન ઓરિજનલ રામાયણનો હિસ્સો નહોતા. અન્ય યૂઝરે પૂછ્યું- રામાનંદ સાગરની રામાયણના ૭૮ એપિસોડ હતો.

૨૮ માર્ચની રાતથી દૂરદર્શન પર રોજ સવારે અને રાતે બે એપિસોડ પ્રસારિત થયા અને ૧૮ માર્ચે લગભગ તમામ ખતમ થઈ ગયા. મોટા સ્તર પર એડિટ કરવામાં આવ્યું હોય તેમ લાગે છે. જેના જવાબમાં શશિ શેખરે લખ્યું, દરરોજ ૪ એપિસોડ પ્રસારિત કરવામાં આવ્યા હતા. બે એપિસોડને એક સ્લોટમાં ભેગા કરી દર્શાવાયા હતા. હાલ દૂરદર્શન પર ઉત્તર રામાયણનું પ્રસારણ શરૂ થઈ ગયું છે.

હું યુવા ખેલાડીયોની ટીકા કરવામાં નથી માનતો એટલે કોમેન્ટ્રી નથી કરતોઃ યુવરાજ સિંહ

નવી દિલ્હી

ટીમ ઈન્ડિયાનો ભૂતપૂર્વ ઓલરાઉન્ડર ખેલાડી યુવરાજ સિંહ લોકડાઉન દરમિયાન સોશિયલ મીડિયા પર છવાયેલો છે. તે પોતાના નિવેદનોના કારણે ઘણો ચર્ચામાં છે. તાજેતરમાં યુવરાજે સિંહે કહ્યું હતું કે ટીમ ઈન્ડિયામાં હાલ સિનિયર્સ ખેલાડીઓનું સન્માન નથી થતું. ત્યારે હવે યુવરાજ સિંહે વધુ એક ચોંકવનારો અને મોટો ખુલાસો કર્યો છે.



મીડિયા રિપોર્ટ મુજબ સોમવારે ઈન્સ્ટાગ્રામ પર મોહમ્મદ કૈફ સાથે લાઈવ ચેટ દરમિયાન યુવરાજ સિંહે નામ લીધા વગર પોતાના વિરોધી કોમેન્ટેટર્સ પર નિશાનો સાધ્યો છે. મોહમ્મદ કૈફે જ્યારે યુવરાજ સિંહને પૂછ્યું કે શું તે પણ કોમેન્ટ્રી કરવા અંગે વિચારી રહ્યો છે. ત્યારે જવાબ આપતા યુવીએ કહ્યું કે, 'કોમેન્ટ્રી બોક્સમાં તમે લોકો સહન કરી શકો છો, પરંતુ હું અમુક લોકોને સહન નથી કરી શકતો. જ્યારે યોગ્ય સમય આવશે ત્યારે હું કરીશ કોમેન્ટ્રી.'

રિપોર્ટ પ્રમાણે આ સિવાય યુવરાજે કહ્યું કે, 'હું મોટી ટુર્નામેન્ટ્સમાં કોમેન્ટ્રી કરવા માંગુ છું. હું હંમેશા કોમેન્ટ્રી નથી કરી શકતો. મારી અંદર આટલી હિમ્મત નથી. હંમેશા ક્રિકેટની વાત કરવી મારી માટે શક્ય નથી.' ઉપરાંત યુવીએ કહ્યું કે, 'હું યુવા ખેલાડીઓની ટીકા કરવી યોગ્ય સમજતો નથી. કારણ કે હું તેમની જગ્યાએ રહી ચૂક્યો છું. લોકો ટીકાઓ કરે છે તો મને દુઃખ થાય છે. આ પણ એક કારણ છે કે હું કોમેન્ટ્રી નથી કરવા માંગતો. પરંતુ મને કોચ બનવું પસંદ છે. હું કોમેન્ટ્રી કદાચ નહીં કરું. એક-બે વર્ષ પછી આ અંગે વિચાર કરીશ.' આ લાઈવ ચેટ દરમિયાન યુવી અને મોહમ્મદ કૈફે સાથે રમેલી મેચ અને તે સમયને પણ યાદ કર્યો હતો.

પાણીમાં નહી હવામાં તરી રહી છે ઓલિમ્પિક સ્વીમર જૂલિયા



નવી દિલ્હી

સેલિબ્રેટી હોય કે સામાન્ય માણસ કોરોના વાયરસના પ્રકોપમાં બહાર નિકળવું મુશ્કેલ બની ગયું છે. ભારત સહિત દુનિયાના અનેક દેશોમાં સોશિયલ ડિસ્ટન્સિસના પાલન થાય તે માટે લોકડાઉનનો અમલમાં છે. આધૂનિક ઈતિહાસમાં બે વિશ્વયુદ્ધને બાદ કરતા પ્રથમ વાર વિશ્વ કુંભ ગણાતો ઓલિમ્પિકસ રમતોત્સવ કેન્સલ થયો છે જે વર્તમાન વર્ષમાં જાપાનના ટોકિયો ખાતે યોજાવાનો હતો.

સ્પોર્ટસના પ્રોફેશનલ ખેલાડીઓ સફળતા માટે વર્ષો સુધી રોજ રોજ મહેનત કરતા હોય છે તેઓ અનિવાર્ય સંજોગો સિવાય પ્રેકટિશ કરવાનું ચુકતા નથી પરંતુ લોક ડાઉનના કારણે શિડયૂલ્ડ ખોરવાઈ ગયું છે લોકો ઘરમાં પુરાઈ રહયા છે ત્યારે રશિયાની એક સ્વિમર ખેલાડી જૂલિયા એફિમો વગર પાણીએ ઘરે રહીને તરવાની પ્રેકટિશ કરતી હોવાના ફોટા વાયરલ થયા છે. સ્વિમિંગ પૂલ વિના તરવાનો આ તરીકો નવાઈ પમાડે તેવો છે. જૂલિયાએ કોઈ સામાન્ય સ્વિમર નથી પરંતુ આંતરરાષ્ટ્રીય ક્ષેત્રે નામના ધરાવે છે

અને તે ઓલિમ્પિકસમાં પણ ભાગ લે છે. તેણે પોતાના ફોટા અને પાણી વગરની સ્વિમિંગ કળાના વીડિયો સોશિયલ મીડિયા શેર કર્યા છે. જેમાં તે દિવાલના ખૂણાની મદદથી પગ ભરાવીને સ્વિમિંગ કરતી હોય એમ હાથ હલાવતી રહે છે અને એ મુજબ બોડીનું હલન ચલન પણ કરે છે. કોઈ પણ ખેલાડી પોતે સ્થાપેલા નિયમો અને સતત પ્રેકટિશ કરવાના સ્વભાવથી સફળ થયા હોય છે. ૩ સિલ્વર મેડલ જીતનારી જૂલિયાએ સાબીત કર્યુ છે ટાંચાં સાધનો અને મર્યાદાઓ વચ્ચે પણ કોઠાસૂઝથી પ્રેકટિશ કરી શકાય છે.

ડીસાના રાણપુરમાં પતિને બાંધી મારમારી પત્ની પ્રેમી સાથે ફરાર થતા ચકચાર

ડીસા

ડીસાના રાણપુર ગામે પત્ની પતિને ઝાડ સાથે બાંધી મારમારી પ્રેમી સાથે ફરાર થઈ જતાં ચકચાર મચી છે. ડીસા રાણપુર આથમણાવાસ ગામે જીવણજી ગણાજી ઠાકોર પત્ની અને બાળકો સાથે રહે છે. ત્યારે આ જીવણજીના ઘરે દાંતીવાડા તાલુકાના ઓઢવા ગામનો પ્રકાશ જેન્તીજી ઠાકોર અવરજવર કરતો હોય તે બાબતે યુવકે તેની પત્નીને પૂછતાં તેઓ એ મામાનો દીકરોભાઈ હોવાનું જણાવેલ. દરમિયાન ગતરોજ આ પ્રકાશ અને તેના મિત્રો જેન્તીજીના ઘરે આવતા તેઓને લોકડાઉનમાં અમારા ઘરે ના આવશો એવું કહેતા અન્ય બે ઈસમો જતા રહ્યા હતા. અને પ્રકાશ ઘરે રોકાયેલ જેથી જેન્તીજીએ ના પાડતા તેની પત્નીએ પ્રકાશ મારા ઘરે જ રહેશે તેવું કહી તને તો મારી નાખવો છે.

ખાવામાં ઝેર આપી દઉં તેમ કહી ખાવાનું આપેલ. જોકે, જેન્તીજીએ ખાવાંની ના પાડતા તેની પત્ની અને પ્રેમી પ્રકાશએ માથાના ભાગે પાવડાનો ઘા મારી ઘર આગળ લીમડાના ઝાડ સાથે બાંધી બાળકો સાથે નાસી ગયા હતા. જોકે, લોહીલુહાણ હાલતમાં જોઈને ગ્રામજનોએ સરપંચને જાણ કરેલી જેથી સરપંચ દોડી ડીસા તાલુકા પોલીસને જાણ કરેલી. જેથી પોલીસ આવી યુવકને સારવાર અર્થે ખસેડ્યો હતો.

જેન્તીજીના કહ્યા મુજબ તે પ્રકાશને આવવાનું ના પાડે ત્યારે તેની પત્ની ખોટા કેસ કરી જેલમાં પુરાવી દેતી હતી. અને મારઝૂડ કરતી સાથે પ્રકાશ અને તેની પત્ની બળજબરીથી દારૂ મોઢામાં રેડી અને પોલીસને બોલાવી દારૂ પી ધમાલ કરે છે તેવું પોલીસને જણાવતી. જેથી પોલીસ લઈ જતી અને જેલમાં રાખતી હતી જેની હકીકત સામે આવી હતી.

રાજકોટમાં યુવતી સગર્ભા થતાં યુવાને નકારતા મામલો પોલીસ મથકે પહોચ્યો

રાજકોટ

હાલ લોકડાઉન ની પરિસ્થિતિ વચ્ચે પણ શહેરમાં દૂષ્કર્મની વધુ એક ઘટના સામે આવી છે. મૂળ જુનાગઢના વંથલી પંથકના યુવાન અને રાજકોટની યુવતિ વચ્ચે શિવરાત્રીના મેળામાં મુલાકાત થયા બાદ પ્રેમ પાંગર્યો હતો અને યુવાને લગ્ન કરી લેવાની લાલચ આપી હતી. એ પછી વાત આગળ વધી હતી, યુવતી સગર્ભા થઈ જતાં હવે યુવાને આ ગર્ભ મારો નથી.તેમ કહી લગ્ન કરવાની ના પાડી દઈ મારી નાંખવાની ધમકી આપતાં સમગ્ર મામલો પોલીસ મથક સુધી પહોચ્યો છે. પોલીસે ગુનો દાખલ કરી આરોપીની શોધખોળ હાથ ધરી છે. પ્રાપ્ત માહિતી મુજબ ગઈકાલે એક પુખ્ત વયની યુવતિ બી-ડિવીઝન પોલીસ મથકમાં પહોંચી હતી.

તેણીએ પોતાના પેટમાં ગર્ભ હોવાની અને પ્રેમીએ લગ્નની લાલચ આપી દૂષ્કર્મ આચર્યા બાદ હવે ગર્ભ પોતાનો નથી તેમ કહી લગ્નની ના પાડી દીધાનું જણાવતાં ફરિયાદ નોંધાવી હતી.યુવતીની ફરિયાદ પરથી મુળ વંથલીના સાંતલપુરના અને હાલ કુવાડવાની વાંકાનેર તરફ જતાં રોડ પર પ્લાસ્ટીકની પટ્ટીના કારખાનામાં કામ કરી ત્યાં રહેતાં ક્રિષ્ના ઉર્ફ ક્કન નાથાભાઈ વાણવી નામના શખ્સ સામે ગુનો નોંધ્યો છે. લોકડાઉન જાહેર થયું એ પહેલા તે વતન જતો રહ્યો હોવાથી તેની ધરપકડના ચક્રો ગતિમાન કરાયા છે.દોઢેક વર્ષ પહેલા યુવતિ અને તેનો પરિવાર જુનાગઢ શિવરાત્રી મેળામાં ગયો ત્યારે ક્રિષના ઉર્ફ ક્કન સાથે ઓળખાણ થઈ હતી.

તે કુવાડવાના કારખાનામાં રહી કામ કરતો હોઈ અને યુવતિ રાજકોટ રહેતી હોઈ મેળાની મુલાકાત આગળ વધી હતી અને એ પછી બંને વચ્ચે પ્રેમ થયો હતો. બંનેએ મળવાનું પણ શરૂ કર્યુ હતું. યુવાને પોતે લગ્ન કરી લેશે તેમ કહી પરાણે શરીર સંબંધ બાંધી લીધા હતાં. એ દરમિયાન યુવતિને ગર્ભ રહી ગયો હતો. પાંચેક મહિના પહેલા યુવતીના ઘરે સમગ્ર મામલાની ખબર પડતાં પુછતાછ કરતાં તેણીએ આ ક્રિષ્ના ઉર્ફ ક્કન થકી ગર્ભ રહી ગયાની વાત કરી હતી.

હાર્દિક અને કૃણાલ પંડ્યાની ૯ વર્ષ જૂની તસવીર સામે આવતા શ્રેયસ ઐયરે કહ્યા 'કરણ-અર્જુન'

નવી દિલ્હી

કોરોના વાયરસના કારણે દેશમાં હાલ લોકડાઉન લાગુ છે. જેના કારણે આમ આદમીથી લઈ સેલિબ્રિટી, રાજકારાણીઓ, સ્પોર્ટ્સ પર્સન ઘરમાં પુરાઈ રહેવા મજબૂર છે. તેઓ આ દરમિયાન એકબીજા સાથે વાત કરવા સોશિયલ મીડિયા પ્લેટફોર્મનો ઉપયોગ કરી રહ્યા છે. ટીમ ઈન્ડિયાનો સ્ટાર ઓલરાઉન્ડર હાર્દિક પંડ્યા સોશિયલ મીડિયા પર ઘણો સક્રિય રહે છે. તે સતત તસવીરો અને વીડિયો પોસ્ટ કરીને ફેન્સનું મનોરંજન કરતો રહે છે. હાર્દિક પંડ્યાએ તેની જૂની યાદો ફેન્સ સાથે શેર કરી છે.

હાર્દિકે ઈન્સ્ટાગ્રામ પર ભાઈ કૃણાલ પંડ્યા સાતે ૯ વર્ષ જૂનો ફોટો શેર કર્યો છે. ભાઈ કૃણાલને ટેગ કરીને લખ્યું, સ્વેગ મારો દેસી છે. ભારતે ૨૦૧૧માં વર્લ્ડકપ જીત્યો તે વર્ષનો ફોટો પંડ્યા બ્રધર્સના ફેન્સને ઘણી પસંદ આવી રહ્યો છે. પંડ્યાના ફોટા પર શ્રેયસ ઐયરે કમેન્ટ કરીને લખ્યું- કરણ અર્જુન. જ્યારે શિખર ધવને જબરદસ્ત લખ્યું હતું. હાર્દિક પંડ્યા અને કૃણાલ પંડ્યા બંને ભારત તરફથી રમે છે. કૃણાલ પંડ્યાએ ડિસેમ્બર ૨૦૧૭માં પંખુડી શર્મા સાથે લગ્ન કર્યા હતા. જ્યારે હાર્દિકે ૨૦૨૦ના પ્રથમ દિવસે જ નતાશા સ્ટાનકોવિક સાથે સગાઈ કરી હતી.

અમદાવાદમાં કોવિડ હોસ્પિટલ બાદ રાશનના અનાજની ગુણવત્તા સામે પણ સવાલો

અમદાવાદ

અમદાવાદની કોવિડ હોસ્પિટલમાં મેડિકલ સ્ટાફને હલકી ગુણવત્તાવાળું ભોજન અપાયાનું સામે આવ્યા બાદ હવે રાશનના અનાજની ગુણવત્તા સામે પણ સવાલો ઉઠ્યા છે. અમદાવાદના નરોડામાં કઠવાડા રોડ પરની મુરલીધર સોસાયટીમાં સરકારે ગરીબોને અનાજ વિતરણ તો કર્યું.

પરંતુ અનાજ વિતરણના નામે જાણે કે સરકાર ગરીબોની મજાક ઉડાવતી હોય તેમ આ અનાજની ગુણવત્તા એટલી નબળી છે કે તેનાથી ગરીબોનું પેટ ઠરવાની વાત તો દૂર રહી. ગરીબોના કોઈ કામમાં પણ આવી શકે તેમ નથી. ગરીબોને અપાતા ઘઉંમાં એટલા કાંકરા છે કે કાંકરામાં ઘઉં છે કે ઘઉંમાં કાકરા તેવો પ્રશ્ન ઉદ્દભવે ગરીબોને પશુઓ ખાય તેવી નિમ્ન કક્ષાનું રાશન વિતરણ કરવામાં આવતા લોકોમાં ભારે રોષ પ્રવર્તી રહ્યો છે.

ખંભાતમાં નવા ૪ કોરોના કેસ નોંધાયા તંત્રમાં દોડધામ

આણંદ

આણંદ જિલ્લાના ખંભાતમાં નવા ૪ કોરોના પોઝિટીવ કેસ નોંધાયા છે. દંતારવાડા વિસ્તારમાં કોરોનાનો કેસ સામે આવ્યો છે. જેથી ખંભાત નગરપાલિકા અને દંતારવાડા વિસ્તારમાં સેનેટાઈઝિંગની કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. ઉલ્લેખનિય છે કે ખંભાતમાં અત્યાર સુધીમાં ૨૩ કેસ નોંધાયા છે. જેથી ખંભાત પ્રવેશ દ્વારા પાસે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો છે.

રાજકોટના મુન્નાબાપુની વીડિયો દ્વારા લોકોને અપીલ

કોરોનાને ગંભીરતાથી લો નહીં તો એ તમને ગંભીર બનાવી દેશે

રાજકોટ

ગુજરાતમાં કોરોના સંકટમાં કોરોના વોરિયર્સ પણ એક પછી કોરોનાનો શિકાર બની રહ્યા છે ત્યારે રાજકોટના મુન્નાબાપુનો વીડિયો હાલ ખુબ વાયરસ થયો છે. વીડિયોમાં મુન્નાબાપુ લોકોને અપલી કરતા જોવા મળી રહ્યા છે. કોરોનાને ગંભીરતાથી લો નહીં તો એ તમને ગંભીર બનાવી દેશે તેવો પણ સંદેશ આપતા જોવ મળ્યા હતા. રાજકોટના જંગલેશ્વરના મુન્નાબાપુનો વિડિયો વાઇરલ થયો હતો. બે દિવસ પહેલાં મુનાબાપુનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. સિવિલમાંથી ભાગેલા અલ્તાફને અડ્યા પછી કોરોના થયો હોવાની માહિતી આપી છે.

જંગલેશ્વરમાં લોકો પણ ધ્યાન આપે એકબીજાનો સંપર્ક કર્યો હોય તો મારી જેમ ચેકિંગ ટેસ્ટ કરાવી લે તેવું નિવેદન આપ્યું હતું. તેમણે વધુમાં કહ્યુ હતુ કે, કોરોનાથી મરવું હોય તો જ કારણ વગર બહાર ફરો. જો તમે સહેજ પણ કોઈ એવી જગ્યાએ ગયા હોવ જ્યાં કોરોના પોઝિટિવ વ્યક્તિના સંપર્કમાં આવ્યા હોવ તો સૌથી પહેલા તમારો રિપોર્ટ કરાવો. કોરોનાના વાહક ન બનો.

ગોંડલમાં નાઈટ વોકિંગ કરવા નીકળેલા ૧૦ મહિલા સહિત ૨૨ લોકો ઝડપાયા

ગોંડલ

ગોંડલમાં વિવિધ વિસ્તારમાં રહેતા લોકો દ્વારા લોકડાઉનનો ઉલાળિયો કરી નાઈટ વોકીંગના બહાને લટાર મારવામાં નીકળેલા ૨૨ લોકોને ઝડપી પાડવામાં આવ્યા છે. જેમાં ગોંડલ પાલિકાના પૂર્વ મહિલા પ્રમુખ અને ૧૦ મહિલાઓનો પણ સમાવેશ થાય છે. છગનભાઈ સતાસીયા, વિજય મનસુખભાઈ હડિયા, અવનીબેન વિશાલભાઈ ભેંસાણીયા, કૈલાશબેન નિકુંજભાઈ અદરોમ, ભાવનાબેન મનસુખભાઈ કથીરિયા, ગીતાબેન સુરેશભાઈ કથીરિયા, શારદાબેન રમેશભાઈ સતાસીયા, ઉમગભાઈ વિનુભાઈ રાયચુરા, રજનીશભાઈ વિઠ્ઠલભાઈ રૈયાણી, વિઠ્ઠલ મોહનભાઈ પડારીયા, મધુબેન નિલેશભાઈ પાવ, સુધીરભાઈ વિનોદભાઈ પંડ્યા, ગીતાબેન સંજયભાઈ સાટોડીયા, મનસુખ નાનજીભાઈ ધોળકિયા, વૈશાલીબેન દિવ્યેશભાઈ ધોળકિયા, જગદીશભાઈ મોહનભાઈ દઢાણીયા, રમેશ ભીમજીભાઈ ભુવા, મહેશ કેશુભાઈ વ્યાસ, નસંગ નિલેશભાઈ પાવ, મયંક વિઠ્ઠલભાઈ કોટડીયા, ઉષાબેન મનસુખભાઈ ભાલારા(પૂર્વ પ્રમુખ ગોંડલ નગરપાલિકા) તેમજ રૂપાબેન ભરતભાઈ ઉનડકટને ઝડપી લેવામાં આવ્યા છે. પોલીસે ઉપરોક્ત તમામ વિરુદ્ધ જાહેરનામા ભંગનો ગુનો નોંધી વધુ કાર્યવાહી હાથ ધરી હતી.

કોરોના સંકટ પહેલા પાનાથી ચાલુ

૭૫ હજાર રેપિડ ટેસ્ટ કરશે

દેશમાં સૌથી સુરક્ષિત સ્થળોમાંનું એક રાષ્ટ્રપતિ ભવન પણ કોરોનોના સંકજામાં આવી ગયું છે. રાષ્ટ્રપતિ ભવનમાં કામ કરનારા એક સફાઈકર્મીની પુત્રવધુ કોરોના પોઝિટિવ આવી છે. તે પોતાના પરિવાર સાથે જ રાષ્ટ્રપતિ ભવનના કેમ્પસમાં રહેતી હતી. ત્યારબાદ કેમ્પસમાં રહેતા ૧૨૫ પરિવારોને હોમ ક્વૉરન્ટીન કરી દેવાયા છે.

સંક્રમિત મહિલાના સાસુની હાલમાં જ કોરોના વાયરસથી મોત થયુ છે. પીડિત મહિલાના પતિ અને પરિવારના અન્ય સભ્યો ઉપરાંત પડોશના બે અન્ય ઘરોમાં રહેતા કુલ ૧૧ લોકોને પણ હોમ ક્વોરંટાઈનમાં રહેવાના નિર્દેશ આપવામાં આવ્યા છે. જ્યારે રાષ્ટ્રપતિ ભવન પરિસરમાં કામ કરતા ૧૦૦થી વધુ સફાઈકર્મી, માળી તેમજ દેખરેખ કરતા અન્ય લોકો પણ આ દરમિયાન મહિલાના પતિના સંપર્કમાં આવ્યા હતા.આ બધાને સાવચેતી રાખવા માટે કહેવામાં આવ્યુછે. જો કે મહિલાની દીકરીમાં પણ કોરોનાના હળવા લક્ષણો દેખાયા હતા પરંતુ તેનો ટેસ્ટ નેગેટીવ આવ્યો છે. આરોગ્ય મંત્રાલયના જરૂરી દિશા-નિર્દેશો મુજબ ૧૨૫ પરિવારોને આઈસોલેશનમાં રહેવાની સલાહ આપવામાં આવી છે.

દિલ્હી હવામાન વિભાગમાં એક કર્મચારીનું કોરોના સંક્રમણથી મોત થયું છે. તેમના સંપર્કમાં આવેલા ૧૦ લોકો પોઝિટિવ માલુમ પડ્યા છે. તો યુપીના રાયબરેલીમાં ૩૩ લોકો કોરોના પોઝિટિવ મળ્યા છે. આ લોકો જમાતના સંપર્કમાં હતા

રેપિડ ટેસ્ટ કીટમાં ગરબડ હોનાનો દાવો કરીને રાજસ્થાન સરકારે કોરોનાની તપાસ અટકાવી દેતા વિવાદ સર્જાયો છે. તો લોકસભા સચિવાલયમાં કામ કરતો એક કર્મચારી કોરોના પોઝિટિવ આવ્યો છે. તેને , ઈસ્ર હોસ્પિટલમાં દાખલ કરાયો છે. દરમ્યાનમાં દિલ્હીના સીએમ અરવિંદ કેજરીવાલે કહ્યું કે, તેમની સરકાર દિલ્હીના પત્રકારોના કોવિડ-૧૯ની તપાસ કરાવશે.

મધ્યપ્રદેશમાં કોરોનાના કારણે ઉજ્જૈનના નીલગંગા પોલીસ સ્ટેશનના પ્રભારી યશવંત પાલનું કોરોનાના કારણે મોત થયું છે. તે અંબર કોલોની કન્ટેનમેન્ટ વિસ્તારમાં ડ્યૂટી દરમિયાન કોરોના પોઝિટિવ થયા હતા. તેમની સારવાર ઈન્દોરના અરવિંદો હોસ્પિટલમાં ચાલી રહી હતી. આજે સવારે તેમનું મોત થયું છે.

મહારાષ્ટ્રમાં અત્યાર સુધીમાં ૨૩૨ લોકોનાં મોત થયા છે. કોરોનાને કારણે મહારાષ્ટ્રમાં સૌથી વધુ વિનાશ જોવા મળી રહી છે. મહારાષ્ટ્રમાં કોરોના વાયરસના કુલ ૪,૬૬૬ પોઝિટિવ કેસ નોંધાયા છે. કોરોનાના આ કુલ કેસોમાં ૩,૮૬૨ કેસ સક્રિય છે અને ૫૭૨ લોકો સંપૂર્ણ રીતે સાજા થયા છે અથવા છૂટા થયા છે. આ રાજ્યમાં અત્યાર સુધીમાં ૨૩૨ લોકોએ જીવ ગુમાવ્યો છે.

દિલ્હીમાં અત્યાર સુધીમાં ૪૭ લોકોનાં મોત નીપજ્યાં છે. રાજધાની દિલ્હીમાં પણ કોરોના ચેપનો મામલો વધી રહ્યો છે. રાજધાનીમાં કોરોના વાયરસના ૨૦૮૧ કેસોમાં અત્યાર સુધીમાં ૧૬૦૩ સક્રિય કેસ છે. જ્યારે કોવિડ-૧૯ રોગચાળાને કારણે ૪૭ લોકોનાં મોત નીપજ્યાં છે, ૪૩૧ લોકો સંપૂર્ણ સ્વસ્થ થયા છે.

લોકસભા સચિવાલયમાં હાઉસકીપિંગ કર્મચારીનો કોરોના અહેવાલ સકારાત્મક બન્યો ત્યારબાદ હંગામો મચી ગયો છે. એક અધિકારીએ કહ્યું કે ચેપગ્રસ્ત વ્યક્તિના સંપર્ક ઈતિહાસની પણ તપાસ કરવામાં આવી રહી છે, આ સિવાય સંસદમાં કામ કરતા અન્ય કર્મચારીઓની પણ તપાસ કરવામાં આવી રહી છે. તે જ સમયે, ચેપગ્રસ્ત કર્મચારીના આખા પરિવારને અલગ રાખવામાં આવ્યા છે, તેમજ તબીબી ટીમ પણ તેમની નજર રાખી રહી છે.

કોરોના વાયરસની પહેલા પાનાથી ચાલુ

થતા અને કોરોનાના લક્ષણ જોવા મળ્યા બાદ મહિલાનો ટેસ્ટ કરાયો અને જ્યારે રવિવાર રિપોર્ટ પોજિટીવ આવ્યો તો આખા પ્રેસિડન્ટ એસ્ટેટમાં આ સમાચાર આગની જેમ ફેલાઈ ગયા.

ચીને ટ્રમ્પની પહેલા પાનાથી ચાલુ

એન્ડ ગ્રેજયુએટ એજયુકેશન માટે બ્રેડસેન સેન્ટરના નિર્દેશક છે. સાથે ઓઆરએનએલ ગવર્નરના ઉન્નત વિનિર્માણના અધ્યક્ષ પણ છે. બાબુઆ બોર્ડમાં ત્રીજા ભારતીય અમેરિકન સભ્ય હશે. અન્ય બેમાં એરિજોના સ્ટેટ યુનિ.ના સેથુરમન પંચનાથન અને યુનિ. ઓફ વર્મોંટના સુરેશ વી ગરિમેલા છે.

અમેરિકાન રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ચીન સાથેના વલણમાં કોઈ ફેરફાર નથી આવ્યો . ટ્રમ્પે હવે કહ્યું છે કે તે કોરોનાની જાણકારી માટે વિશેષજ્ઞોની ટીમ ચીન મોકલવા ઈચ્છે છે. વ્હાઈટ હાઉસમાં પત્રકાર પરિષદ દરમિયાન તેમણે કોરોનાને પ્લેગ જેવો ગણાવતા કહ્યું હતું કે તે ચીનથી ખુશ નથી. કેમ કે તેણે કોઈ જાણકારી આપતા અચકાઈ રહ્યુ છે. ચીને ટ્રમ્પની માંગણી ફગાવી દીધી છે. ચીને સોમવારે ટ્રમ્પની માંગણીને ફરાવી દીધી હતી. જેમાં તેઓ વિશેષજ્ઞોની ટીમ તપાસ માટે ચીનના વુહાન મોકલવા માંગતા હતા. ચીની વિદેશ મંત્રાલયના પ્રવક્તા ગેંગ શુઆંગે કહ્યું કે ચીન આરોપી નથી બલ્કી વાયરસથી પીડિત છે. અહીં વાયરસ ગમે ત્યાં મળી શકે છે. ૨૦૦૯માં અમેરિકામાં એચ૧એન૧ ઈફ્લૂએન્ઝાની પહેલા ખબર પડી હતી? શું કોઈએ અમેરિકા પાસે જવાબ માંગ્યો હતો?

વિશ્વભરમાં પહેલા પાનાથી ચાલુ

હાઉસ સ્ટાફ, સિંધ સીએમ, સીએમ હાઉસ સ્ટાફ અને તેના સંપર્કમાં આવેલા બિઝનેસમેનને પણ કોરોનાનો ખતરો ઊભો થયો છે, તમામ સેલ્ફ ક્વોરન્ટિન થવા ઉપરાંત ટેસ્ટ પણ કરાવી શકે છે.

ઓસ્ટ્રેલિયામાં શટડાઉન થવાથી અને બિઝનેસ બંધ કરવાથી ૭.૮૦ લાખ નોકરીઓ ગઈ

ઓસ્ટ્રેલિયામાં શટડાઉન થવાથી અને બિઝનેસ બંધ કરવાથી ૭.૮૦ લાખ લોકોની નોકરીઓ ગઈ છે.સરકારી આંકડા મુજબ ૧૪ માર્ચ અને ચાર એપ્રિલ વચ્ચે ઓસ્ટ્રેલિયામાં નોકરીઓમાં છ ટકાનો ઘટાડો થયો છે. વિક્ટોરિયા અને તસ્માનિયા રાજયમાં સૌથી વધારે નોકરીઓ ગઈ છે.

જેક મા ડબલ્યુએચઓને લાખો માસ્ક અને ટેસ્ટ કીટ આપશે

અલીબાબાના ફાઉન્ડર જેક મા જાહેરાત કરી છે કે તે વિશ્વ આરોગ્ય સંસ્થાને લાખો માસ્ક અને ટેસ્ટ કીટ ડોનેટ કરશે. ચીનના સોશિયલ મીડિયા પ્લેટફોર્મ વાઈબોના માધ્યમથી તેમણે કહ્યું કે તે ૧૦ કરોડ ક્લિનિકલ માસ્ક, ૧૦ લાખ એન-૯૫ માસ્ક અને ૧૦ લાખ ટેસ્ટ કીટ ડોનેટ કરશે. પોસ્ટ સાથે તેણે વન વર્લ્ડ, વન ફાઈટ પણ લખ્યું.

અમેરિકાના ન્યૂયોર્કમાં મૃત્યુઆંક ૧૯ હજારની નજીક

અમેરિકાનો સૌથી પ્રભાવિત રાજય ન્યૂયોર્ક છે. અત્યાર સુધીમાં અહીં ૧૮ હજાર ૯૨૯ લોકોએ જીવ ગુમાવ્યો છે. આરોગ્ય વિભાગના જણાવ્યા મુજબ અત્યાર સુધીમાં ન્યૂયોર્ક રાજ્યમાં બે લાખ ૪૭ હજાર ૫૧૨ પોઝિટિવ કેસ નોંધાયા છે. રવિવારે અહીં ૪૭૮ લોકોના અને શનિવારે ૫૦૭ લોકોના મોત થયા છે.

કોરોનાથી ચીનને પહેલા પાનાથી ચાલુ

મેડિકલ ડિવાઈસ, ટેક્સટાઈલ્સ અને સિંથેટિક ફેબ્રિક્સનાં ક્ષેત્રમાં સક્રિય છે અને હવે ભારતમાં આવવા ઈચ્છે છે. જો સરકાર તરફથી પોઝિટિવ રિસ્પોન્સ રહ્યો તો આ ચીન માટે મોટો ઝાટકો હશે. સાથે જ ચીનનાં હાથમાંથી મેન્યુફેક્ચરિંગ હબનો તાજ છીનવાઈ જવાનો ખતરો રહેશે. કેન્દ્રની મોદી સરકાર સતત વિદેશી રોકાણકારોને આકર્ષવાનાં પ્રયત્નો કરી રહી છે. ગત વર્ષે કોર્પોરેટ ટેક્સ ઘટાડીને ૨૫.૧૭ કરી દીધો હતો. તો નવી ફેક્ટરીઓ માટે ટેક્સ ઘટાડીને ૧૭ ટકા પર લાવી દીધો હતો.

આ ટેક્સ દક્ષિણ-પૂર્વ એશિયામાં સૌથી ઓછો છે. સરકારે મિનિમમ અલ્ટરનેટ ટેક્સમાં રાહત આપી છે. કંપનીઓને હવે ૧૮.૫ ટકાની જગ્યાએ ૧૫ ટકાનાં દરથી સ્છ આપવાનો રહેશે. ઉલ્લેખનીય છે કે સ્છ એ કંપનીઓ પર લગાવવામાં આવે છે જે નફો તો કમાય છે, પરંતુ છૂટછાટનાં કારણે તેમના પર ટેક્સની લેણદારી ઓછી હોય છે.

ગુજરાતમાં કોરોના પહેલા પાનાથી ચાલુ

જયારે અમદાવાદમાં ૧૨૪૮ કેસ નોંધાયા છે. સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ કેસો સાથે અમદાવાદ મોખરે છે. બીજા નંબરે ૨૬૯ કેસો સાથે સુરત છે અને ત્રીજા નંબરે ૧૮૮ કેસો વડોદરામાં નોંધાયા છે. આ આંકડા ગઈકાલ એટલે કે સોમવાર રાત સુધીના છે.

આજે નવા ૧૨૭ કેસમાંથી અમદાવાદ ૫૦, સુરતમાં ૬૯, અરવલ્લી ૧, ગીર સોમનાથ ૧, ખેડા ૧, રાજકોટ ૨, તાપી ૧ અને વલસાડમાં ૨ કેસ નોંધાયો છે. અમદાવાદમાં આજે નવા ૫૦ કેસ ઘાટલોડિયા, દૂધેશ્વર, દરિયાપુર, ચાંદખેડા, જમાલપુર, રાયખડ, જુહાપુરા, શાહીબાગ, બહેરામપુરા, મણીનગર, હાથીજણ, વસ્ત્રાલ, મેમનગર, નારણપુરા, દાણીલીમડા, ગીતામંદિરમાં નોંધાયા છે.

છઝરાયેલ પહેલા પાનાથી ચાલુ

જોકે, તેઆનાથી ઈકાર કરી રહ્યા છે. દેશમાં એક વર્ષમાં ત્રણ ચૂંટણી થઈ ચુકી છે, ત્યારબાદ પણ સરકાર બની શકી નથી.

હવે ફરી કરવા માંડ પહેલા જેવી તું ધમાલ ઉઠાવ કલમ ને કરવા લાગ ફરીથી કમાલ



"પ્રેમની વસંત બારેમાસ"

નીલકંઠ વાસુકિયા
મો.નંબર-9824856247
WRITER THINKER COLUMNIST

શહેરની વચ્ચેથી નિર્મળ સરીતા પસાર થઈ રહી છે અને નદીના કિનારા પર વિશાળ હવેલી જેવુ મકાન આવેલુ છે. આ મકાનમાં પરીવારજનો ખુશીથી સાથે મળીને જીવન જીવી રહ્યા છે પરંતુ પરીવારની એક જ ઈચ્છા પરીપુર્ણ નથી થઈ. પરીવારમાં કોઈ દિકરી નથી એટલે પરમેશ્વરને પ્રાર્થના કરીને દિકરી માંગવામાં આવે છે. પરમેશ્વર પણ પરીવારની પ્રાર્થના સાંભળે છે અને અવંતિકા દિકરીને જન્મ આપે છે. દિકરીના આગમનથી પરીવારમાં ખુશીઓ છવાઈ જાય છે અને ઘરમાં ઉત્સવ જેવું વાતવરણ જોવા મળી રહ્યુ છે. એકની એક દિકરીનું નામ કાવ્યા રાખવામાં આવે છે. કાવ્યા નાનપણથી જ ખુબ તોફાની અને જીદ્દી છે. પરીવારની એકનીએક લાડલી હોવાથી ઘરના તમામ લોકો કાવ્યાની તમામ ઈચ્છાઓ પુર્ણ કરે છે. વર્ષો વિતતા ક્યાં વાર લાગે છે અને કાવ્યા બાલમંદિરથી લઈને ઉચ્ચતર માધ્યમિક શાળા સુધીનો અભ્યાસ પુર્ણ કરે છે. તોફાનની સાથે ભણવામાં પણ ખુબ જ હોંશિયાર હોવાથી કાવ્યાને પરીવારજનો પોતાની પસંદગીના વધુ ઉચ્ચ અભ્યાસ કરવાની છુટ આપે છે અને હવે કાવ્યા પોતાના સ્વતંત્ર નિર્ણયો પણ લેવા લાગી છે. કોલેજના અભ્યાસની સાથે કાવ્યા કલમ પર હાથ અજમાવવાનું શરૂ કરે છે. નવરાશની પળોમાં કાવ્યા પોતાની ડાયરીમાં કવિતા, શાયરી, લઘુ વાર્તાઓ લખ્યા કરે છે અને કોલેજમાં મિત્રોની સાથે પોતાના વિચારોને મુક્તમનથી વ્યક્ત કરે છે. કાવ્યાની રચનાઓની કોલેજમાં ખુબ જ વખાણ કરવામાં આવી રહ્યા છે. કાવ્યા હંમેશા પોતાના માટે રચનાઓ લખે છે અને મિત્રોને મોકલે છે. પ્રેમ પરની કાવ્યાની રચનાઓ વાંચીને અનેક લોકો કાવ્યાને પ્રેમમાં પડી હોવાનું કહી રહ્યા છે પરંતુ કાવ્યા તો એટલુ જ કહે છે કે, હું અત્યારે તો કોઈના પ્રેમમાં પડી નથી પરંતુ જો કોઈને પ્રેમ કરીશ તો ખુલ્લેઆમ કરીશ. પ્રેમને કાંઇ છુપાવવાનો ન હોય. કાવ્યા સ્પષ્ટ વક્તા છે અને ગમે તેવા વ્યક્તિને તેના પ્રશ્નનો મોઢા પર જ ત્વરીત જવાબ આપી દે છે. અનેક યુવકો કાવ્યાને પ્રપોઝ કરે છે પરંતુ કાવ્યા કોઈને રીસ્પોન્સ આપતી નથી અને અભ્યાસની સાથે તેની રચનાઓ લખવામાં મસ્ત રહે છે. આવી રીતે કોલેજના ત્રણ વર્ષનો અભ્યાસ પુર્ણ થયા પછી કાવ્યા આગળ અભ્યાસ કરવાનું ટાળે છે અને નોકરીની શોધખોળ શરૂ કરે છે. પરંતુ કોલેજ પુર્ણ થયા પછી પણ લેખનનો શોખ જાળવી રાખે છે.

કાવ્યાને વાંચન લેખનનો શોખ હોવાથી તેને અનુરૂપ હોય તેવી નોકરી કરવા માંગે છે. પરીવારમાં આમ તો દિકરીએ પૈસા કમાવા પડે તેવી કોઈ જરૂર નથી પરંતુ કાવ્યા પગભર બનવા માંગતી હોવાથી પોતે નોકરી કરવા માંગે છે. થોડા દિવસોમાં કાવ્યાને અખબારના પુર્તિ વિભાગમાં નોકરી મળી જાય છે. પરંતુ અહીથી કાવ્યા વધુ પરીપક્વ બને છે. તે પોતાના વાંચન લેખનના શોખની સાથે અખબારના પુર્તિ વિભાગના પોતાના કામને વધુ મહત્વ આપવા લાગે છે. કાવ્યાની સાથે સમીર નામનો યુવક પણ નોકરી કરે છે. સમીર કાવ્યાની સાથે કોલેજમાં પણ અભ્યાસ કરતો હતો પરંતુ કોલજના દિવસોમાં કાવ્યા અને સમીર વચ્ચે કોઇ ખાસ મૈત્રી ન હતી. વ્યવસાયીક કાર્યમાં સાથે આવ્યા પછી કાવ્યા અને સમીરની મૈત્રીની શરૂઆત થાય છે. કાવ્યા તેનું લખાણ સમીરને બતાવી રહી



પ્રતિકાત્મક તસવીર

છે અને સમીર પણ કાવ્યાના ભરપુર વખાણ કરી રહ્યો છે. કાવ્યાના લખાણથી સમીર પ્રભાવીત થાય છે અને તે કાવ્યાના લખાણને પસંદ કરવાની સાથે કાવ્યાને પણ પસંદ કરવા લાગે છે. પરંતુ સમીર પ્રપોઝ કરતા ડરે છે અને વિચારે છે કે જો કાવ્યા ના પાડી દેશે તો મૈત્રીનો વ્યવહાર પણ તુટી જશે. સમીર કાવ્યાને ફોલો કરવા લાગે છે અને મહત્તમ સમય કાવ્યા સાથે વિતાવવા લાગે છે. કાવ્યા પણ સમીરને શ્રેષ્ઠ મિત્ર માને છે પરંતુ કાવ્યાના મનમાં પ્રેમ જેવુ કાઈ નથી. પરંતુ સામેના વ્યક્તિના મનને વાંચવાની આગવી કળા હોવાથી થોડા દિવસોમાં કાવ્યા સમીરના મનની ઈચ્છાઓને સમજી જાય છે. કાવ્યા ઓફિસમાંથી છુટા પડતા પહેલા સમીરને કહે છે કે, આજે હું બસમાં આવી છું એટલે જો તને અનુકુળતા હોય તો મને તારા બાઈક પર બસ સ્ટોપ સુધી લઈ જજે. આ સાંભળીને સમીર તો ખુશ થઈ જાય છે જાણે કે તેના મનની ઈચ્છા આજે પુર્ણ થઈ રહી હોય તેમ તેને લાગે છે. કાવ્યા સમીરના બાઈક પર બેસીને બસ સ્ટોપ સુધી પહોંચે છે ત્યારે સમીરને કહે છે કે, મને બસ સ્ટોપ પર એકલી મુકીને જતો રહીશ કે પછી ઘર સુધી પણ મુકવા માટે આવીશ? સમીરે કહ્યુ કે, હું તો તને ક્યાંય મુકવા જ નથી માંગતો પણ શું કરૂ મારી પણ મજબુરી છે ને તું સમજતી નથી. આ સાંભળતાની સાથે જ કાવ્યા બાઈક રસ્તા પર ઉભુ રાખવાનું કહે છે અને સમીર બાઈક ઉભુ રાખે છે. કાવ્યા સમીરના ચહેરા સામે જોયા કરે છે અને કહે છે કે, તારા મનમાં શુ છે તે હું જાણુ છુ. તું શુ જાણે છે તેવો સમીરે પ્રશ્ન કર્યો ત્યારે કાવ્યાએ કહ્યુ કે, તું મને પ્રેમ કરે છે પરંતુ તારામાં મને પ્રપોઝ કરવાની હિમ્મત નથી. સાચુ ને? સમીરે કહ્યુ કે, હું તને પ્રેમ કરૂ છુ પરંતુ મારા મનની વાતને ખરેખર સમજી ગઈ. હું નશીબદાર છું કે મને તારા જેવી પ્રેમાળ, સમજદાર પ્રેમીકા મળી છે. કાવ્યાએ કહ્યુ કે, કોણે કહ્યુ કે મે તારી રીક્વેસ્ટ એક્સેપ્ટ કરી છે? સમીરે કહ્યુ કે, તારી સાથે રહીને મને પણ તારૂ મન વાંચતા થોડુ આવડે છે. આવી વાતચીત કાવ્યા અને સમીર વચ્ચે એકાદ કલાક જેટલી ચાલે છે અને પછી કાવ્યા કહે છે કે, આજે તો તારે ખરેખર મને ઘર સુધી મુકવા માટે આવવું પડશે ત્યારે સમીરે કહ્યુ કે, આજે તો તને ઘર સુધી મુકવા આવુ છુ પરંતુ હવે એ દિવસો પણ દુર નથી કે આજ ઘરમાંથી હું તને મારી જીવનસાથી બનાવીને લઈ જઈશ. પ્રેમમાં સપના જોવાનું બંધ કર અને મને અત્યારે ઘરે પહોચાડ તેમ કાવ્યાએ કહ્યુ. સમીર કાવ્યાને તેના ઘરની નજીક મુકવા જાય છે અને કહે છે કે આવતીકાલે આપણે સાથે ઓફિસ જઈશુ. પ્રેમના બંધનમાં બંધાયા પછી કાવ્યા અને સમીર સાથે જ ઓફિસ જાય છે અને ઘરે પણ સાથે પરત આવે છે. થોડા દિવસોમાં જ કાવ્યા તેના પ્રેમ અંગે પરીવારજનોને વાત કરે છે ત્યારે ઘરના સભ્યો કહે છે કે, તારી પસંદગી તો સારી જ હશે પરંતુ અમે તેને મળવા માંગીએ છીએ. પછી બન્ને પરીવારો સામાજીક રીવાજ પ્રમાણે એકબીજાના ઘરે આવે છે અને બન્ને પરીવારની સહમતીથી લગ્ન કરાવવામાં આવે છે. લગ્ન પછી કાવ્યા નોકરી છોડી દે છે અને સંપુર્ણ ધ્યાન સમીર પર કેન્દ્રીત કરે છે. કાવ્યા સમીરને મહત્તમ સમય આપવા ઉપરાંત તેની પ્રેમથી કાળજી રાખે છે. કાવ્યા તેનો વાંચન લેખનનો શોખ પણ ત્યજી દે છે અને આ વાતની જ્યારે સમીરને જાણ થાય છે ત્યારે સમીર કહે છે કે, "હવે ફરી કરવા માંડ પહેલા જેવી તું ધમાલ, ઉઠાવ કલમ ને કરવા લાગ ફરીથી કમાલ" સમીરના કહેવાથી કાવ્યા ફરીથી કલમ હાથમાં પકડે છે અને સમીરના પ્રેમ વિશે લખવાનું શરૂ કરે છે. સમીર અને કાવ્યા લગ્ન પછી પણ પહેલાની જેમ બગીચા, મોલ, મલ્ટીપ્લેક્ષ, હોટલમાં જઈને એન્જોય કરે છે. (તસવીર સૌજન્યઃ- કનિષા પંડ્યા, અમદાવાદ)

ત્રીજી મે બાદ રેલવે-ફ્લાઈટ સેવા શરૂ કરવાની તૈયારીમાં સરકાર..? આગામી તૈયારીઓ

અમદાવાદ

દેશમાં ત્રીજી મે સુધી લૉકડાઉન ચાલી રહ્યું છે. જોકે, સૂત્રોના જણાવ્યા પ્રમાણે ત્રીજી મે બાદ તાત્કાલિક ટ્રેન કે વિમાની સેવા શરૂ નહીં થઈ શકે. હાલ ત્રીજી મે બાદ આ બંને સેવા શરૂ કરવા માટે સરકાર ખાસ એક્શન પ્લાન બનાવી રહી છે. આ માટે અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન અને અમદાવાદ એરપોર્ટ ખાતે તંત્ર તરફથી અત્યારથી જ તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. અમદાવાદ રેલવે સ્ટેશન અને એરપોર્ટ પર કેવી તૈયારીએ ચાલી રહી છે તેની તસવીરો તમે જોઈ શકો છો. અમદાવાદ એરપોર્ટ પર ફ્લાઇટ સેવા શરૂ થાય તે પહેલાં અમદાવાદ એરપોર્ટ ઓથોરિટી દ્વારા તૈયારી કરવામાં આવી છે.

એક મીટરના અંતરે યેલો પટ્ટી લગાવવામાં આવી છે. અહીં જ પ્રવાસીઓની ઊભા રહેવાનું રહેશે. સાથે સાથે સિક્યુરિટી અને પ્રવાસી વચ્ચે અંતર રહે તે માટે પણ વ્યવસ્થા કરવામાં આવી છે. સિક્યુરિટી માટે ચોરસ બોક્સ બનાવવા આવ્યું છે. પ્રવાસી એરપોર્ટ વેઈટિંગ એરિયામાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહી તે માટે વચ્ચેની ખુરશીમાં ક્રોસનું નિશાન લગાવવામાં આવ્યું છે. એટલે કે તેમાં કોઈ બેસી શકશે નહીં. બે પ્રવાસી વચ્ચે અંતર રહે તે માટે આવું કરવામાં આવી રહ્યું છે. બીજી તરફ ટ્રેન સેવા શરૂ થાય તે પહેલાં રેલવે દ્વારા તૈયારી કરવામાં આવી છે. અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન પર પ્લેટફોર્મ પર સર્કલ કરવામાં આવ્યાં છે.

એક મીટરના અંતરે સર્કલ કરવામાં આવ્યા છે. જેના કારણે તમામ પ્રવાસીઓ વચ્ચે સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય રહે. આ સાથે સાથે સેનિટાઈઝેશન ટનલ બનાવવામાં આવી છે. જેનાથી લૉકડાઉન ખુલ્યા બાદ નિયમોનું પાલન થઈ શકે અને કોરોનાનું સંક્રમણ ઘટાડી શકાય. હાલ રેલવે તરફથી તૈયારી કરવામાં આવી રહી છે પરંતુ ટ્રેન સેવા ક્યારે શરૂ થશે તેની સત્તાવાર કોઈ જાહેરાત કરવામાં આવી નથી. સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાય રહે તે માટે રેલવેની તૈયારી. રેલવે સ્ટેશન ખાતે સર્કલ બનાવવામાં આવ્યા.

લોકડાઉનમાં સૌરાષ્ટ્રના સૌથી મોટા ગોંડલ માર્કેટ યાર્ડમાં ઘઉંની ખરીદી શરૂ

ગોંડલ

સૌરાષ્ટ્રના સૌથી મોટા ગોંડલ માર્કેટ યાર્ડમાં ઘઉં ખરીદી આજથી શરૂ કરવામાં આવી છે. વેપારીઓ સાથે માર્કેટયાર્ડના ચેરમેન ગોપાલભાઈ શિંગાળા તથા વાઈસ ચેરમેન કનકસિંહ જાડેજા સાથે મીટીંગ થઈ હતી. જેમાં તા.૨૧ એપ્રિલથી ઘઉંનું વેચાણ ચાલુ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. તે મુજબ રજીસ્ટ્રેશન થયેલા ૧૦૦ ખેડૂતોને માલ લઈને આવ્યા હતા. અને ઘઉંના વેપારનો પ્રારંભ થયો હતો. પોલીસ દ્વારા ચુસ્ત બંદોબસ્ત ગોઠવવામાં આવ્યો હતો. લોકોએ માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સ જાળવ્યું હતું. ખેડૂતો અને વેપારીઓએ માસ્ક બાંધી નિયમોનું પાલન કરી રહ્યા છે.

હિંમતનગર સિવિલ હોસ્પિટલમાં ૩ વર્ષથી સારવાર લેતા દર્દીનું બીજા માળેથી પટકાતા મોત

હિંમતનગર

શહેરમાં આવેલી સિવિલ હોસ્પિટલમાં છેલ્લા ૩ વર્ષથી સારવાર લેતા એક દર્દીનું સિવિલના બીજા માળથી નીચે પટકાતા મોત નિપજયું છે. સિવિલ હોસ્પિટલમાં આકસ્મિક મોતથી સિવિલનું તંત્ર દોડતું થઈ ગયું હતું અને ખળભળાટ મચ્યો હતો. એક જ વર્ષમાં હિંમતનગર સિવિલ પટકાતાથી બે લોકોના મોત થયા છે.

લોકડાઉન: લંડનમાં ફસાયો જામનગરનો યુવાન, માતાપિતાએ કરી સરકાર પાસે મદદની માંગ

જામનગર

૧૮ માર્ચના રોજ મારો રેન્ટલ હાઉસ કોન્ટ્રેક્ટ પૂરો થતા ફોર્માલીટી મેં પુરી કરી નાખી. કાલથી મારે ત્યાં રહેવાનું નહોતું અને એ જ દિવસે હું મારી ફ્લાઈટની ટીકીટ લેવા ગયો. પણ બર્મિંગહામ ઈન્ટરનેશનલ એરપોર્ટે મને જણાવી દીધું કે સરકારના નવા નિર્ણય અનુસાર હવે ઈન્ડીયાની ટીકીટ નહીં મળે. આ જવાબ સાંભળતા જ મારા પગ નીચેથી જમીન સરકવા લાગી. કેમ કે આ દિવસ પછી ઈંગ્લેન્ડમાં રહેવા માટે મારા માટે કોઈ આશરો નહોતો અને ભારત જવા માટે કોઈ ફ્લાઈટ નહોતી.

આ શબ્દો છે કોરોના લોકડાઉનના કારણે ઈંગ્લેન્ડના લંડન ખાતે ફસાઈ ગયેલા ૨૦૦૦ જેટલા છાત્રોમાંના એક એવા આનંદ પટેલના. જામનગર જિલ્લાના જોડિયા તાલુકાના હડિયાણા ગામના વતની અને લંડનના યુનિવર્સિટી કોલેજ ઓફ બર્મિંગહામના માસ્ટર ઈન હોસ્પિટાલીટી એન્ડ મેનેજમેન્ટના વિદ્યાર્થી એવા આનંદ નાનજીભાઈ નંદાસણાએ લંડનથી દિવ્ય ભાસ્કર સાથે વાત કરતા કહયું કે, લંડનની સ્થિતિ આજે ઘણી જ ખરાબ છે.આનંદ પટેલે કહ્યું હતું કે ભારત આવવાનો માર્ગ બંધ થઈ ગયા પછી મેં ફોન પર સાંસદનો સંપર્ક કર્યો હતો, તેમણે મને પ્રયત્ન કરવાનું આશ્વાસન આપ્યું અને એમ્બેસીના સંપર્કમાં રહેવાનું જણાવ્યું હતું. એટલે ૧૮ માર્ચથી મારે સાઉથ હેરોમાં અમારા એક રિલેટીવ હાર્દિક જાનીને ત્યાં રહી જવું પડ્યું છે. બીજાને ત્યાં રહેવાની પણ એક મર્યાદા હોય છે. જામનગરના જોડિયા તાલુકાના હડિયાણાના સુરેખાબેન નદાસણા અને નાગજીભાઈ નદાસણાનો એકનો એક પુત્ર આનંદ (ઉ.વ..૨૭) હાલમાં તે તેમના મિત્રને ત્યાં રહે છે. ભારત સરકાર દ્વારા વિદેશમાં વસતા ગુજરાતીઓને વતનમાં પરત લેવાની કાર્યવાહી હાથ ધરવામાં આવે તેમ આ દંપતિ ઈચ્છી રહ્યું છે.

લોકડાઉનમાં ભોજન કરાવવામાં નિષ્ફળ વડોદરા મનપાને કારણે ગરીબો રઝળ્યા

વડોદરા

ગુજરાતમાં કોરોનાના કહેર વચ્ચે જાહેર કરાયેલા લોકડાઉનને લઈને રાજ્યભરમાં ગરીબો માટે ભોજનની વ્યવસ્થાને લઈને તંત્ર દ્વારા સામાજિક સંસ્થાઓ અને NGOને અપિલ કરી મદદ કરાવા અંગે જણાવામાં આવ્યું હતું. જો કે હાલમાં મળતી વિગત અનુસાર વડોદરામાં ગરીબોને ભોજન કરાવવામાં મહાનગરપાલિકા નિષ્ફળ ગઇ હોવાનું સામે આવ્યું છે.

રાજ્યભરમાં ઘણી જગ્યાએ ગરીબોને ભોજન પહોંચાડવાની સહાય કરવામાં આવી રહી છે. ત્યારે વડોદરામાં ગરીબોને ભોજન કરાવવામાં મહાનગરપાલિકા નિષ્ફળ સાબિત થયું છે. શહેરની પાલિકા દ્વારા ચલાવવામાં આવતું રસોડું માત્ર ૧૦ દિવસમાં જ બંધ થઈ ગયેલું જોવા મળ્યું છે.

લોકડાઉન દરમિયાન ગરીબ પરિવારોને જમાડવાની OSD વિનોદ રાવે જવાબદારી લીધી હતી. જોકે તંત્ર દ્વારા સામાજિક સંસ્થા અને NGOએ પણ સેવા આપવાનું બંધ કરાવવામાં આવ્યું છે. સામાજીક સંસ્થાઓના રસોડા બંધ થતા હજારો ગરીબોને ભોજન મળતું બંધ થયું છે.

જો કે શહેરમાં ગરીબોને ભોજન ન મળતાં રાજ્યકક્ષાના મંત્રી યોગેશ પટેલ નારાજ થયા છે. ત્યારે આજે પાલિકામાં ધારાસભ્યો અને અધિકારીઓ વચ્ચે મળનારી બેઠકમાં આ મુદ્દે ચર્ચા કરવામાં આવે તેવી શક્યતા છે.

હાર્વર્ડ યુનિનો કોવીડ-૧૯નો કોર્ષ ચાર દિવસમાં ભુજની છાત્રાએ કર્યો પૂર્ણ

ભુજ

લોકડાઉનના કંટાળાજનક સમયને સુવર્ણ સમયમાં ફેરવી ભુજની મેડિકલની વિદ્યાર્થિનીએ અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટીનો મિકેનિકલ વેન્ટીલેશન ફોર કોવીડ-૧૯ નામનો કોર્ષ માત્ર ૪ દિવસમાં પૂર્ણ કરી અન્ય છાત્રો માટે એક પ્રેરણાદાયી રાહ ચીંધ્યો છે. લોકડાઉનમાં લોકો ઘરે બેસીને એક યા બીજી રીતે સમય વ્યતીત કરતા હોય છે ત્યારે અમદાવાદની બી.જે. મેડિકલ કોલેજમાં એ મ.બી.બી.એ સ.માં અભ્યાસ કરતી ભુજની છાત્રા ખ્યાતિ દેવરાજ મ્યાત્રાએ આ કંટાળાજનક સમયને સુવર્ણ સમયમાં બદલી દીધો છે.

અમેરિકાની હાર્વર્ડ યુનિવર્સિટી દ્વારા સામાન્ય સંજોગોમાં રૂપિયા અઢી લાખ જેવી ફી લઈને કરાવાતો કોર્ષ હાલે વિનામૂલ્યે કરાવાય છે. જેની જાણ થતાં જાણે આવી તકની રાહ જોતી હોય તેમ ખ્યાતિએ બીડું ઝડપી લીધું હતું અને વિષયમાં મિકેનિકલ વેન્ટીલેશન ફોર કોવીડ-૧૯ પસંદ કર્યો હતો, જે પૂર્ણ કરતા ૪થી ૧૨ સપ્તાહ જેટલો સમય લાગે છે. ખ્યાતિએ આ કોર્ષ માટે રાત-દિવસ એક કરી, ગહન અભ્યાસ સાથે પોતાના વિચારો યુનિવર્સિટીને મોકલવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ આ વિષય પર હાર્વર્ડ યુનિ.ના પ્રોફેસર દ્વારા વીડિયો ચેટ દ્વારા ચર્ચા-વિચારણા કરવામાં આવી હતી. ખ્યાતિએ માત્ર ૪ દિવસમાં જ અભ્યાસ પૂર્ણ કરી, ઓનલાઈન પરીક્ષા આપી સફળતા મેળવતાં, યુનિવર્સિટી દ્વારા પ્રમાણપત્ર પણ આપવામાં આવ્યું હતું. ખ્યાતિએ જણાવ્યું હતું કે, આ કોર્ષ આગળ જતા ફિઝીશીયન તરીકે કારકિર્દી ઘડવામાં વિશેષ ઉપયોગી થશે.

સાબરકાંઠા મધ્યસ્થ બેંકના ચેરમેન દ્વારા ૧ હજાર લોકોને રાશનની કીટ અપાઈ

સાબરકાંઠા

જિલ્લામાં કોરોના વાઈરસના પગલે જરૂરિયાત મંદોને ૧ હજારથી વધારે કીટનું વિતરણ કરવામાં આવ્યું છે. જેમાં સાબરકાંઠા મધ્યસ્થ બેંકના ચેરમેનની આવી પહેલના પગલે તેમને બિરદાવ્યા છે. સાબરકાંઠાના હિંમતનગરમાં લોકડાઉનમાં જરૂરીયાતમંદ લોકોને સેવાભાવી સંસ્થાઓ દ્વારા ફૂડપેકેટ અને રાશનકીટોનું વિતરણ કરવામાં આવી રહ્યું છે. આ સેવાકાર્ય અવિરત ચાલુ જ છે.

વહિવટી તંત્ર દ્વારા અપાતા માર્ગદર્શન હેઠળ સાબરકાંઠા સહકારી બેંકના ચેરમેન મહેશભાઈ પટેલ દ્વારા ૧૦૦૦ રાશન કીટોનુ વિતરણ કરાયું હતું.

આ પ્રસંગે જિલ્લા કલેક્ટર સી.જે.પટેલ ઉપસ્થિત રહી સેવાભાવનાને બિરદાવી હતી. કોરોનાના કપરા સમયમાં રોજનુ કમાઈને ખાનારા લોકોને કોઈ પણ તકલીફ ન પડે તે માટે વહિવટી તંત્ર અને સેવાભાવી સંસ્થાઓ અને લોકો દ્વારા સતત દાનનો પ્રવાહ યથાવત છે, ત્યારે જિલ્લાની સહકારી બેંકના ચેરમેન અને શહેર અગ્રણી મહેશભાઈ પટેલે વહિવટી તંત્રના માર્ગદર્શન હેઠળ ૧૦૦૦ રાશન કીટોનુ વિતરણ કર્યું હતું.

આ કીટ વિતરણમાં જિલ્લા કલેક્ટર સી.જે. પટેલ ઉપસ્થિત રહ્યા હતા અને પોતાના હાથે કીટ જરૂરીયાતમંદોને આપી હતી. આ કીટમાં ઘંઉનો લોટ, ચોખા, દાળ, તેલ અને મરચુ જેવી ખાધ્ય સામગ્રી ૧૦ દિવસ ચાલે તે રીતે બનાવી છે.જિલ્લા ક્લેક્ટરે સમગ્ર વહિવટી તંત્ર વતી રાશન કીટ મુદ્દે આભાર પ્રગટ કરી સેવાભાવનાને બીરદાવી હતી. જોકે આવી પહેલને આવકારવાની સાથો-સાથ જિલ્લાની તમામ સંસ્થાઓ જે તે જરૂરિયાતમંદ લોકોને આપવાની શરૂઆત કરે તો કોઈપણ વ્યક્તિ રાશન વગર ન રહી તે હકીકત છે.

સંખેડામાં પોલીસ-તંત્ર અને પશુપાલકો વચ્ચે ઘર્ષણ, દૂધ રસ્તા પર ઢોળી કર્યો વિરોધ

સંખેડા

છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકાના કઠોલી સહિતના ૧૨ ગામોના ૩૦૦થી વધુ પશુપાલકોને નર્મદા જિલ્લાના વોરા ગામે દૂધ મંડળીમાં દૂધ ભરવવા જાય છે. આ સમયે મામલતદાર અને પોલીસે દૂધ ભરાવવા જતા અટકાવતા પોલીસ-તંત્ર અને પશુપાલકો વચ્ચે ઘર્ષણ થયું હતું. પશુપાલકો રસ્તા ઉપર દૂધ ઢોળી નાખીને પોતાનો વિરોધ વ્યક્ત કર્યો હતો. દિવસભર અન્ય જિલ્લામાંથી નોકરી અને કામ ધંધા અર્થે આવતા-જતા લોકોને તંત્ર અટકાવતું નથી. પણ પોલીસ અને તંત્ર પશુપાલકોને દૂધ ભરવા જતા પશુપાલકોને અટકાવવામાં આવે છે.

સંખેડા તાલુકાના કઠોલી, છાપરિયા, દુધપુર અને ચાંદપુર સહિતના ૧૨ ગામોના ૩૦૦થી વધુ પશુપાલકો આશરે ૨ હજાર લિટરથી વધુ દૂધ ભરવા માટે વોરા ગામની દૂધમંડળીમાં જાય છે. અહીં પશુપાલકો છેલ્લા કેટલાય વર્ષોથી નિયમિત રીતે દૂધ ભરે છે. પણ લોકડાઉન જાહેર થયું, ત્યારબાદ પણ દૂધ વોરા ગામમાં ભરવા જતા હતા. પણ છેલ્લા પાંચેક દિવસથી આ પ્રશ્ન ઉભો થયો છે. તેમાં પણ સોમવારે સાંજે કઠોલી પાસે પોલીસ અને તંત્ર દ્વારા વોરા ગામે જતા પશુપાલકોને દૂધ ભરવા જતા અટકાવાતા પશુપાલકો મોટી સંખ્યામાં એકત્ર થયા હતા અને હોબાળો મચાવી દીધો હતો. તંત્રએ મચક નહી આપતા કેટલાક પશુપાલકોએ રોડ ઉપર જ દૂધ ઢોરીને પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો. ત્રણથી ચાર કલાક સુધી ચાલેલા આ ઘર્ષણ બાદ પુલ ઉપર પીકઅપ ગાડી લાવીને ટેકરમાં દૂધ વોરા ગામે લઇ જવાયું હતું.

છોટાઉદેપુર જિલ્લાનું છેવાડાનું ગામ કઠોલી છે. એવું સામેની બાજુએ નર્મદા જિલ્લાનું વોરા ગામ છે. કઠોલી અને વોરા ગામ વચ્ચે માત્ર હેરણ નદી ઉપરના પુલ જેટલું જ અંતર છે. વર્ષોથી લોકો અહીં દૂધ ભરાવવા માટે જાય છે, હાલ સોશિયલ ડિસ્ટન્સિંગનું પાલન કરવામાં આવે છે. પણ જિલ્લો જુદો પડતો હોવાથી તંત્ર અહીં દૂધ ભરવવા માટે જતા પશુપાલકોને અટકાવતું હતું.બરોડા ડેરીના ઉપપ્રમુખ જી.બી. સોલંકીએ જણાવ્યું હતું કે, પશુપાલકો દુધ ભરવવા ત્યાં જઈ શકે. વોરા ડેરી પણ બરોડા ડેરીના કાર્યક્ષેત્રમાં જ આવે છે, ત્યાં ક્યાંક એવુ પણ છે કે, ખેડૂત છોટાઉદેપુર જિલ્લાનો હોય પણ તેની જમીન નર્મદા જિલ્લામાં હોય તો ખેતરે જાય

કુતિયાણાના એક ગામમાં લૉકડાઉનનો ભંગ કરનાર ૩ આરોપી ઝડપાયા

પોરબંદર

કોરોના મહામારી સંદર્ભે લૉકડાઉન છે તેવા સમયે તારીખ ૧૯ એપ્રિલે કુતિયાણામાં તાલુકા એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ અને મામલતદાર ઈશ્વરીયા ગામે મજૂરોને કીટ વિતરણ કરવા ગયા હતા જ્યાંથી પરત ફરતી વેળાએ બપોરના સમયે મહોબત પરા ગામના પાદરમાં ત્રણ વ્યક્તિઓ લૉકડાઉનનો ભંગ કરતા હતા.આ ઘટનાને જોતા મામલતદાર સંજય કુમાર જાદવે એ ૩ વ્યક્તિ ઘરે જવાનું જણાવ્યું ત્યારે આરોપીએ તેમની સાથે અસભ્ય વર્તન કરી ગાળાગાળી કરી હતી. તે દરમિયાન ઉશ્કેરાઈને એક આરોપીએ મામલતદાર પર પથ્થરના ઘા કર્યા હતા.

તે દરમિયાન સરકારી વાહન જીજે ૨૫ જે ૦૧૫૯ ટાટા સુમો વાહન ૨૫૦૦ રૂપિયાનું નુકસાન થયું હતું. આ વાતની જાણ થતાં પોલીસે તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચીને ત્રણેયની અટકાયત કરી હતી. આમ ત્રણ સગા ભાઈઓ ગુંડાગીરી કરતા ત્રણેયને કોવીડ-૧૯ તમેજ લૉકડાઉન ભંગ સહિતની જુદી જુદી કલમો ઉમેરી જિલ્લા પોલીસવડાએ કુતિયાણાના વિશાલ, કેતન અને રવિ વારગિયા કુતિયાણાના કડેગી ગામ વાળાને રાજ્યની અલગ અલગ જેલોમાં પાસામાં મોકલી આપવાની જિલ્લા કલેકટરને દરખાસ્ત મોકલી હતી. આદરખાસ્ત જિલ્લા કલેકટરે ગ્રાહ્ય રાખી ત્રણેયને પાસા તળે જેલ હવાલે કરી દીધા છે. જેમાં વિશાલને મહેસાણા જેલ, કેતનને ભુજ જેલ અને રવિને પાલનપુર જેલમાં ખસેડવામાં આવ્યા છે. નોંધનીય છે કે, રાજ્યમાં પ્રથમ ઘટના છે કે, લૉકડાઉન ભંગ બદલ એકજ પરિવારના ત્રણ ભાઈઓને પાસા હેઠળ અટક કરી જેલ ભેગા કરી દેવામાં આવ્યા છે.

ધોલેરા તાલુકામાં શાળાઓ બંધ છે પરંતુ શિક્ષણ નહિ- સમગ્ર શિક્ષા



કોરોના વાયરસના સંક્રમણ અંતર્ગત વર્તમાન સમય સમગ્ર રાષ્ટ્ર અને રાજ્ય માટે વિપરીત અને પ્રતિકૂળ છે ત્યારે હાલ લોકડાઉન લાગુ હોવાથી તમામ પ્રાથમિક શાળાઓમાં ગત ૧૬ માર્ચથી અનઅધ્યયન છે ત્યારે શાળાના વિદ્યાર્થીઓ આ લાંબી રજાઓ દરમ્યાન વાંચન,લેખન અને ગણનની લિંક તૂટે નહિ તે માટેની ચિંતા અને ચિંતન રાજ્ય સરકારના શિક્ષણ વિભાગ દ્વારા વ્યક્ત થયેલ છે.વિદ્યાર્થીઓ આ પ્રતિકૂળતા વચ્ચે કંટાળે નહિ અને જ્ઞાન અને ગમ્મત સાથે પોતાની શૈક્ષણિક સફર ચાલુ રાખી શકે તે માટે સમગ્ર શિક્ષા ગાંધીનગર મારફત અને જી.સી.ઈ.આર.ટી ગાંધીનગર દ્વારા ઓનલાઈન શૈક્ષણિક સાહિત્ય મોકલી ઓનલાઈન શિક્ષણ પ્રકિયા ચાલુ છે.જુદી જુદી વેબ કાસ્ટ,ન્યુઝ ચેનલ અને વંદે ગુજરાતના માધ્યમ થકી શૈક્ષણિક એકમો આયોજન મુજબ પ્રસારિત કરવામાં આવે છે. શિક્ષણ વિભાગ દ્વારા હું વાંચું છું ,હું સમજુ છું ,હું વિચારું છું જેવી થીમ સાથે ધોરણ ૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે વિકલી સ્વઅધ્યયન કાર્ય ગુજરાત સરકાર અને બીઆરસી ભવન ધોલેરા તથા સીઆરસી દ્વારા અને ધોલેરા તાલુકાના તમામ આચાર્ય અને શિક્ષકોની મહેનત દ્વારા તાલુકાના ધોરણ ૩ થી ૮માં અભ્યાસ કરતા તમામ વિદ્યાર્થીના વાલી-માતાપિતાના ફોનમાં વોટ્સઅપ ગ્રુપમાં તમામ સાહિત્ય મોકલી આપવામાં આવે છે.જી.સી.ઈ.આર.ટી દ્વારા લોકડાઉનના સમયના સમય દરમ્યાન દરરોજ મોકલવામાં આવતું સાહિત્ય 'પરિવારનો માળો સલામત અને હુંફાળો' બાળકોના શૈક્ષણિક અને સર્વાગીણ વિકાસ માટે ખુબ જ ઉપયોગી સાબિત થઈ રહ્યું છે. વાર્તા ,પ્રસંગ,કથા,ગીત, પ્રયોગ,પ્રવુતિ,જંતર મંતર જેવા અધ્યયન બિંદુઓ થકી બાળકોને શિક્ષણ પ્રકિયા સાથે જોડી રાખવામાં આવે છે. પરિવારના માળામાં બાળકોના સર્વાગી વિકાસ અને મનોવૈજ્ઞાનિક રીતે મજબૂત થવા માટે પગદંડી સ્થપાઈ છે જેના હિસાબે બાળકોનો અભ્યાસ શરૂ રહે છે પરિવારનો માળો ટીપીઈઓશ્રી તથા બીઆરસી કોના રાહબર નીચે ચલાવવામાં આવી રહ્યો છે જેમાં તમામ સીઆરસી આચાર્યશ્રી તેમજ તમામ શિક્ષક ભાઈઓ અને બહેનો જહેમત ઉઠાવી રહ્યા છે અને દરેક વાલીઓ અને વિદ્યાર્થીઓનો પણ પુરતો સહકાર મળી રહ્યો છે.

અમદાવાદમાં ૫૦ પોઝિટિવ સાથે કુલ આંકડો ૧૨૯૮એ પહોંચ્યો

લોકોનો સાથ મળે તો મે મહિના સુધીમાં કોરોના પર કાબૂ મેળવી શકાશેઃ વિજય નેહરા

અમદાવાદ

છેલ્લા ૧૨ કલાક દરમિયાન રાજ્યમાં કોરોનાને લઈને નવા ૧૨૭ કેસ નોધાયા છે, જયારે અમદાવાદમાં ૫૦ કેસો નોંધાયા હતા. ત્રણ મહિલા અને બે પુરૂષ સહિત પાંચના મોત થયા છે. આ સાથે જ શહેરમાં કુલ ૧૨૯૮ દર્દી થયા છે અને મૃત્યુઆંક ૪૩એ પહોંચ્યો છે. આ સાથે જ ગુજરાતમાં હવે ૨૦૬૬ કેસ નોંધાયા હતા. જયારે અમદાવાદમાં ૧૨૯૮ કેસ નોંધ્યા છે. સમગ્ર ગુજરાતમાં સૌથી વધુ કેસો સાથે અમદાવાદ મોખરે છે. ત્યારે અમદાવાદ મ્યુ. કમિશનર વિજય નહેરાએ પોતાના બુલેટિનમાં મોટું નિવેદન આપ્યું હતું. આજરોજ શહેરમાં કેટલાક નવા વિસ્તારોમાં કોરોના પોઝિટિવના દર્દીઓ જોવા મળ્યાં છે. આજે જે પોઝિટિવ કેસ સામે આવ્યાં છે તે જમાલપુર, જુહાપુરા, મણીનગર, શાહીબાગ, વસ્ત્રાલ, ઘાટલોડિયા, ચાંદખેડા, બહેરામપુરા, હાથીજણ, નારણપુરા, મેમનગર વિસ્તારમાંથી આવ્યાં છે.

અમદાવાદ મ્યુ. કમિશનર વિજય નહેરાએ જણાવ્યું હતું કે, ગુજરાતમાં હાલ જે રીતે કોરોના વાયરસના દર્દીઓ નોંધાઈ રહ્યા છે તે ચિંતાનો વિષય છે, તેમ છતાં મે મહિનામાં કોરોના પર કાબૂ મેળવી શકાશે. શહેરના આજે મધ્ય ઝોનમાં ૧૮ કેસ, દક્ષિણ ઝોનમાં ૧૫ કેસ નોંધાયા છે, જયારે દક્ષિણ – પશ્ચિમ ઝોનમાં ૨ કેસ નોંધાયા છે. આ સિવાય ગુજરાતમાં કોરોના દર્દીઓમાં પ્લાઝમા ટ્રાન્સમિશન માટે મંજૂરી માંગવામાં આવી હતી. તેને મંજૂરી મળી ગઈ છે અને કોરોનાના પ્રથમ દર્દીને પ્લાઝમા ટ્રાન્સમિશન અપાયું છે હવે તેનું પરિણામ શું આવે છે તે આવનાર સમય બતાવશે. તેમણે ઉમેર્યું હતું કે, દેશનું પ્રથમ સ્ટડી સેન્ટર SVPમાં ટ્રાન્સમિશન કરવામાં આવ્યું છે. પ્લાઝમા ટ્રાન્સમિશન થયેલા દર્દીની હાલત હાલ સ્ટેબલ છે. અમે ICMR સાથે ચર્ચા કરી ઔપચારિક્તા પૂર્ણ કરી છે.

રાજ્યમાં સૌપ્રથમવાર કોરોનાના દર્દીની સિઝેરિયન દ્વારા ડિલવરી કરવામાં આવી છે. જ્યારે દેશમાં આ સાતમો કિસ્સો છે. દેશનું પ્રથમ પ્લાઝમા સ્ટડી સેન્ટર SVPમાં શરૂ કરવામાં આવ્યું છે. ગઈકાલથી આજ સુધીમાં ૧૬ લોકોને ડિસ્ચાર્જ કરવામાં આવ્યા છે અને હવે ૫૧ દર્દી સાજા થયા છે. આજે વધુ એક દર્દીમાં પ્લાઝમાં ટ્રાન્સમિશન કરવામાં આવશે. તેમજ કોરોનાના દર્દી માટે જીકૅની ક્ષમતા ૫૦૦થી વધારી ૧૦૦૦ કરી છે. જીકૅમાં ૫૦૦ બેડની વ્યવસ્થા કરાઈ છે. કોઈને ચિંતા કરવાની જરૂર નથી. SVPમાં ટેસ્ટિંગની ક્ષમતા ૧૦૦૦ કરવામાં આવી છે. જેથી વધુમાં વધુ કોરોના પોઝિટીવ દર્દીઓને SVPમાં ખસેડાશે.

પોલીસના ૩૦૦ સેમ્પલમાંથી ૩૧ કોરોના પોઝિટિવ

વડોદરા પોલીસમાં કોરોનાગ્રસ્ત પોલીસકર્મીનો આંક ૩૧ થયો

અમદાવાદ

સામાન્ય પ્રજાજનોની માફક જ પોલીસ તંત્રમાં પણ કોરોનાનો ડર ડોકાઈ રહ્યો છે. ૨૪ જ કલાકમાં ગાયકવાડ હવેલી પોલીસ સ્ટેશનના ૯ પોલીસકર્મીના કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતાં શહેર પોલીસમાં કોરોનાગ્રસ્ત પોલીસકર્મીનો આંક ૩૧ થયો છે. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા પોઝિટિવ આવ્યાં પછી હવેલી પોલીસના કુલ ૨૯ કર્મચારી ઉપરાંત કોરોના કરફ્યૂગ્રસ્ત વિસ્તારના કુલ ૩૦૦ પોલીસકર્મીના સેમ્પલ છેલ્લાં એક અઠવાડિયા દરમિયાન લેવાયાં હતા. અંદાજે ૨૫૦ના રિપોર્ટ આવ્યાં, તેમાં ૩૧ પોલીસને કોરોના પોઝિટિવ જણાયો છે.

ધારાસભ્ય ખેડાવાલા કોરોનાગ્રસ્તોની સેવા માટે દોડધામ કરતાં હતાં, તેમની સાથે ગાયકવાડ હવેલી પી.આઈ. એન.એન. પરમાર, ઈન્ચાર્જ એસીપી અશ્વિન પટેલ ઉપરાંત ૨૯ પોલીસના ટેસ્ટ લેવાયાં હતાં. હવેલી પોલીસના એક પીએસઆઈ સહિત ૯ પોલીસને કોરોના પોઝિટિવ આવ્યો છે. હવેલી પી.આઈ. અને એસીપી હોમ કોરેન્ટાઈન છે અને રિપોર્ટ આવવાનો બાકી છે. શહેરના ૩૧ પોલીસ કર્મી ઉપરાંત પોલીસ પરિવારના બે સ્વજનોને પણ કોરોના જણાયો છે. ખાખી વર્દીમાં કોરોનાનો રોગચાળો શરૂ થતાં અનેક પોલીસકર્મી પરિવારથી દૂર રહેવા લાગ્યાં છે. સ્વજનને ઘરમાં જ એકલા મૂકી અથવા તો ગામડે મૂકી આવી અનેક પોલીસ કર્મચારી હોટલમાં રહેવા લાગ્યાં છે. પોલીસલાઈનોમાં ચેપ ફેલાતો અટકાવવા માટે કોરેન્ટાઈન કરાયેલા ઉપરાંતના પોલીસકર્મી ઈચ્છે તો હોટલમાં રહી શકે તેવા આયોજન કરાયાં છે.

મહીસાગરમાં કોરોનાના કુલ ૯ કેસ, ૧૩૧૬ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈન

મહીસાગર

કોરોના વાઈરસ સામે લડવા કેન્દ્ર અને રાજય સરકારે અગમચેતીનાં અનેક પગલાંઓ લીધા છે. કોરોના સામે લડવા લોકોમાં જાગૃતિ આવે તે ખુબ જરૂરી છે. ત્યારે મહીસાગર જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીના માર્ગદર્શન હેઠળ જિલ્લા આરોગ્ય તંત્ર દ્વારા અનેકવિધ પગલાંઓ લેવામાં આવી રહ્યા છે. મહીસાગર જિલ્લામાં અત્યાર સુધી કોરોનાના કુલ નવ પોઝીટીવ કેસોજિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાના ૯ કેસ પોઝિટિવ આવ્યા છે. ૨૦ અપ્રિલ સુધીમાં જિલ્લામાં ૧૩૧૬ વ્યક્તિઓને હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવ્યા છે તેમજ ૩૨ વ્યક્તિઓને સરકારી ફેસીલીટીમાં ક્વોરન્ટાઈલ હેઠળ રાખવામાં આવ્યા હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યું હતું.

જીલ્લાના સંતરામપુર તાલુકાના ૦૨ અને બાલાસિનોર શહેરના ૦૪ કેસ પોઝિટિવ આવતા કુલ ૦૬ પોઝિટિવ કેસ નોંધાયા હતા.સંતરામપુર તાલુકાના શીરગામમાંથી ૩૪ વર્ષની મહિલા તેમજ ૬૦ વર્ષના પુરુષ દર્દીનો કેસ પોઝિટિવ નોંધાયો હતો. તેમજ બાલાસિનોર શહેરમાં ૩૭ વર્ષીય પુરુષ, ૬૨ વર્ષીય મહિલા, ૮૬ વર્ષના મહિલા અને ૫૪ વર્ષના અન્ય એક મહિલાનો કેસ પોઝિટિવ નોંધાતા બાલાસિનોરમાં કે.એસ.પી. મલ્ટી સ્પેશ્યાલિટી હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યા છે. જે તમામની હાલત હાલ સામાન્ય હોવાનું મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીએ જણાવ્યુ હતું.

તેમજ કન્ટેનમેન્ટ ઝોન વિસ્તારમાં આરોગ્યની ટીમો દ્વારા સેનિટાઈઝેશન અને સર્વેલન્સની કામગીરી દૈનિક ધોરણે કરવામાં આવી રહી છે. હોમ ક્વોરેન્ટાઈન તમામ વ્યક્તિઓની દૈનિક ધોરણે આરોગ્ય તપાસ/ ફોલોઅપ કામગીરી આરોગ્ય તંત્ર દ્વારા કરવામાં આવી રહી છે. જે અન્વયે કોઈ પણ શંકાસ્પદ દર્દી જણાય તો તાત્કાલિક સેમ્પલ લઇ તપાસ અર્થે મોકલી આપવામાં આવે છે. જિલ્લાના પોઝિટિવ આવેલા કેસોમાં વીરપુર, બાલાસિનોર અને સંતરામપુર ખાતે ક્લસ્ટર સર્વે કરવામાં આવ્યો છે.

ગાંધીનગર મામલતદાર દ્વારા અપાયેલ હેલ્થ લીકરની પરવાનગી ના હુકમને કલેક્ટરે કર્યો રદ

ગાંધીનગર

કેન્દ્ર સરકારે કોરોના મહામારીના પગલે ૩ મે સુધી લોકડાઉન લંબાવ્યુ છે ત્યારે ગાંધીનગર મામલતદારે ગાંધીનગર સેક્ટર ૧૧માં આવેલી હોટલમાં દારૂ વેચવાની મંજૂરી આપતુ નોટિફિકેશન બહાર પાડ્યુ હતું. પરંતુ ગણતરીના કલાકોમાં જ આ જાહેરનામું જિલ્લા કલેક્ટર કુલદીપ આર્યએ રદ કરી નાખ્યુ હતું. દેશભરમાં કોરોના મહામારીના કારણે પ્રથમ લોકડાઉન ૧૫ એપ્રિલ સુધી ૨૧ દિવસ ચાલ્યુ હતું અને ત્યારબાદ આ લોકડાઉન લંબાવીને ૩ મે સુધી કરવામાં આવ્યુ છે. કેન્દ્ર સરકારે બીજી વખત લોકડાઉન લંબાવ્યુ ત્યારે ૨૦ એપ્રિલથી કેટલીક છૂટછાટ આપવાની જાહેરાત કરી હતી.

આજે સોમવારે ૨૦ એપ્રિલે આ છૂટછાટ શરૂ કરવામાં આવી હતી. ગાંધીનગર મામલતદાર કચેરી દ્વારા સોમવારે એક જાહેરનામું બહાર પાડવામાં આવ્યુ હતું. જે અનુસાર ગાંધીનગર હોસ્પિટલાઇટિજ પ્રાઇવેટ લિમિટેડ હોટલ હવેલી પ્લોટ નંબર ૨૩૫ ગાંધીનગરને ભારત સરકારના ગૃહ વિભાગના ૧૫-૪-૨૦૨૦ના હુકમથી કામના સ્થળે કામકાજના સમય દરમિયાન લોકડાઉન દરમિયાન હેલ્થ લિકર પરમીટ ધારકોની દુકાનો ખુલ્લી રાખવા માટેની પરવાનગી આપવામાં આવી હતી. ગાંધીનગર મામલતદારના આ જાહેરનામામાં સોશિયલ ડિસ્ટસિંગ ઉપરાંત માસ્ક પહેરીને કામગીરી કરવાની વિવિધ શરતો પણ મુકવામાં આવી હતી.

આ જાહેરનામું બહાર આવતા વિવાદ થયો હતો અને ગણતરીના કલાકોમાં જ આ જાહેરનામું જિલ્લા કલેક્ટરે રદ કરી નાખ્યુ હતું. આ અંગે જિલ્લા કલેક્ટર ડૉ. કુલદીપ આર્યને જાહેરનામા અંગે પૂછવામાં આવતા તેમણે જાહેરનામું રદ કર્યુ હોવાનો સ્વીકાર કર્યો હતો. ગુજરાત એક્સક્લૂઝીવ સાથેની વાતચીતમાં તેમણે જણાવ્યુ હતું કે, હેલ્થ લીકર પરમીટ માટે ૩-૪ લોકોની અરજી આવી હતી જેના આધારે આ જાહેરનામું બહાર પાડીને લીકર પરમીટની પરવાનગી મામલતદાર દ્વારા આપવામાં આવી હતી. પરંતુ મારા ધ્યાનમાં આવતા આ જાહેરનામું રદ કરી દીધુ છે.

રાજકોટના બેડી માર્કેટિંગ યાર્ડમાં સોશિયલ ડિસ્ટન્સિંગ સાથે ઘઉંની હરાજી શરૂ

રાજકોટ

શહેરના બેડી માર્કેટિંગ યાર્ડમાં આજથી ઘઉંની હરાજી શરૂ કરવામાં આવી છે. રજિસ્ટ્રેશન થયેલા ૫૦ ખેડૂતોને પોતાના ઘઉં લઈને બોલાવવામાં આવ્યા હતા. જોકે, ૫૦ માંથી ૩૦ જેટલા જ ખેડૂતો હાજર રહ્યા હતા. યાર્ડમાં આવતા ખેડૂતો, વેપારીઓ, એજન્ટો સહિત તમામ લોકોએ ફરજીયાત માસ્ક પહેરી સોશિયલ ડિસ્ટન્સ સાથે હરાજી શરૂ કરવામાં આવી હતી. સાથે જ યાર્ડના ગેટ પર ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો હતો. યાર્ડમાં આવતા દરેક લોકોને ગેટ પર સેનિટાઈઝ કરી ટેમ્પરેચર માપી અંદર એન્ટ્રી આપવામાં આવી હતી. સવારે ૭ થી ૯ વાહનોને એન્ટ્રી આપવામાં આવી હતી અને ૯ વાગ્યે હરાજી શરૂ કરવામાં આવી હતી.

રાજકોટ જે રીતે લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે મોટાભાગના વેપાર બંધ છે. આવા સમયે હવે યાર્ડ શરૂ થતાં ખેડૂતોને નવી આશા જાગી છે. જે રીતે ખેડૂતોનો માલ બગડી જવાની શક્યતા હતી ત્યારે હવે ધીરે ધીરે યાર્ડ શરૂ થતાં ખેડૂતોએ રાહતની શ્વાસ લીધો છે. આજે હરાજીના ખેડૂતોએ ઘઉંના પૂરતા ભાવ મળ્યા નહીં હોવાનું જણાવ્યું હતું. આજથી જે રીતે યાર્ડ શરૂ કરવામાં આવ્યું છે ત્યારે ૫૦ જ ખેડૂતોને બોલાવવામાં આવ્યા હતા.

હવે આગામી દિવસોમાં સોશિયલ ડિસ્ટન્સિંગ જળવાઈ રહે તેની યોગ્ય વ્યવસ્થા કરી વધુ ખેડૂતોને બોલાવવામાં આવશે અને ઘઉં ઉપરાંત અન્ય જણસીની પણ હરાજી શરૂ કરવામાં આવશે. રાજકોટ સહિત ગોંડલ યાર્ડમાં પણ આજથી હરાજી શરૂ કરવામાં આવી હતી. તપાસ બાદ જ યાર્ડમાં પ્રવેશ અપાયો હતો.

દેશમાં સૌપ્રથમ અમદાવાદમાં થયું પ્લાઝમા ટ્રાન્સમિશન

કોરોગ્રસ્ત સર્ગભા મહિલાની પ્રસુતી કરાવવામાં SVP હોસ્પિટલને મળી સફળતા

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસના સંકટ વચ્ચે એક નહીં પરંતુ બે બે સારા સમાચાર આવ્યા છે. રાજ્યમાં અમદાવાદને પ્રથમ પ્લાઝમા સ્ટડી સેન્ટર તરીકેનું બહુમાન મળ્યુ છે. તો વળી પ્લાઝમાં ડોનર પાસેથી બ્લડ લઈ તેમાંથી પ્લાઝમાં કોરોના પોઝિટવ દર્દીમાં ટ્રાન્સમિશન કરવામાં ગુજરાતને સફળતા મળી છે. વળી એક કોરોના પોઝિટિવ સર્ગભા મહિલાની સફળતા પુર્વક પ્રસુતી કરાવવામાં પણ SVP હોસ્પિટલને સફળતા મળી છે.

દેશનું પ્રથમ પ્લાઝમા સેન્ટર અમદાવાદમાં બન્યુ છે. ગુજરાત અને અમદાવાદને આ બહુમાન મળ્યુ છે. ગુજરાતમાં SVPમાં દેશનું પ્રથમ સ્ટડિ સેન્ટર બન્યુ જેમાં દેશનું પ્રથમ પ્લાઝમાં ટ્રાન્સમિશન કરવામાં આવ્યુ છે. આ અંગે અમદાવાદ મ્યુનિસિપલ કમિશનરે ડિજિટલ પ્રેસ કોન્ફરન્સ દ્વારા માહિતી આપી હતી. ઉલ્લેખનીય છે કે રાજ્યમાં પ્લાઝમાં સારવારની કેન્દ્ર તરફતી મંજૂરી આપવામાં આવ્યાં બાદ તંત્ર દ્વારા કોરોના સામેની લડાઈમાં આ સારવારને લઈને તૈયારીઓ શરૂ કરાઈ હતી. જેને લઈને અમદાવાદમાં ગઈકાલે ગુજરાતની પ્રથમ પ્લાઝમા ડોનર સામે આવી હતી. ૩૦ વર્ષની મહિલા પેશન્ટ હતા જેમને ખાનગી હોસ્પિટલમાંથી અહીં લાવવામાં આવ્યા હતા. COVID19 પોઝિટિવ હોય તેવા મહિલાની ડિલિવરી કે સિઝેરિયન કરવું તે ખરેખર ખુબ જ ચેલેન્જિંગ કામ હતુ પરંતુ કોમ્પિલિકેશનમાં ડોક્ટરોને સફળતા મળી છે અને સફળતા પૂર્વક સર્ઝરી કરવામાં આવી છે. હાલ માતા અને દીકરી બંનેની તબિયત સારી છે. ગુજરાતમાં આ રીતે પ્રસુતીનો આ પ્રથમ કેસ છે જ્યારે દેશમાં આ ૭મો કેસ છે. નવજાત બાળકીના COVID 19નો રિપોર્ટ આવતીકાલે કરવામાં આવશે.

મોડાસા હૉસ્પિટલમાંથી કોરોનાગ્રસ્ત દર્દી ભાગ્યની વાતને કલેક્ટરે નકારી

મોડાસા

અરવલ્લીના મોડાસાની કોવિડ હોસ્પિટલમાંથી ૬ દર્દી ફરાર થયા છે. સાથે કોરોના પોઝિટિવ બે દર્દી પણ ફરાર થયા અને શંકાસ્પદ ચાર દર્દીઓ પણ ફરાર થયા હતા. દર્દીઓ ફરાર થતા પોલીસ તંત્ર દોડતું થયું હતું અને એસપી સહિત એલસીબી, એસઓજી ટીમ હોસ્પિટલ પર તૈનાત કરી દેવામાં આવ્યાં હતા. જોકે, ગણતરીનાં કલાકોમાં આ ભાગેલા તમામ દર્દીઓને પરત લઇ આવવામાં આવ્યાં છે. જોકે, આ અંગે કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે દર્દીઓ ભાગ્યાની સ્પષ્ટ ના પાડી રહ્યાં છે. તેઓ જણાવે છે કે, કોરોનાનાં બે દર્દીઓ ગભરાઇને બાથરૂમમાં છુપાઇ ગયા હતાં. ચોક્કસ સૂત્રો પાસેથી મળતી માહિતી પ્રમાણે, મોડાસાની કોવિડ-૧૯ હોસ્પિટલમાંથી ૬ દર્દીઓ ફરાર થઈ ગયા હતા.

આ છ દર્દીઓમાં ૨ દર્દીઓ કોરોના પોઝિટિવ હતા. જ્યારે અન્ય ૪ દર્દીઓ શંકાસ્પદ હતા. મોડાસામાં કોરોના પોઝિટિવ સહિત શંકાસ્પદ દર્દીઓ ભાગી જતાં પોલીસબેડા અને આરોગ્ય તંત્રમાં દોડધામ મચી જવા પામી છે. તમામ ફરાર લોકોને પકડી પાડવા માટે પોલીસ તપાસ અભિયાન શરૂ કર્યું હતું. પોલોસ વડા સહિત એલસીબી, એસઓજી ટીમનો પોલીસ કાફલો ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. આ દોડધામ બાદ તમામ દર્દીઓને પરત લઇ આવવામાં આવ્યાં છે. સમગ્ર ઘટના સામે આવ્યા બાદ કલેક્ટર અમૃતેશ ઔરંગાબાદકરે સ્પષ્ટતા કરી હતી કે, દર્દી ગભરાઈને બાથરૂમમાં સંતાઈ ગયા હતા.

જ્યારે અન્ય ૪ શંકાસ્પદ દર્દીઓ જરૂરી વસ્તુઓ લેવા માટે આરોગ્યની ટીમ સાથે પોતાના ઘર ગયા હતા અને આરોગ્યની ટીમ સાથે પાછા ફર્યા હતા. સૂત્રો પાસેથી મળતી માહિતીનું માનીએ તો, એક પોઝિટિવ દર્દી પોતાના ગામમાં પહોંચી ગયું હતું જ્યારે અન્યએક દર્દી મોડાસાનાં બજારમાં ખરીદી કરતા પકડાયું છે. તો અહીં મહત્વનો સવાલ એ થાય છે કે, જો કલેક્ટરની વાત માનીએ અને બંન્ને દર્દીઓ બાથરૂમમાં જ હતાં અને અન્ય શંકાસ્પદ દર્દીઓ આરોગ્ય વિભાગની ટીમ સાથે હતા તો પોલીસ બેડામાં આટલી દોડધામ કેમ મચી ગઇ હતી?

રાજકોટમાં વધુ બે કેસ નોંધાતા કોરોના કેસોનો કુલ આંકડો ૪૧એ પહોચ્યો

રાજકોટ

રાજકોટમાં વધુ બે પોઝિટિવ કેસ નોંધાયા છે.જેમાં ૬૦ વર્ષની મહિલા અને ૬૫ વર્ષના વૃદ્ધનો સમાવેશ થાયે છે.રાજકોટમાં પોઝિટિવ કેસની સંખ્યા ૪૧ થઈ છે.રાજકોટમાં બંને કેસ હોટસ્પોટ જંગલેશ્વરમાંથી જ નોંધાયા છે. જીકરભાઈ બાપુભાઈ ચાવડા (ઉ.વ.૬૫) અને મોમીન ઝીકરભાઈ (ઉ.વ.૬૦)ને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. ગીર સોમનાથના સુત્રાપાડાના વાવડી ગામના યુવાનને કોરોના પોઝિટિવ રિપોર્ટ આવ્યો છે. રાજકોટમાં કોરોના પોઝિટિવ દર્દીની સંખ્યા ૪૧ છે. જેમાં ૧૦ દર્દી સાજા થઇ જતા તેઓને રજા આપવામાં આવી છે. જ્યારે ૩૧ દર્દી હાલ સારવાર હેઠળ છે. જંગલેશ્વરમાં જ ૩૦ દર્દી કોરોનાના નોંધાયા છે.

અમદાવાદ સારવાર માટે ગયો હતો. બાદમાં પરત ફરતા તેની તબીયત લથડી હતીઅને કોરોનાનો રિપોર્ટ કરાવતા પોઝિટિવ આવ્યો હતો. તેમજ ગત ૧૬ એપ્રિલે રાજકોટ સિવિલ હોસ્પિટલ સારવાર માટે ગયો હતો જ્યાંથી ચેપ લાગ્યાની આશંકા છે. રાજકોટથી પરત આવી ૧૯ એપ્રિલ સુધી વાવડી ગામમાં રહ્યો હતો. ગ્રામજનો ઉપરાંત આજુબાજુના ગામના મોટી સંખ્યામાં લોકો ખબર અંતર પૂછવા આવ્યા હતા. ગત રાતથી પોઝિટિવ રિપોર્ટ આવતા ગ્રામ્ય વિસ્તારમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે.

આજથી રાજકોટ માર્કેટ યાર્ડ ષરૂ કરવામાં આવ્યું છે. યાર્ડ બહાર પોલીસનો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. ૫૦ ખેડૂતોને એન્ટ્રી આપવામાં આવી છે. ઘઉંના ૩૪૦થી ૩૮૦ના ભાવ બોલાઈ રહ્યા છે. સોશિયલ ડિસ્ટન્સથી હરાજી કરવામાં આવી રહી છે. એક બાદ એક ખેડૂતને એન્ટ્રી આપવામાં આવી રહી છે. જે પણ ખેડૂતો આવે તેનું ટેમ્પરેચર માપવામાં આવી રહ્યું છે.

સુજલામ સુફલામ અભિયાન શરૂ કરવામાં આવશે, ૧૦ મે સુધી ચાલશે રજીસ્ટ્રેશનની કાર્યવાહી

રાજ્યમાં ૨૭ એપ્રિલથી ઘઉંની ટેકાના ભાવે કરવામાં આવશે ખરીદી: અશ્વિની કુમાર

ગાંધીનગર

એક તરફ રાજયમાં કોરોના વાયરસના કેસો સતત વધી રહ્યાં છે. ત્યારે રાજય સરકાર આ કોરોના વાયરસને રોકવાની સાથે ખેડૂતો, મજૂરો સહિતના લોકોને પણ વધુ મુશ્કેલી ન પડે તે માટે અનેક નિર્ણયો લઈ રહી છે. આજે પણ રાજય સરકાર દ્વારા ખેડૂતો માટે અનેક મહત્વના નિર્ણયો લેવામાં આવ્યા છે. જેની જાણકારી મુખ્યમંત્રીના સચિવ અશ્વિની કુમારે પત્રકાર પરિષદમાં આપી હતી. મુખ્યમંત્રી દ્વારા જાહેરાત કરવામાં આવી છે કે રાજ્યમાં સુજલામ સુફલામ અભિયાન શરૂ કરવામાં આવશે. ગ્રામ્ય અને શહેરો કક્ષાએ ચેકડેમો, નદીઓ ઉંડા કરવાની કામગીરી હાથ ધરવામાં આવશે. આ કાર્ય ૧૦ જૂન સુધી કરવામાં આવશે. ખેડૂતો પણ કોઈપણ જાતની કિંમત વગર ખેતર માટે માટી લઈ શકશે. આ કામગીરી દરમિયાન કોરોના ન ફેલાય તે માટે સોશિયલ ડિસ્ટેન્સિંગનું પાલન કરવાનું રહેશે. આ યોજનામાં ખેડૂતોને માટી, શ્રમિકોને રોજગારી મળશે તથા રાજ્યમાં પાણી સંગ્રહની ક્ષમતામાં પણ વધારો થશે.

રાજય સરકાર દ્વારા લૉકડાઉન વચ્ચે ખેડૂતો માટે મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે. રાજયમાં ૨૭ એપ્રિલથી ઘઉંની ટેકાના ભાવે ખરીદી શરૂ કરવામાં આવશે. તેના માટે ૨૭ એપ્રિલથી ૧૦ મે સુધી રજીસ્ટ્રેશનની કાર્યવાહી ચાલશે. આ માટે નોંધણી કરાયેલા ખેડૂતોને અગાઉથી જાણ કરવામાં આવશે તે તારીખે ખેડૂતોએ આવીને ઘઉંનું વેચાણ કરવાનું રહેશે.

તો અશ્વિની કુમારે માહિતી આપતા કહ્યું કે, રાજયમાં ગઈકાલથી ઉદ્યોગોને મંજૂરી આપવામાં આવી છે. અત્યાર સુધી ૨૯ હજાર ૮૦૦ જેટલા ઉદ્યોગો ગુજરાતમાં કાર્યરત થઈ ગયા છે. તેનાથી ૧ લાખ ૮૦ હજાર લોકોને રોજગારી મળશે. તેમણે કહ્યું કે, મોટાભાગના ઉદ્યોગ, અમદાવાદ, રાજકોટ, કચ્છ, ભરૂચ અને વડોદરા જિલ્લામાં છે. તો તેમણે કહ્યું કે, આજે એન.એફ.એસ.એના કેટલાક લાભાર્થીઓના ખાતામાં એક હજાર રૂપિયા જમા કરાવવામાં આવ્યા છે. જેમાં ડાંગ, ગીર સોમનાથ, નર્મદા, દ્વારકા, નવસારી, પોરબંદર, તાપી, વલસાડ જેવા જિલ્લાનો સમાવેશ થાય છે.

ગીર પૂર્વની રેન્જમાં ચેપી રોગથી ૨૫ સિંહોનાં મોત થયાની વાતને વનવિભાગે નકારી

જૂનાગઢ

ગીર પૂર્વ વનવિભાગ હેઠળ આવતી બે રેન્જના જંગલમાં ૨ માસમાં ૨૫ સાવજ મોતને ભેટ્યાની વાત બહાર આવી છે. વનવિભાગે આ વાતને સ્વીકારી છે. પણ આની પાછળ કોઇ ચેપી રોગચાળો હોવાની વાતનો ઉચ્ચ અધિકારીઓ સતત ઇન્કાર કરી રહ્યા છે. બે દિવસ પહેલાં ૮ સિંહબાળને અને તેની સાથેની ૭ થી ૮ સિંહણોને પણ જશાધાર એનિમલ કેર સેન્ટર ખાતે ખસેડવામાં આવી હતી. જે પૈકી એક સિંહબાળનું મોત થયું છે. અને જૂનાગઢના સક્કરબાગ સહિત બીજા એનિમલ કેર સેન્ટરોમાંથી પણ તબીબી ટુકડીઓ જશાધાર બોલાવાઇ હતી. ખુદ સીસીએફ ત્યાં દોડી ગયા હતા.

અને તેમની દેખરેખ નીચે સ્થિતિની સમીક્ષા કરાઇ છે. આ સિંહબાળ લોહીમાં હિમોગ્લોબિન ઓછું હોવાને લીધે મોતને ભેટ્યાનું કારણો જુદા હોઇ શકે ખરાં. પણ જશાધારમાં રાખેલા પૈકી એક પણને કેનાઇન ડિસ્ટેમ્પરની કોઇ જ શક્યતા નથી. ૨ માસમાં ૨૫ સિંહોના મોતની ઘટના નવી નથી. - સીસીએફ ડિ. ટી. વસાવડા

રાજ્યસભાના સાંસદ પરિમલ નથવાણીએ ૨ માસમાં જ ૨૫ સિંહબાળ કેનાઇન ડિસ્ટેમ્પર વાઇરસથી મોતને ભેટ્યાનું ટ્વિટ કર્યું છે. તેમણે ૧૮ બીમાર સિંહોને વનવિભાગે પકડ્યાની અને તેને સારવાર બાદ તેને મૂળ વિસ્તારમાં છોડવામાં આવશે એમ જણાવ્યું છે. સાથે તેમણે ગીર વનવિભાગે ઝડપથી કાર્યવાહી કરવી જોઇએ એમ પણ જણાવ્યું છે.

બહેરામપુરાના કોંગ્રેસના પૂર્વ કાઉન્સિલર સિરાઝખાન પઠાણ કોરોનાગ્રસ્ત, વધી ચિંતા

અમદાવાદ

અમદાવાદમાં કોરોનાવાયરસના ચેપના કેસોની સંખ્યા વધતી જાય છે અને નેતાઓ પણ કોરોનાની ઝપટે ચડી રહ્યા છે. ધારાસભ્ય ઈમરાન ખેડાવાલા અને અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં વિપક્ષના ભૂતપૂર્વ નેતા બદરુદ્દીન શેખના કોરોનાના ટેસ્ટ પોઝિટિવ આવતાં બંને અત્યારે સારવાર હેઠળ છે ત્યારે હવે કોંગ્રેસના વધુ એક નેતાનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે.

બહેરામપુરાના પૂર્વ કાઉન્સિલર સિરાઝખાન પઠાણનો કોરોના ટેસ્ટ પોઝિટિવ આવ્યો છે. સિરાઝખાનને સારવાર માટે હોસ્પિટલમાં ખસેડાયા છે. સિરાઝખાન પઠાણના ભાઈ હાલ બહેરામપુરા વિસ્તારના કાઉન્સિલર છે. સિરાઝખાન ઓક્ટ્રોય કમિટી ચેરમેન પણ રહી ચૂકયા છે. બહેરામપુરા કોરોનાવાયરસના નવા હોટ સ્પોટ તરીકે ઉભરી રહ્યું છે. બહેરામપુરામાં વધતા જતા કોરોનાવાયરસના ચેપના કેસ અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન માટે ચિંતાનો વિષય બન્યા છે.

૧૨ કલાકની શિફ્ટ નહી કરી શકાય

નોકરી માટે મહિલાઓને દિવસ દરમિયાન જ ફરજ પર બોલાવવાની રહેશે: સરકાર

અમદાવાદ

ગુજરાત સરકારે ૨૦ એપ્રિલથી કેટલાક વિસ્તારોમાં ઔદ્યોગિક એકમો શરૂ કરવાની મંજૂરી આપતાં રાજ્યમાં ઔદ્યોદિક પ્રવૃત્તિઓ શરૂ થઈ ગઈ છે. ગુજરાત સરકારે ઔદ્યોગિક એકમોમાં કામ કરતી મહિલાઓ માટે ખાસ જાહેરાત કરી છે. આ ઉદ્યોગ એકમોમાં સાંજે ૭થી સવારે ૬ સુધી એટલે કે રાત્રિના સમય દરમિયાન કોઈ મહિલા કામદાર કે કર્મચારીને ફરજ માટે બોલાવી શકાશે નહીં. મહિલાઓને દિવસ દરમિયાન જ ફરજ પર બોલાવવાની રહેશે. ગુજરાત સરકારે જે વિસ્તારોમાં ૨૦ એપ્રિલથી ઉદ્યોગો-એકમો કાર્યરત થવાના છે ત્યાં મહત્તમ ૧૨ કલાકની શિફ્ટ રાખવાની છૂટ આપી છે. હાલમાં કામદારોની અછત છે ત્યારે ઔદ્યોગિક એકમો માટે આ નિર્ણય અત્યંત આશિર્વાદરૂપ સાબિત થશે. આ નિયમમા મહિલાઓને છૂટ અપાઈ છે. મહિલાઓ પાસે ૧૨ કલાકની શિફ્ટ નહી કરી શકાય.

આ ૧૨ કલાકની શિફ્ટમાં કામ કરનારા કામદારોને વધારે પગાર આપવો પડશે. આ કામદારોને હાલમા મળી રહેલા વેતનમાં વધારાના કલાકોના પ્રમાણમાં વધારો આપવાનો રહેશે તેમ ગુજરાત સરકારે જણાવ્યું છે. આ જાહેરાત કરતાં મુખ્યમંત્રી વિજય રૂપાણીના સચિવ અશ્વિનીકુમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં લોકડાઉનની સ્થિતિમાં છૂટછાટ આપીને કેટલાક વિસ્તારોમાં ૨૦ એપ્રિલથી ઉદ્યોગો-એકમો શરૂ કરવાનો નિર્ણય કર્યો છે પણ આ ઉદ્યોગો-એકમો માત્ર નગરપાલિકા-મહાનગર પાલિકાની હદ સિવાયના બહારના વિસ્તારોમાં જ શરૂ કરી શકાશે. તેમણે જણાવ્યું કે, મુખ્યમંત્રીના દિશાનિર્દેશો અનુસાર ગુજરાતના શ્રમ રોજગાર વિભાગે એવી સ્પષ્ટ સૂચના આપી છે કે, જે વિસ્તારોમાં ૨૦ એપ્રિલથી ઉદ્યોગો-એકમો કાર્યરત થશે મહત્તમ ૧૨ કલાકની શિફ્ટ રાખી શકાશે પણ આ ૧૨ કલાકની શિફ્ટમાં કામ કરનારા કામદારોને વેતનમાં પણ સપ્રમાણ વધારો આપવાનો રહેશે. આ ઉપરાંત કામના ૬ કલાક પૂરા થાય ત્યારે શ્રમિક-કર્મચારીને ૩૦ મિનિટનો વિરામ આપવો પડશે.

વલસાડ, તાપી અને નવસારીમાં કોરોનાએ એન્ટ્રી કરી છે, રાજ્યના ૫ જીલ્લા કોરોના મુક્ત

અમદાવાદ

ગુજરાતમાં વધુ ત્રણ જિલ્લામાં કોરોના વાયરસની એન્ટ્રી થઈ છે. રાજ્યના તાપી, વલસાડ અને નવસારી જિલ્લામાં કોરોના વાયરસના પ્રથમ પોઝિટિવ કેસ મળી આવ્યા છે. તાપી જિલ્લાના વ્યારા તાલુકાની માયપુર ગામની મહિલાને કોરોના પોઝિટિવ આવ્યો છે. જ્યારે વલસાડના ઉમરગામમાં પહેલા કોરોના પોઝિટિવ કેસ સામે આવ્યો છે. તેમજ નવસારીના જલાલપોર તાલુકાના હાંસાપોરમાં કોરોનાનો પહેલો કેસ સામે આવ્યો છે. આમ, વધુ ત્રણ જિલ્લામાં કોરોનાની એન્ટ્રી થતાં ગુજરાતના ૨૮ જિલ્લા કોરોનાગ્રસ્ત થયા છે. હવે ફક્ત પાંચ જિલ્લા જ કોરોના મુક્ત રહ્યા છે. નવસારીની વાત કરીએ તો હાંસાપોર ગામના ૪૨ વર્ષીય પુરૂષનો રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. કોરોના પોઝિટિવ વ્યક્તિ સુરતના કોરાનાગ્રસ્ત યુવકના સંપર્કમાં આવ્યો હતો. ઓખાથી બસમાં નવસારી આવતા સુરતના પોઝિટિવ વ્યક્તિ સાથે સંપર્કમાં આવવાથી ચેપ લાગ્યો છે. પ્રથમ કેસ આવતા આયોગ્ય વિભાગ હરકતમાં આવ્યું છે.

વલસાડની વાત કરીએ તો ઉમરગામ તાલુકાના દેહરીના માંગેલવાડના ૩૦ વર્ષના યુવાનનો રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે. કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નહીં હોવા છતાં રિપોર્ટ પોઝિટિવ આવ્યો છે. વાપીની જનસેવા હોસ્પિટલમાં સારવાર માટે દાખલ કરાયો છે. તાપીની વાત કરીએ તો મહિલાની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી સામે આવી નથી. તાપી જિલ્લામાં પ્રથમ કોરોના પોઝિટિવ કેસ આવતા વહીવટી તંત્ર તોડતું થયું છે. આ પછી આજે વલસાડના ડુંગરી પોલીસના જીઆરડી જવાનને પણ કોરોના પોઝિટિવ આવ્યો છે. કોરોના રિપોર્ટ પોઝિટિવ આવતા વલસાડનું તંત્ર દોડતું થયું છે. જીઆરડી જવાનના સંપર્કમાં આવેલ તમામને વલસાડ સિવિલ હોસ્પિટલમાં ખાસેડવામાં આવ્યા છે.

અમદાવાદમાં અત્યાર સુધીમાં જે ૩૪ મૃત્યુ થયા જેમાં ૨૫ મોત હોટસ્પોટ વિસ્તારમાંથી છે. અમદાવાદમાં રાયખડ, જીવરાજપાર્ક, બહેરામપુર, ખોખરા, વસ્ત્રાલ, વાસણા, જમાલપુરના કેસ નોંધાયા છે. અમદાવાદમાં કર્ફ્યૂ વિસ્તારમાં સૌથી વધુ દર્દીઓ મૃત્યુ પામ્યા છે. આરોગ્ય સચિવ જયંતી રવીએ જણાવ્યું હતું, કે કોરોના વાયરસના આંકડાથી ડરવાની જરૂર નથી માત્ર સતર્કતા રાખવી જરૂરી છે. કોરોના વાયરસની સૌથી વધુ ગંભીર સ્થિતિ અમદાવાદની છે. અમદાવાદ શહેરમાં ૧૨૪૮ કેસ સંક્રમિત છે. જોકે, અમદાવાદમાં કોરોના વાયરસના કેસ પોઝિટિવ આવવાનું એક કારણ એગ્રેસિવ ટેસ્ટિંગ છે. શહેરમાં કોરોનાના કારણે ૩૮ દર્દીના મોત થયા છે. અમદાવાદ ઉપરાંત વડોદરામાં ૧૮૮, સુરતમાં ૨૬૯, રાજકોટમાં ૩૮, ભાવનગરમાં ૩૨, આણંદમાં ૨૮, ભરૂચમાં ૨૩, ગાંધીનગરમાં ૧૭, પાટણમાં ૧૫, પંચમહાલમાં ૧૧, બનાસકાંઠામાં ૧૦, નર્મદામાં ૧૨ કેસે નોંધાયા છે. આ ઉપરાંત રાજ્યના અન્ય જિલ્લામાં સિંગલ ડિજિટમાં પોઝિટિવ કેસ નોંધાયા છે.

બિહારની વિધવા માતાએ મુખ્યમંત્રી રૂપાણી પાસે વિડીયો મારફતે માંગી મદદ

ગાંધીનગર

બિહારની એક મહિલા લોકડાઉનને કારણે અમદાવાદમાં ફસાઈ હોવાનો વીડિયો સામે આવ્યો છે. આ વીડિયો મહિલાએ બનાવ્યો છે અને તે છેલ્લા એક મહિનાથી અમદાવાદમાં ફસાઈ ગઈ છે. તેનું નાનું બાળક બિહારમાં તેની માતાની રાહ જોઈને બેઠુ છે. પણ પૈસા પણ ખુટી પડ્યા છે અને લોકડાઉનને કારણે પોતે પોતાના બાળક સુધી પહોંચી ન શકતી હોવાની વાતને લઈને તેણે CM રૂપાણીની મદદ માંગતો વીડિયો બનાવ્યો છે જે ખુબ વાયરલ થયો છે. પોતાના બાળક પાસે જવા મા વલખા મારી રહી છે. બિહારની મીનાકુમારી નામની મહિલાના પતિનું અવસાન થઈ ગયુ છે અને તેનું બાળક બિહારના મુઝ્ઝફરમાં છે. તે બાળકને મળવા માટે રડી રડીને ઝસ રૂપાણીની મદદ માંગી રહી છે. મહિલા વીડિયા વાયરલ કરી મુખ્યમંત્રી પાસે મદદ માગી છે. નાનુ બાળક બિહારમાં જોવાની મહિલા વાત કરી રહી છે. નાણાં ખુટી જતા મહિલાએ મુખ્યમંત્રી પાસે માગ કરી છે. પોતાના વતન પહોંચાડવા માટે મહિલાએ અપીલ કરી છે.

ફેસબુકના માધ્યમથી સીએમ રૂપાણીએ કોરોનાના દર્દીઓ અને ડોક્ટરો સાથે કરી વાત

ગાંધીનગર

સીએમ રૂપાણીએ આજે કોરોનાના દર્દીઓ સાથે ફેસબુકના માધ્યમથી વાતચીત કરી હતી. દર્દીઓની સાથે સાથે ડોક્ટર સાથે પણ સંવાદ કરીને રાજ્યમાં ગ્રાઉન્ડ લેવલે કોરોનાની સારવાર અંગે માહિતી મેળવી હતી.

અમદાવાદના કોરોના અસરગ્રસ્ત દર્દીઓની સારવાર કરતા ડૉક્ટરો અને કોરોના અસરગ્રસ્ત દર્દીઓ સાથે સંવાદ કરીને સારવાર અંગે તેમજ સુવિધાઓ અંગે માહિતી મેળવી હતી. સિવિલ હોસ્પિટલમાં કોરોનાના દર્દીઓને પ્રોપર સારવાર ન મળતી હોવાની ફરિયાદો ઉઠી રહી હતી. આ અંગે સીએમ રૂપાણીએ ખુદ કોરોનાના ડોક્ટર અને દર્દીઓ સાથે સંવાદ સાધ્યો હતો.

ઓફિસર જિમખાના, MLA હર્ષ સંઘવી દ્વારા કરવામાં આવી વ્યવસ્થા

સુરતમાં કોરોનાના દર્દીઓને હવેથી ૫ સ્ટાર હોટલમાંથી ભોજન મળશે

સુરત

દિવસેને દિવસે કોરોના પોઝિટિવ કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે સુરત જિલ્લામાં પોઝિટિવ કેસનો આંકડો આજે ૩૦૦ને પાર પહોંચી ગયો છે. આજે વધુ એક મહિલાનું કોરોનાને કારણે મોત થયું છે. જેથી મૃત્યુનો આંક ૧૨ પર પહોંચી ગયો છે. જ્યારે આજે વધુ એક શંકાસ્પદનું પણ મોત થયું છે. જેનો રિપોર્ટ પેન્ડિંગ છે. બીજી બાજુ કોરોનાના દર્દીઓને હોસ્પિટલમાં પડી રહેલી અગવડતાઓ પડી રહી છે જેના કારણે અનેક લોકો ફરિયાદો કરી રહી છે. ત્યારે આજે સુરતમાંથી કોરોનાના દર્દીઓ માટે સારા ભોજન માટે વ્યવસ્થા કરવામાં આવી છે. સુરતમાં આજે કોરોનાના દર્દીઓને એક સામાન્ય વ્યક્તિને જમવા ન મળે તેવી હાઈફાઈ હોટલ એટલે કે ૫ સ્ટાર હોટલમાંથી સારું ભોજન મળશે.

સુરતમાં કોરોનાના દર્દીઓને હવેથી ૫ સ્ટાર હોટલમાંથી ભોજન મળશે. સુરતમાં કોરોનાગ્રસ્ત દર્દીઓ માટે સારા જમવાની વ્યવસ્થા ઓફિસર જિમખાના, સ્ન્છ હર્ષ સંઘવીએ કરી છે. શંકાસ્પદ દર્દીને લક્ષ્મીનાથ સેવા સમિતિ દ્વારા સારું ભોજન આપવામાં આવશે. તમને જણાવીએ કે, સિવિલમાં અગાઉ ભોજનને લઈ અનેક ફરિયાદો ઉઠી રહી છે, ત્યારે સુરતમાં આ કદમ સૌથી મોટું છે. આ વિશે મળતી માહિતી પ્રમાણે, સુરતમાં આજથી કોરોના પોઝિટિવ દર્દીને ૫ સ્ટાર હોટલમાંથી ભોજન મળશે.

સુરત સિવિલમાં દાખલ તમામ પોઝિટિવ કેસને હોટલ મેરિયટમાંથી ભોજન મોકલાશે. ઓફિસર જિમખાના અને ધારાસભ્ય હર્ષ સંઘવી દ્વારા તેનું આયોજન કરવામાં આવ્યું છે. જ્યારે શંકાસ્પદ દર્દીઓને શ્રીલક્ષ્મીનાથ સેવા સમિતિ દ્વારા ભોજન પૂરું પાડશે. સુરતમાં કોરોનાના દર્દીઓને સારા ભોજન માટેની વ્યવસ્થા આયોજન અશોક મહેતા અને અનિલ બગદાણાવાળા દ્વારા કરવામાં આવી છે. સુરતમાં સિવિલમાં અગાઉ ભોજનને લઇને દર્દીઓએ અનેક ફરિયાદ સામે આવી રહી હતી. જેના કારણે આખા રાજ્યમાં સૌથી મોટી સુવિધા દર્દીઓને આપવામાં આવી છે.



સુરતના માનદરવાજા ટેનામેન્ટ હોટ સ્પોટ વિસ્તારમાંથી સૌથી વધુ કોરોના વાયરસના પોઝિટિવ કેસ મળી રહ્યાં છે. આજે પણ ઘણા લોકોના રિપોર્ટ પોઝિટિવ આવતા પોઝિટિવ દરદીઓને નવી સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે એમ્બ્યુલન્સમાં લઈ જવામાં આવ્યાં હતા

ઈરાનમાં ફસાયેલા નવસારી, વલસાડના ૪૦૦ ફિશરમેનને સરકાર પાસે માંગી મદદ

સુરત


દક્ષિણ ગુજરાતના વલસાડ અને નવસારી જિલ્લામાંથી વર્ક પરમિટ મેળવી કાયદેસર રીતે ઈરાનમાં ફિશિંગ નોકરી કરવા ગયેલા ૪૦૦થી પણ વધારે ફિશરમેનો છેલ્લા દોઢ મહિનાથી બેકાર બેઠા છે. દરિયાની અંદર ફિશિંગ થઈ શકતું નથી અને ફિશરીઝ બીઝનેસ સાવ ઠપ થયો છે. જેથી હવે તેઓને રોજિંદુ ગુજરાન ચલાવવાની પણ ભારે મુશ્કેલી પડી રહી છે અને તેઓને ભૂખે મરવાના દિવસો આવ્યા છે. દક્ષિણ ગુજરાત ફિશરમેન એસોસિએશન ઓખાના હોદ્દેદારોએ ગુજરાતી અખિલ માછીમાર મહામંડળ ગુજરાતને રજૂઆત કરી નવસારી અને વલસાડ જિલ્લાના માછીમારોને અત્રે તુરંત વતનમાં પરત લાવવાની માંગણી કરી છે.



દક્ષિણ ગુજરાતના ફિશર મેનો વર્કે પરમિટ મેળવી ઈરાની ઠેકેદારોને ત્યાં કાયમી ધોરણે કે અન્ય રીતે ફિશર મેનો તરીકે જતા આવ્યા છે. આ વર્ષ કોરોનાને લીધે ઈરાની માછલીનો નિકાસની વ્યાપાર દોઢ મહિનાથી ઠપ્પ છે. ચારસો જેટલા માછીમારો દોઢ મહિનાથી બેકાર બેઠા છે. હાલમાં પ્રવર્તી રહેલી એમની આર્થિક પરિસ્થિતિ અતિ કંગાળ હોય તાકીદે પગલાં ભરવા અને આ તમામને તુરંત જ કાર્યવાહી કરી વતન પરત લઈ આવવા માટેની માંગણી હવે તીવ્ર બની છે.

આ બે રોજગાર સામે શું ખાવું એ ગંભીર પ્રશ્ન છે. ઈરાનના ભારતીય દૂતાવાસને પણ રજૂઆતો કરાઈ છે. ઈરાનથી અત્રે દરિયાઈ માર્ગે આવતા દોઢસો કલાક થાય છે. આ પગલા તાકીદે લેવાય એવી માંગ નવસારી અને વલસાડ જિલ્લામાં અત્રે વસતા પરિવારજનો અને સ્નેહીજનો તરફથી પણ ઉઠી છે. દક્ષિણ ગુજરાતના દરિયાઈ પટ્ટી કાંઠા વિસ્તારમાં ઓખા પોરબંદર વેરાવળ માંગરોળ સૌરાષ્ટ્ર કાંઠેથી હજારો માછીમારો અત્રે પરત આવ્યા છે તો ઈરાનમાં વસતા આ માછીમારો પરત ક્યારે આવશે એની રાહ જોઈને પરિવારજનો બેઠા છે. ફિશિંગ વ્યાપાર કરનાર ઈરાની ઠેકેદારો નથી ઈચ્છતા કે આ ભારતીય ફિશરમેનો ભારત આવે.

બહારનાં બધાં જ મંદિરનાં દ્વાર બંધ છે ત્યારે અંદરના પરમાત્માને ઓળખવાનો યોગ્ય સમય - શ્રી શિવકૃપાનંદ સ્વામીજી





વર્તમાન સમયમાં ધ્યાન સાથે જોડાવા માટે તા.૨૩ થી ૩૦ એપ્રિલ, ૨૦૨૦ સમર્પણ ધ્યાનયોગ શિબિરનું પ્રસારણ

નવસારી

સમર્પણ ધ્યાનયોગ સંસ્કારના પ્રણેતા સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજીએ હમણાંના પોતાના એક સંદેશમાં કહ્યું, 'વર્તમાન સમય' એક અલગ જ સમયકાળ છે. આવો સમય તમારા જીવનમાં આવ્યો નથી અને હવે પછી આવશે પણ નહીં. પ્રત્યેક દિવસ મહત્ત્વપૂર્ણ છે, કેમ કે આ દિવસોમાં જો તમે ભીતર જશો તો ભીતર વધુ ભીતર ઊતરતા જશો અને જો બહાર જશો તો બહાર વધુ બહાર જતા રહેશો.

સકારાત્મક સામૂહિકતા સાથે જોડાવાની પ્રેરણા આપતાં આગળ જણાવે છે, 'તમે કેવી સામૂહિકતા સાથે જોડાઓ છો અને તમારું ચિત્ત ક્યાં છે, બધું જ આ બે વાત પર નિર્ભર છે. તમારું ચિત્ત અંદરની દિશામાં પ્રયાણ કરે એટલે વારંવાર શિબિરોનું આયોજન કરવામાં આવી રહ્યું છે. આ સમય તો પૂર્ણિમાની રાત્રિનો સમય છે. પૂર્ણિમાની રાત્રે એક જ ચંદ્રમા હોય છે. પરંતુ તેનો સકારાત્મક અને નકારાત્મક પ્રભાવ હોય છે. એ પ્રિયતમાથી વિખૂટા પડેલા પ્રેમીને દુઃખી કરી દે છે અને જે પ્રિયતમાની સાથે છે, તેને આનંદથી ભરી દે છે. એટલે જ આ સમયે પરમાત્મારૂપી પ્રિયતમાની સાથે રહો.'

એમની પ્રેરણાથી આગામી તા.૨૩ એપ્રિલથી ૩૦ એપ્રિલ સુધી બપોરે ૪ વાગ્યાથી યૂ ટ્યુબ પર સમર્પણ ધ્યાનયોગની 'અનુભૂતિ સમર્પણ' ચેનલ અને સમર્પણ ધ્યાનયોગની વેબસાઈટ પર 'સમર્પણ ધ્યાન મહાશિબિર સુરત, ૨૦૦૬નું પ્રસારણ કરવામાં આવશે.

સદ્ગુરુ શ્રી શિવકૃપાનંદ સ્વામીજી સમજાવે છે, 'મહાશિબિર તો એક માર્ગ છે, જેના દ્વારા ગુરુશક્તિઓ તમારા ઘર સુધી પહોંચી રહી છે. બસ, હૃદયનાં દ્વાર ખુલ્લાં રાખો, રોજ ૩૦ મિનિટ નિયમિત ધ્યાન કરો.' શિબિરના વિષયમાં વિશેષ માહિતી મેળવવા અને શિબિરનો લાભ લેવા માટે સમર્પણ ધ્યાનયોગની વેબસાઈટ www.samarpanmeditation.orgની મુલાકાત લઈ શકો છો.

ઝારખંડેશ્વર મહાદેવ મંદિર દ્વારા જરૂરિયાતમંદોને અનાજની સહાય

૨૦૦ અનાજ કીટનું વિતરણ કરાયું

આહવા

ડાંગ જિલ્લાના ધોધલી,કાસવદહાડ અને આહવા ખાતે રહેતા ગરીબ પરિવારો તેમજ જરૂરિયાતમંદ લોકોને ઝારખંડેશ્વર મહાદેવ મંદિર ટ્રસ્ટ,આહવા-ડાંગ તરફથી ૨૦૦ જેટલી અનાજ કિટ વિતરણ કરી માનવતા મહેંકાવી હતી.

ટ્રસ્ટી શ્રી જગદીશભાઈ રાવલે જણાવ્યું હતું કે હાલમાં જ કોરોના વાઈરસના કારણે સરકારશ્રી દ્વારા લોકડાઉન અમલી હોવાથી લોકોના ધંધા-રોજગાર બંધ છે. આવા સમયમાં લોકોને મુશ્કેલીઓ ન પડે તે માટે અમારા ટ્રસ્ટ દ્વારા માનવતાના આ કાર્યની તક મળતા અમોએ લોકોને સીધુ અનાજ આપવાનું કાર્ય કર્યુ છે.ધોધલી વિસ્તારથી નજીકમાં જ આવેલા આ ઝારખંડેશ્વર મંદિર ના બાજુના ગામો ધોધલી,કાસવદહાડ ગામના ગરીબ લોકોને તેમજ આહવાના ખૂબ જ જરૂરિયાતમંદ લોકોને જીવન જરૂરિયાતની ચીજ-વસ્તુઓ જેવીકે ૫ કિ.ગ્રા. ચોખા, તુવેરદાળ, તેલ, કાંદા-બટાકા, મીઠુ, મરચુ વિગરે આપવામાં આવ્યું છે. જેથી કપરી પરિસ્થિતિમાં તેઓને થોડી મદદ મળી રહે..

નવસારી જિલ્લામાં આરોગ્યલક્ષી સઘન કામગીરી હાથ ધરાઈ

નવસારી

કોવિડ-૧૯ વાયરસ સંક્રમણને પગલે આજ દિન સુધી નવસારી જિલ્લામાં ૪૯૩ શંકાસ્પદ નમુના લેવામાં આવ્યા છે જેમાંથી ૪૨૮ નમુના નેગેટીવ આવ્યા છે. ૬૫ રિપોર્ટ આવવાના બાકી છે. જિલ્લામાં હાઉસ ટુ હાઉસ સર્વેની ઘનિષ્ટ કામગીરી થઈ રહી છે. જિલ્લામાં ત્રીજા રાઉન્ડમાં ૬,૦૨,૮૦૫ ઘરોનો સર્વે થયો છે. જિલ્લામાં જાહેરમાં થુંકનાર વ્યકિત પાસે દંડ વસુલ કરવામાં આવે છે. આજદિન સુધીમાં ૧૬૩ કેસ કરીને રૂપિયા ૬૮,૪૦૦ વસુલ કરવામાં આવ્યા છે. જિલ્લામાં જુદા જુદા ૧૪ સ્થળોએ કુલ-૨૧૫ કોરેન્ટાઈન બેડની વ્યવસ્થા કરવામાં આવી છે.

રાજયમાં કોરોના કેસો જોતાં લોકલ ટ્રાન્સમિશન જોવા મળી રહયું છે જેને ધ્યાને લઈને જિલ્લામાં સઘન સર્વેલન્સની કામગીરી થઈ રહેલ છે.જિલ્લાના લોકો પણ સરકારશ્રીની હેલ્પ લાઈન નંબર ૧૦૪ ઉપર સંપર્ક કરી માર્ગદર્શન અને માહિતી મેળવી રહયાં છે. રાજયમાં ૧૧૦૦ નંબરની હેલ્પલાઈન તથા ટેલીમેડીસીન સુવિધા શરૂ કરાઈ છે.આ હેલ્પલાઈન દ્વારા આઈસોલેશન અથવા હોમ ક્વોરેન્ટાઈન કરવામાં આવેલ લોકોને ૨૪બ૦૭ કલાક માટે એમ. બી. બી. એસ. એમ. ડી. ફિઝિશીયન, ક્લીનીક સાઈકોલોજીસ્ટ અને સાઈકીયાટ્રીસ્ટ નિષ્ણાત તબીબો દ્વારા ટેલી મેડીસીન અને ટેલી કાઉન્સલીગ સહિત ટેલી એડવાઈઝ મળી રહે છે. કેન્સર રીસર્ચ ઈન્સ્ટીટ્યુટ દ્વારા પણ ટેલી મેડીસીન સુવિધા ઉભી કરાઈ છે. સવારે ૦૯ કલાકથી ૧૦ કલાકની વચ્ચે ૦૭૯-૨૨૬૮૦૨૮ ઉપર સંપર્ક સાધી શકાશે

પિંપરીગ્રુપ ગ્રામ પંચાયતના ગામો સેનીટાઈઝ કરાયા

આહવા

ડાંગ જિલ્લાના પિંપરી ગૃપ ગ્રામ પંચાયતના સમાવિષ્ટ ગામો દાવદહાડ, હનવતચૌંડ, પિંપરી,ધુળચૌંડ અને ઢુંઢુંનિયા ગામોને જિલ્લા વહીવટીતંત્ર અને પદાધિકારીઓના સહયોગથી સેનેટાઈઝ કરાયા હતા.

હાલમાં કોરોના વાઈરસના હાહાકારને ધ્યાને લઈ ડાંગ જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તકેદારીના પગલા લેવામાં આવી રહયા છે. ત્યારે ગામડાઓ માં સ્વચ્છતા જળવાય તે પણ એટલી જ અગત્યની છે. કોરોના વાઈરસને અટકાવવામાં નાની નાની લાગતી બાબતો ખૂબ જ અગત્યની છે. હંમેશા હાથ પાણીથી વારંવાર ધોવા,બહાર નીકળવાનું થાય ત્યારે હંમેશા મોં પર માસ્ક પહેરવો, એકબીજાથી અંતર રાખીને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવું વગેરે માહિતી ઉપસ્થિત મહાનુભાવો દ્વારા લોકોને આપવામાં આવી હતી. આજરોજ દાવદહાડ ગામને સંપૂર્ણ સેનેટાઈઝ કરવામાં આવ્યું હતું. ગામને સ્વચ્છ બનાવવા માટે આયોજનસહ તાલુકા વિકાસ અધિકારીશ્રી શિવાજી તબિયાર, વિસ્તરણ અધિકારીશ્રી સી. ડી. વ્યવહારે, તલાટી કમ મંત્રી જાગૃતિબહેન ગાઈન,માજી ધારાસભ્યશ્રી મંગળભાઈ ગાવિત, સરપંચશ્રી હેમંતભાઈ ભોયે સહિત પિંપરી પી. એચ. સી.સ્ટાફ ઉપસ્થિત રહયો હતો.

સુરત લોકડાઉનમાં સગર્ભા મહિલાઓને પૌષ્ટીક ખોરાક મળી રહે તેવી વ્યવસ્થા કરાઈ

સુરત

હાલ લોકડાઉનના બીજા તબક્કામાં સેવા ભાવી સંસ્થાઓ પણ થાકી ગઈ છે. ત્યારે ગર્ભવતિ મહિલાઓ માટેનો વિચાર એક સોસાયટી દ્વારા કરવામાં આવ્યો છે. ઘોડદોડ રોડ વિસ્તારમાં આવેલી આમ્રકુંજ સોસાયટીના રહિશો દ્વારા અનોખી સેવા શરૂ કરાઈ છે. લોકડાઉનમાં લોકોને જમવાની સમસ્યા નડે છે ત્યારે ગર્ભવતી મહિલાનું આ લોકોએ વિચાર્યું છે. સોસાયટીના રહિશો દ્વારા સુખડી સહિતના પોષ્ટીક આહારની કિટ બનાવી છે. આ કિટ સગર્ભા મહિલાઓ સુધી પહોંચાડવામાં આવી રહી છે. સ્થાયી સમિતીના માજી ચેરમેન રાજેશ દેસાઈના વિચારને સોસાયટી વાસીઓએ સ્વિકારીને કપરા સમયમાં ગર્ભવતિ મહિલાઓની સેવા કરવાનું બીડું ઝડપ્યું છે.

વલસાડ અને તાપીમાં કોરોનાની વિસ્ફોટક એન્ટ્રી, વલસાડ-સુરતમાં ૨ દર્દીઓના મોત

અમદાવાદ

ગુજરાતમાં કોરોના વાયરસના દર્દીઓ કૂદકેને ભૂસકે વધી રહ્યા છે. ત્યારે કોરોનામાં ગાંધીનગર અને ગીરસોમનાથ જિલ્લા કોરોનામુક્ત થયા હતા. તો બીજી બાજુ રાજયમાં એવા પણ જિલ્લાઓમાં કેસ સામે આવી રહ્યા છે, જયાં આજદિન સુધી કોરોના વાયરસના કેસ નોધાયા નહોતા. રાજયના બે જિલ્લાઓ કોરોનામુક્ત થયા તો બીજી બાજુ ૨ જિલ્લામાં કોરોના વાયરસે પોતાની વિસ્ફોટક એન્ટ્રી કરી છે. હાલ વલસાડના કોરોનાના દર્દીનું સુરતમાં મોત થયું હોવાની માહિતી મળી રહી છે. વલસાડના કોરોનાના દર્દીનું સુરતમાં મોત થયું છે. વલસાડના કોરોનાના દર્દી ૨૧ વર્ષીય સૂફીયાન શબ્બીર કાદરીનું સિવિલમાં મોત થતા હડકંપ મચ્યો છે. ૨૦ એપ્રિલે કોરોના રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. પરંતુ મૃતકની માતાનો કોરોના રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. હાલ સુરતનો માનદરવાજા વિસ્તાર રેડ ઝોનમાં આવી ગયો છે. ગત રોજ ત્રણ પોઝિટિવ દર્દીના નિપજયા મોત થયા હતા. આ સાથે અત્યાર સુધી સુરતમાં કોરોનાને કારણે ૧૨ લોકોએ પોતાનો જીવ ગુમાવ્યો છે.

વલસાડમાં કોરોનાનો બીજો કેસ નોંધાયો છે. વલસાડના ઉમરગામ બાદ ડુંગરી ગામમાં કોરોનાનો કેસ સામે આવ્યો છે. ડુંગર ફળિયાના હોમગાર્ડ જવાનને કોરોનાના રિપોર્ટ પોઝિટીવ આવ્યો છે. ઉમરગામમાં ૩૦ વર્ષના યુવકને કોરોના થયો છે. જેથી યુવકના સંપર્કમાં આવેલા ૧૨ લોકો ક્વોરન્ટાઈન કરવામાં આવ્યા છે. ત્યારબાદ તંત્રએ માંગેલવાડ ગામને સેનેટાઈઝ કરવામાં આવ્યું છે. હાલ યુવક સિવિલ ખાતે આઈસોલેશન વોર્ડમાં છે. યુવક અન્ય પોલીસકર્મી અને કેટલા લોકોના સમ્પર્કમાં આવ્યો તેની ચકાસણી હાથ ધરાઈ રહી છે. સુરતમાં ૫૫ વર્ષીય મંજુબેન ભીખાભાઈ રાવલનું મોત નિપજયું છે. સુરતના માનદરવાજાના પદમાનગરની મહિલાનું મોત થતા હડકંપ મચી જવા પામ્યો છે. આ સાથે જ હવે સુરતમાં કોરોનાથી મોતનો આંકડો કુલ ૧૨એ પહોંચ્યો છે.

બીજી બાજુ ગીર સોમનાથના સૂત્રાપાડામાં કોરોનાનો કેસ સામે આવ્યો છે. ગીરસોમનાથના વાવડી ગામના યુવકને કોરોના પોઝિટિવ કેસ નોંધાયો છે. ૧૬ એપ્રિલે રાજકોટ સિવિલમાં આ યુવક ગયો હતો. જેથી રાજકોટ સિવિલથી ચેપ લાગ્યો હોવાની આશંકા સેવવામાં આવી રહી છે. અમદાવાદ ખાતે સારવાર અર્થે જતા રિપોર્ટ કોરોના પોઝિટિવ આવ્યો છે.

મહિલાના મોતથી મૃત્યુ આંક ૧૨ થયો

સુરતમાં નવા ૬૯ કેસ નોંધાતા પોઝિટિવનો આંકડો ૩૩૮ પર પહોંચ્યો

સુરત

દિવસે ને દિવસે કોરોના પોઝિટિવ કેસમાં વધારો થઈ રહ્યો છે. ત્યારે ગતરાતથી અત્યાર સુધીમાં નવા ૬૯ કેસ નોંધાતા શહેર-જિલ્લામાં પોઝિટિવ કેસનો આંક ૩૩૮ પર પહોંચી ગયો છે. આજે વધુ એક મહિલાનું કોરોનાને કારણે મોત થયું છે. જેથી મૃત્યુનો આંક ૧૨ પર પહોંચી ગયો છે. જ્યારે આજે વધુ એક શંકાસ્પદનું પણ મોત થયું છે. જેનો રિપોર્ટ પેન્ડિંગ છે. હાલ શંકાસ્પદની ગાઈડલાઈન પ્રમાણે અંતિમવિધી કરવાની કામગીરી હાથ ધરવામાં આવી છે. જ્યારે વધુ એક કેસ ધરમપુરના યુવકનો નોંધાયો છે.એક કેસ વ્યારા અને એક નવસારીનો પણ નોંધાયો છે. સિવિલ હોસ્પિટલમાં જમવાનું સારૂ ન મળતું હોવાની ફરિયાદો ઉઠી છે. જેના પગલે કોરોના પોઝિટિવ દર્દીઓને આજથી હોટલ મેરિયટ જમવાનું પૂરું પાડશે. હોટલ મેરિયટ તરફથી કોઈ ચાર્જ વસુલવામાં નહિ આવે તેમ કહેવામાં આવી રહ્યું છે

અત્યાર સુધી એક પણ કોરોના પોઝિટિવ કેસ ન આવતાં વલસાડ,તાપી અને નવસારી જિલ્લાને ગ્રીન ઝોનમાં મુકવામાં આવ્યાં હતાં. ત્યારે આજે તાપી જિલ્લામાં કોરોનાનો પ્રથમ પોઝિટિવ કેસ સામે આવ્યો છે. તાપીના વ્યારા તાલુકાની માયપુર ગામની મહિલાનો કેસ પોઝિટિવ આવ્યો છે. જેથી મહત્તમ આદિવાસી વસ્તી ધરાવતા જિલ્લામા કોરોનાના પગ પેસારાના પગલે જિલ્લામાં ચિંતાનો માહોલ છે. આ કોરોના પોઝીટીવ મહિલાની હિસ્ટ્રી હજુ સુધી સામે નથી આવી.વલસાડ જિલ્લામાં કોરોનાના ૩ પોઝિટિવ કેસ સામે આવ્યાં છે. વલસાડના ડુંગરી ચેક પોસ્ટ પર ફરજ બજાવતા હોમગાર્ડનો કોરોના રિપોર્ટ પોઝિટિવ છે.જિલ્લામાં બીજા દિવસે પણ કોરોનાનો કેસ નોંધાતા તંત્ર દોડતું થયું છે. નવસારીમાં પણ એકનો રિપોર્ટ પોઝિટિવ આવતાં તંત્રમાં ચિંતા વ્યાપી છે.

સુરતમાં ૧૩ કલસ્ટર અને હોટસ્પોટમાં ૩૭ જેટલી કોન્ટેક્ટ ટ્રેસિંગ ટીમની તપાસ

સુરત

સુરત મહાનગરપાલિકાના મ્યુ.કમિશનરશ્રી બંછાનિધિ પાનીએ ગઈ કાલે તા.૨૦મી એપ્રિલના રોજ કોરોના બાબતે અદ્યતન વિગતો આપતાં જણાવ્યું હતું કે, મહત્તમ કેસો હોટસ્પોટ વિસ્તારમાંથી નોંધાયા હોવાથી આ વિસ્તારમાં તેમજ અન્ય ૧૩ જેટલા ક્લસ્ટર અને હોટસ્પોટ વિસ્તારમાં ૩૭ કોન્ટેક્ટ ટ્રેસિંગ ટીમોના ૧૫૫ કર્મચારીઓ દ્વારા સઘન ચકાસણી પ્રક્રિયા વધુ તેજ કરવામાં આવી છે. શહેરમાં કોરોનાને ફેલાતો અટકાવવાં માટે ડોર ટુ ડોર સર્વેલન્સની ૬૬૬૬ ટીમો દ્વારા આરોગ્ય ચકાસણી કરવામાં આવી રહી છે. મ્યુ. કમિશનરશ્રી વધુમાં જણાવ્યું કે, ટેસ્ટીંગની સંખ્યા વધારવામાં આવી હોવાથી પોઝિટીવ કેસો વધ્યાં છે, જેથી કોરોના સંક્રમણને એક હદ સુધી સીમિત કરી શકાય છે, વિશ્વના અનેક દેશોની પેટર્ન પ્રમાણે આ એક સામાન્ય પ્રક્રિયા છે, જેથી શહેરીજનોએ ગભરાવું નહિ. સ્વાધ્યાય પરિવાર દ્વારા શક્તિમાન કંપનીની બનાવટના ૦૫ સેનેટાઈઝર મશીનો મળવાના કારણે દવા છંટકાવમાં ખુબ ઉપયોગી મદદ રહેશે થઈ છે. ટ્રેકિંગ, ટેસ્ટીંગ અને ટ્રીટમેન્ટના ટ્રીપલ ટી એપ્રોચના આધારે સામૂહિક ટેસ્ટીંગ માટે હવે વ્યક્તિના શરીરમાં કોરોના વાઈરસની હાજરીને પારખતાં રેપિડ એન્ટી બોડી ટેસ્ટની કાર્યવાહી પણ હાથ ધરવામાં આવી છે. તેમણે જણાવ્યું કે, સમરસ હોસ્ટેલને કોવિડ કેર સેન્ટર તરીકે વિકસાવવામાં આવી રહ્યું છે. આજે સોશ્યલ ડિસ્ટન્સ ન જાળવનાર ૬૪ લોકો પાસેથી રૂ.૮૮૫૦૦ નો દંડ કરાયો છે, જયારે માસ્ક ન પહેરનારા વ્યક્તિઓ પાસેથી રૂ. ૫૯,૦૦૦ નો દંડ કરવામાં આવ્યો છે. આવશ્યક દુકાનો પર હેન્ડ સેનેટાઈઝરની વ્યવસ્થા ન કરનાર દુકાનદારોને રૂ. ૨,૧૨,૮૫૦ નો દંડ કરાયો છે. શ્રી પાનીએ કહ્યું કે, આજે શહેરના શ્રમિક ગરીબ વર્ગના ૭,૭૨,૬૪૫ લોકો માટે સામાજિક સંસ્થાઓના સહયોગથી ભોજન વ્યવસ્થા કરવામાં આવી છે. સુરતમાં આ પ્રકારની વ્યવસ્થા કરવામાં સહભાગી બનવા બદલ તેમણે તમામ સામાજિક સંસ્થાઓ પ્રત્યે આભાર વ્યક્ત કર્યો હતો. રિલીફ સેન્ટરોમાં ૧૩૪૧ અને ૧૨૩૫ વૃદ્ધ દિવ્યાંગોને, ૮૦૦ ઘરવિહોણા લોકોને દરરોજ ઘર બેઠાં ભોજન પહોંચાડવામાં આવે છે. જયારે અક્ષયપાત્ર સંસ્થા દ્વારા દરરોજ સરેરાશ એક લાખથી વધુ લોકો માટે ભોજન પૂરૂ પાડવામાં આવે છે. તેમણે શહેરીજનોને લોકડાઉન તેમજ કર્ફ્યુનું પાલન કરવાં તેમજ જરૂરી કામ વિના ઘરથી બહાર ન નીકળવા, માસ્ક અચૂક પહેરવા અને સોશ્યલ ડિસ્ટન્સ જાળવવા તેમજ લોકડાઉનનું જવાબદારીપૂર્વક પાલન કરી કોરોનાનું સંક્રમણ અટકાવવા માટે સહયોગની અપેક્ષા વ્યક્ત કરી હતી.

વલસાડમાં કોરોના એક સાથે ત્રણ કેસ નોંધાયા, એકનું મોત, તંત્રમાં ફફડાટ

વલસાડ

વલસાડ. લોકડાઉનના ૨૭ દિવસ સુધી કોરોનાનો એકપણ પોઝિટિવ કેસ જોવા મળ્યો ન હતો. જોકે, વલસાડ જિલ્લામાં એક જ રાતમાં કોરોનાના ત્રણ કેસ નોંધાયા છે. જેમાં એક યુવકનું સુરત સિવિલ હોસ્પિટલમાં મોત નીપજ્યું છે. ત્રણ પોઝિટિવ કેસમાં ઉમરગામ, ડુંગરી અને ધરમપુરના યુવકોનો સમાવેશ થયા છે. જેમાં એક ડુંગરી પોલીસ મથકનો જીઆરડી જવાન છે. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના દહેરી ગામના ૩૦ વર્ષીય ટંડેલ પરિવારના યુવકને શનિવારે રાત્રે ખાંસીની તકલીફ થતા વાપી જનસેવા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યો હતો. યુવકના સેમ્પલ લઈને સુરત સિવિલમાં ટેસ્ટિંગ માટે મોકલી આપવામાં આવ્યા હતા. સોમવારે મોડી રાત્રે ટંડેલ યુવકનો કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા આરોગ્ય વિભાગ અને જિલ્લાનું વહીવટી તંત્ર દોડતું થયું હતું. ટંડેલ યુવકને વાપીની જનસેવા હોસ્પિટલમાં કોરોના આઈસોલેશન વોર્ડમાં સારવાર આપવામાં આવી રહી છે. વલસાડ જિલ્લાનો આ પ્રથમ



કોરોના પોઝિટિવ રિપોર્ટ આવતા યુવકના ગામમાં આરોગ્ય વિભાગની ટીમ દ્વારા ગામના લોકોની પ્રાથમિક તપાસ હાથ ધરવામાં આવશે. આરોગ્ય વિભાગના જણાવ્યા અનુસાર ટંડેલ યુવકની કોઈ ટ્રાવેલ હિસ્ટ્રી નથી. મંગળવારે સવારથી વહીવટી તંત્ર અને આરોગ્ય વિભાગ દ્વારા ઉમરગામ તાલુકાના દહેરી ગામને સેનેટરાઈઝ કરવા અને સ્થાનિક લોકોના ટેસ્ટની પ્રક્રિયા હાથ ધરી છે..

વલસાડ તાલુકાના ડુંગરી પોલીસ મથકે જીઆરડીના જવાન તરીકે સેવા બજાવતો ૨૨ વર્ષીય યશ ઠાકોરભાઈ પટેલનો લેટ નાઈટ રિપોર્ટ પોઝિટિવ આવતા પરિવાર સહિત આજુબાજુના ૨૦ જેટલા લોકોના સેમ્પલિંગ લેવામાં આવ્યા હતા. વલસાડ જિલ્લામાં એક જ રાતમાં ૩ કોરોના પોઝિટિવ દર્દીના રિપોર્ટ બહાર આવતા આરોગ્ય વિભાગ અને વહીવટી તંત્ર દોડતું થયું છે. ડુંગરી પોલીસના જવાનોના સેમ્પલિંગ લેવાની તજવીજ હાથ ધરવામાં આવી છે. ધરમપુરના આસુરા ગામ ખાતે રહેતા ૨૧ વર્ષીય સુફિયાન શબ્બીર કાદરીને ગત ૧૯મીના રોજ કોરાનાના લક્ષણો સાથે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યો હતો. જેનો લેટ નાઈટ રિપોર્ટ પોઝિટિવ આવ્યો હતો. જેનું સારવાર દરમિયાન આજે સવારે ૫ વાગ્યે કોરોનાના કારણે મોત થયું હતું. સુફિયાન ધરમપુરમાં માતા સાથે રહેતો હતો અને તેનો ભાઈ ૧૦૮માં પાયલોટ તરીકે ફરજ નિભાવે છે. હાલ તેની માતાનો રિપોર્ટ નેગેટિવ આવ્યો છે. જોકે, આરોગ્ય વિભાગે ધરમપુરમાં મૃતકના વિસ્તારમાં સેમ્પલિંગ લેવાની તજવીજ હાથ ધરી છે.

લાજપોર જેલમાં કેદી અને કર્મીઓને હોમિયોપેથી દવાનું વિતરણ કરાયું

સુરત

આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગાંધીનગરના પ્રિન્સિપલ સેક્રેટરી ડો. જયંતિ રવિ તથા આયુષ કચેરી, ગાંધીનગરના નિયામક શ્રી વૈદ્ય ભાવનાબેન પટેલની પ્રેરણાથી જિલ્લા પંચાયતની આયુર્વેદિક શાખા દ્વારા લાજપોર મધ્યસ્થ જેલ ખાતે ૩૨૦૦ બંદીવાનો તેમજ ૪૦૦ જેટલા જેલના સ્ટાફ કર્મચારીઓને આયુર્વેદિક ઉકાળો તથા હોમિયોપેથી દવાનું વિતરણ કરાયું હતું. જેલ સુપરિન્ટેન્ડન્ટ શ્રી મનોજ નિનામાએ કેદીઓ અને જેલના સ્ટાફની આરોગ્યની કાળજી લેવાના આ પ્રયાસની સરાહના કરી હતી.

લાજપોર જેલના કેદી ભાઈઓને કોરોનાની વૈશ્વિક મહામારી સામે સુરક્ષિત સ્વાસ્થ્ય આપવા તેમજ તેમની રોગપ્રતિકારક શક્તિ વધે તેવા હેતુથી તા. ૨૧ થી ૨૫ એપ્રિલ સુધી એમ પાંચ દિવસ માટે સવારે ૭.૦૦ થી ૮.૦૦ વાગ્યા દરમિયાન આયુર્વેદિક ઔષધિયુક્ત ઉકાળો તથા હોમિયોપેથીક મેડીસીન આર્સેનિક આલ્બમ ૩૦ નું સેવન કરાવવામાં આવ્યું હતું.

હોમિયોપેથીક મેડીસીનને ત્રણથી પાંચ દિવસ નિયમિત સેવન કરવાથી રોગપ્રતિકારક શક્તિમાં વધારો થાય છે. આ પ્રસંગે જિલ્લા આયુર્વેદ અધિકારી વૈદ્ય મિલન દશોંદી (એમ.ડી. આયુર્વેદ), આયુર્વેદિક મેડિકલ ઓફિસર વૈદ્ય નૂપેશ ગુપ્તા (એમ.ડી. આયુર્વેદ) તથા હોમિયોપેથિક મેડિકલ ઓફિસર ડો. બ્લેસીબેન દ્વારા સેવા આપવામાં આવી હતી.

નોંધનીય છે કે આ અગાઉ પણ તા. ૧૪ થી ૧૮ એપ્રિલ દરમિયાન પણ લાજપોર જેલમાં આયુર્વેદિક દવા અને ઉકાળો આપવામાં આવ્યો હતો.

જેલ સુપરિન્ટેન્ડન્ટ નિનામાએ કેદીઓ એ જેલના સ્ટાફની આરોગ્યની કાળજી લીધી



કોરોના વાયરસની મહામારીમાં લોક ડાઉન દરમિયાન કામદારો, ગરીબો અને નિરાધાર લોકોની હાલત દુષ્કર બની ગઈ છે. સુરતની સડક પર નિરાધાર લોકો વસવાટ કરે છે. લોકડાઉનમાં ભોજનની પ્રતિક્ષા કરતા બાળકોની આ તસ્વીર છે.

તાપીમાં કોરોનાનો પ્રથમ કેસ સામે આવતા તંત્રમાં દોડધામ

તાપી

તાપીમાં કોરોનાનો પ્રથમ કેસ સામે આવતા તંત્ર એલર્ટ થઈ ગયું છે..અને વ્યારા સેવા સદન સંકુલના કર્મચારી આવાસ બહાર હવે પ્રવેશબંધીના બોર્ડ લગાવામાં આવ્યા છે. ઉલ્લેખનિય છે કે પહેલા ગામડા, શેરીઓ અને સોસાયટીમાં બોર્ડ લાગ્યા હતા.પરંતુ હવે આવાસ બહાર પણ પ્રવેશબંધીના બોર્ડ લગાવામાં આવ્યા છે.



રાજ્યમાં નવા ૧૨૭ કેસો નોંધાયા છે. જ્યારે રાજ્યમાં આંકડો ૨૦૬૬ પહોંચ્યો છે. જે અત્યત ચિંતા જનક છે. ત્યારે હવે કોરોનાનો કહેર અમદાવાદ શહેરની સાથે સાથે ગ્રામ્ય વિસ્તારમાં પણ ભરડો લીધો છે. કોરોનાએ અમદાવાદમાં કહેર મચ્યો છે. પાંચ લોકોના મોત એ અમદાવાદ શહેરમાં નોંધાયા છે. તે ચોંકાવનારું છે. અમદાવાદનાં ઘાટલોડિયા, દુધેશ્વર, જમાલપુર, શાહિબાગ, નારાણપુરા, ચાંદખેડા, રાયપુર, મેમનગર, હાથિજણ વિસ્તારમાં નોંધાયા. આરોગ્ય સચિવ જંયતિ રવીએ જણાવ્યું કે નારાણપુરા અને ગીતા મંદિરમાં નવા વિસ્તારમાં કેસ નોંધાયા છે.

જાહેરનામા ભંગ બદલ ભરૂચ સી 'ડીવી. પોલીસ સ્ટેશન દ્વારા એક વિરુદ્ધ ગુનો દાખલ

ભરુચ

ભરૂચ જીલ્લા પોલીસ અધિક્ષક રાજેન્દ્રસિંહ ચુડાસમાની સુચનાના આધારે તથા વિભાગીય પોલીસ અધિકારી ડી.પી.વાઘેલાના માર્ગદર્શન હેઠળ કોરોના વાયરસની બીમારી ફેલાઈ નહિ તે હેતુસર લોકડાઉનનું પાલન કરવા પોલીસ તંત્ર તરફથી જાહેર જનતાને અવારનવાર સુચનાઓ કરી વિનંતીઓ કરવામાં આવેલ છે તેમ છતા જાહેર જનતા દ્વારા લોકડાઉનનો ભંગ કરી કાયદા વિરૂધ્ધના કૃત્યો કરવામાં આવી રહ્યા છે આવો જ એક કિસ્સો પોલીસ તંત્રને ધ્યાને આવતા પોલીસ દ્વારા કાયદેસરની કાર્યવાહી કરવામાં આવેલ છે. સી'ડીવી.પોલીસ સ્ટેશન દ્વારા આજરોજ નર્મદા બંગ્લોઝ સોસાયટી કે જયા કોરોના પોઝીટીવ કેસ આવેલ હોય તે સોસાયટીને containment Area તરીકે જાહેર કરીને સીલ કરવામાં આવેલ હોય અને તે અંગે જાહેરનામુ બહાર પાડવામાં આવેલ હોય તે છતા આજરોજ તા.૨૧એપ્રિલ ના રોજ તે સોસાયટી પર ફરજ પરના પોલીસ અધિકારીને જાણવા મળેલ કે સોસાયટીમાં રહેતા દિનેશભાઈ મંગળભાઈ મકવાણા નાઓ સોસાયટીની પાછળથી અવારનવાર બહાર નીકળી જાય છે આ હકીકત વેરીફાઈ કરતા સાચી જણાઇ આવતા આ વ્યક્તિ દિનેશભાઈ મંગળભાઈ મકવાણા ઉ.વ. ૩૩ રહે. બી-૮૬ નર્મદા બંગ્લોઝ, મકતમપુર ભરૂચ નાઓ વિરૂધ્ધમાં જીલ્લા કલેકટર શ્રી દ્વારા બહાર પાડેલ જાહેરનામા ભંગ બદલ IPC કલમ-૧૮૮ તથા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેંટ એકટની કલમ - ૫૧(બી) મુજબ નો ગુનો દાખલ કરવામાં આવેલ છે તેમજ સદર વ્યકિતને શરદી, ખાંસી,ઉધરસ છે તેવું જણાઇ આવતા ૧૦૮ એમ્બ્યુલન્સ બોલાવી સીવીલ હોસ્પીટલ ખાતે ચેકઅપ કરવા મોકલી આપેલ છે.

સરીગામમાં સિલિન્ડર રીફિલીંગ કરતા ગોડાઉનમાં બ્લાસ્ટ, ૧૫ સિલિન્ડર ફાટતા અફરાતફરી

વલસાડ

ઉમરગામ તાલુકાના સરીગામ ખાતે આવેલા સિલિન્ડર રીફિલીંગ કરતા ગોડાઉનમાં સિલિન્ડરમાં બ્લાસ્ટ થતા અફરાતફરી ફેલાઈ હતી. એક પછી એક ૧૫ જેટલા સિલિન્ડરમાં બ્લાસ્ટ થતા આગ ફાટી નીકળી હતી. ઘટનાની જાણ થતા ચાર ફાયર બ્રિગેડની ગાડી ઘટના સ્થળે પહોંચી હતી અને આગ પર કાબૂ મેળવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. અત્રે ઉલ્લેખનિય છે કે, ગોડાઉન માલિક ગેરવ્યાજબી રીફિલીંગ કરતો હતો. હાલ અધિકારીઓ પણ ઘટના સ્થળે પહોંચ્યા છે. જ્યારે ગોડાઉન માલિક ફરાર થઈ ગયો છે.

કલર ટેક્સ કંપની દ્વારા ઉપ નંગ પ્રોટેકટીવ કલોઝીંગ કીટની ભેટ

સુરત

સુરત શહેરમાં નોવેલ કોરોનાં વાયરસનાં સંક્રમિત વ્યક્તિઓ દ્વારા અન્ય વ્યક્તિઓમાં ચેપ ન ફેલાય તે માટે ફાયર વિભાગ તેમજ વી.બી.ડી.સી. વિભાગ દ્વારા સુરત શહેરના વિવિધ ઝોન વિસ્તારમાં ડિસઈન્ફેક્શનની કામગીરી પૂરજોશમાં કરવામાં આવી રહી છે. આ કામગીરીમાં મદદરૂપ થવાં અને સામાજિક જવાબદારીના ભાગરૂપે કલરટેક્ષ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લિ., ભેસ્તાન, જી. આઈ. ડી.સી, પાંડેસરા દ્વારા સુરત મહાનગરપાલિકાના ફાયર અને ઈમરજન્સી સર્વિસીસના અધિકારી તેમજ કર્મચારીઓની સલામતી માટે ડ્યુપોન્ટ કંપનીની બનાવટના ઉપ નંગ TYCHEM -2000 ની પ્રોટેક્ટિવ કલોથીગ કીટ ભેટ આપવામાં આવી છે. આ કીટ શહેરના હોટસ્પોટ, કર્ફ્યુગ્રસ્ત વિસ્તાર તેમજ રેડ ઝોનમાં ફરજ બજાવતાં કર્મચારીઓની સુરક્ષા માટે અતિ ઉપયોગી બનશે.

લોકડાઉનમાં વાહન છોડાવવા માટે ૨૫૦૦નો દંડ હવે ૫૦૦ કરી દેવાયા

અંકલેશ્વર

કોરોનાવાયરસ ની મહામારી ના પગલે રાજ્ય સરકારે અને કડક નિયંત્રણો લાદ્યા છે અને સાથે જ તમામ જિલ્લા તાલુકા શહેર ગ્રામ્ય વિસ્તારના પોલીસ સ્ટાફને પણ કડક નિર્દેશ આપ્યા છે. જે અંતર્ગત વાહન ડિટેઈન કરવાનું પણ ફરજમાં આવી જાય છે. જોકે એમાં જ હવે વાહનો મુક્ત કરવા બાબતે વિવાદ જાગ્યો છે.

એક સમયે એવું હતું કે ટ્રાફિક પોલીસે ડિટેઈન કરેલા વાહન ફક્ત ભરૂચ જિલ્લા આરટીઓ કચેરીમાંથી જ નિયત દંડ ભરીને છોડાવી શકાતા હતા. પરંતુ હાલ જે રીતે લોકડાઉનની પરિસ્થિતિ છે એમાં જપ્ત થયેલાં વાહનો જે તે પોલીસ સ્ટેશનમાં રહે છે આ સિસ્ટમ અગાઉથી આમલી જ હતી. પરંતુ લોકડાઉનની પરિસ્થિતિમાં આરટીઓ કચેરી સુધી પહોંચવાનું સૌથી દુષ્કર કાર્ય છે. આ મુદ્દાને લઈને રાજ્ય સરકારે નવા નિયમો જાહેર કર્યા છે કે જેમાં જે તે પોલીસ મથકમાં ડિટેઈન થયેલા વાહનો માટે નિયત કરેલા દર ભરીને વાહનમાલિક પોતાનું વાહન છોડાવી શકે છે પરંતુ એમાં પણ અનેક વિટંબણાઓ સામે આવી રહી છે.

રાજ્ય સરકારે એક પરિપત્ર જાહેર કર્યો છે કે કોઈપણ ડિટેઈન થયેલા વાહનના જરૂરી દસ્તાવેજો ૧૫ દિવસમાં જો બતાવવામાં આવે તો અધિકતમ રૂપિયા ૫૦૦ દંડ વસૂલીને વાહનને મુક્ત કરવામાં આવે. આ પરિપત્ર જોકે આજથી અમલી બન્યો છે પરંતુ એ પહેલા જ જે વાહનમાલિકોએ રૂ. ૨૫૦૦ સુધી દંડ ભર્યો છે એનું શું એ સવાલ દંડ ભરનાર વર્ગમાં પણ ચર્ચાઈ રહ્યો છે.

૨૫૦૦ રૂ. સુધીનો દંડ ભરનાર વાહનચાલકોમાં અને વાહનધારકોમાં હવે એક સવાલ ચર્ચાઈ રહ્યો છે કે શું સરકારના અધિકતમ રૂ. ૫૦૦ની દંડની વસૂલાતના પરિપત્ર બાદ વધારાની રકમ પોલીસ તંત્ર પરત આપશે કે નહીં? પોલીસ તંત્ર પણ આ બાબતે સ્પષ્ટ વલણ અખત્યાર કરે તેવી માંગ વાહન ચાલકોમાં ઉઠી રહી છે.

MARKET 4U ફ્રેન્ચાઈઝી નિમવાના છે

MARKET4U (રજી.) કંપનીને પોતાના જાહેરાત, મેરેજ, લગ્ન www.connectindians.inના ઓન-લાઈન પ્લેટફોર્મની સેવાઓ માટે ગુજરાતના તમામ જિલ્લા, શહેર અને તાલુકા લેવલે જરૂરિયાત મુજબ (રૂપિયા ૫૫૦૦/- કે તેના ગુણાંકમાં) મૂડી રોકાણ કરી ગ્રાહકોને સેવા આપી શકે તેવા

ફ્રેન્ચાઈઝી

તાત્કાલિક વહેલા તે પહેલાના ધોરણે નિમવાના છે. ઈચ્છા ધરાવતી વ્યક્તિઓ સંપર્ક કરે.
(નફાનું ધોરણ ટર્ન ઓવરના ૪% રહેશે. કંપની જાહેરાત પોતે કરી આપશે.)

સ્કીમ : ફ્રેન્ચાઈઝી બની એક સાથે ૩૦ જોઈનિંગ પીન ખરીનાર પહેલા ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી વચ્ચે ડ્રો થશે જેમાં
પહેલું ઇનામ : રૂપિયા એક કરોડ (૧ વ્યક્તિ ને)
બીજું ઇનામ : રૂપિયા એક લાખ (૫ વ્યક્તિ ને)
ત્રીજું ઇનામ : રૂપિયા ૫૦ હજાર (૨૫ વ્યક્તિને) આપવામાં આવશે.

શરતો

૧. ડ્રો ૧૦,૦૦૦ ફ્રેન્ચાઈઝી પુરા થયે જ કરવામાં આવશે
૨. ડ્રો ની રકમ માંથી સરકારી TDS ૫% કાપવામાં આવશે.
૩. ડ્રો જાહેરમાં ફંકશન યોજી કોમ્પ્યુટરાઈઝડ સિસ્ટમ થી કરવામાં આવશે.
૪. ડ્રો ની રકમ ની ચુકવણી NEFT થીજ કરવામાં આવશે.
૫. ડ્રો નો એડમીન ચાર્જ ૨% ડ્રો ની રકમ માં થી અલગ થી કમાશે
૬. આ ડ્રો બાબતે કંપની લેખિત માં લખાણ કરી આપશે જે પિન ખરીદીના ૧૫ દિવસમાં ફ્રેન્ચાઈઝીના નોંધાયેલ એડ્રેસ પર આરપીએડી થી મોકલશે
૭. ફ્રેન્ચાઈઝી બનવા પહેલા મેમ્બર બનવું ફરજીયાત છે જે માટે નિયત રકમ એડવાન્સ ભરવાની રહેશે.
૮. પિન મેમ્બરના વોલેટમાં મળશે. જેના પર પીનદીઠ કમિશન રૂપિયા ૨૫ અલગ થી વોલેટમાં જમા થશે.
૯. મેમ્બર અથવા ફ્રેન્ચાઈઝી બનવા સંપર્ક કરો 9978406257
૧૦. ફ્રેન્ચાઈઝી પીન કંપની પાસેથી ખરીદી હશે તેજ વ્યક્તિ ડ્રોમાં ભાગીદાર ગણાશે. માટે ડ્રોમાં ભાગ લેનારે કંપની પાસેથીજ પીન ખરીદવી ફરજીયાત રહેશે.
૧૧. ફ્રેન્ચાઈઝી એક આઈડી પર એકજ વખત આ સ્કીમનો લાભ લઈ શકશે બીજી વાર લાભ લેવા અલગથી મેમ્બર બની ત્યારબાદ ૩૦ પિન સામટી લઈ લાભ લઈ શકાશે.

9978406257 Whats-App Time 10 am to 5 pm

આજની પરિસ્થિમાં આપની આવક વધારવા અને આપની તંદુરસ્તી માટે નીચેની લિંક ખોલી જુઓ

સામાન્ય માણસ જ્યારે કોરોનાની મહામારી અને મંદીનો સામનો કરી રહ્યું છે ત્યારે ૧૬ વર્ષ જુના જંગ એ ગુજરાત અખબાર ગ્રુપનું નવું નજરાણું

MARKET4U(OPC) PRIVATE LIMITED

જેમાં જુદા જુદા બે પ્લેટફોર્મ ની લિંક અત્રે પ્રસ્તુત છે જે લિંક ખોલી આપ વિગત સમજી શકશો ન સમજાય તો અમારા 9904733000 અને 9978406257 પર કોલ કરી શકો છો.

www.market4u.in

જ્યાં આપ પોતાની જાહેરાત અને જરૂરિયાં માત્ર રૂપિયા ૫૫૦/- માં ૬ મહિના સુધી કરી ખૂબ પ્રસિદ્ધિ કરી કમાઈ શકશો

www.connectindians.in

જ્યાં આપ જોડાયબદ અન્યને market4u ની વિગત સમજાવી અન્ય ને જોડશો તો મહેનત મુજબ ખુબ કમાઈ શકશો તદુપરાંત અમે લાવ્યા છીયે આપના સ્વસ્થ્ય માટે જરૂરી નેગેટિવ આયન્સ રિસ્ટબેન્ડ જે આપને માટે હાલના સમયમાં ખુબજ જરૂરી છે નેગેટિવ આયન એટલે શું? શામાટે આપણા સ્વસ્થ જીવન માટે જરૂરી છે? ક્યાંથી મેળવી શકશો આપ?

9978406257

http://www.jungegujarat.in/negative-ion/

MARKET 4U™
ISO 9001:2015 Certified company

REG. OFFICE:
13 PRITAM SOCIETY VIBHAG 1,
KASAK, BHARUCH.392002
Mo. No. : 7575006847
• Email : market4u19@gmail.com
• Website : www.market4u.in
• GST NO : 24ABDPZ8422D1ZN

તમામ શહેરોમાં એજન્સી મેળવવા સંપર્ક કરો.

આપના એક્ટિવાથી ટ્રક સુધીના તમામ વાહનોની સુરક્ષા

અને ક્યાં છે તે જાણવા GPS ટ્રેકિંગ સિસ્ટમ ફિટ કરાવો

માત્ર રૂપિયા ૬૦૦૦/-

સાથે મેળવો ત્રણ વર્ષ માટે આપની જાહેરાતની સુવિધા

તો રાહ કોની જુઓ છો ? કરો એક કોલ અને જાણો વિગત

GPS Market

RV-04
Geo Fence
Overspeed Alarm
Mileage Statistics
5M Accuracy (95%)
ACC Ignition Detection
OTA Firmware Upgrade
Over Voltage Protection
Built In Battery 160 mA/H
Tele-Cut Off (Petrol/ Electricity)
Data In Buffer (in GPS Blind Area)
GSM Module : QUECTEL M26
GPS Module : GTOP GT-1612-UB7X

For Demo -
Go to play store
Download -
GPSMARKET
User id : demo -
password : 123456

ADMIN OFFICE: 13/96, Bethi Colony, Khatodara, Udhna Darwaja, SURAT. MO. : 7575006850

કોરોના જોખમ : રાજપીપળાની બેંક બહાર ગ્રાહકોના ટોળાં જાણે કોરોનાને આમંત્રણ આપતા લાગે છે..??!



રાજપીપળા સંતોષ ચાર રસ્તા નજીક આવેલી બેંક ઓફ ઇન્ડિયા બહાર જામેલા ગ્રાહકોના ટોળાં રીતસરના સોસીયલ ડિસ્ટન્સીંગના ધજાગરા ઉડાડે છે

સરકાર તેમજ સ્થાનિક તંત્ર જાગૃતિ માટે આટ આટલી જાહેરાતો કરવા છતાં અમુક લોકો કાયદાનું પાલન ન કરતા હોય ત્યારે કોરોના જેવી મહામારી ક્યાંથી અટકે..?

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ કોરોના હાઉ વચ્ચે સમગ્ર વિશ્વ હચમચી ગયું છે ત્યારે આ વાયરસ ક્યાંથી કઈ રીતે કાબુમાં લેવાઈ એ માટે સરકાર અને સ્થાનિક તંત્ર સતત મહેનત કરી જાગૃતિ લાવવા મથામણ કરી રહ્યું છે તેવામાં રાજપીપળા ની કેટલીક બેન્કો તેમજ અમુક જગ્યાઓ પર લોકોના મોટા ટોળા જોતા એમ લાગે છે કે લોકો જાણે કોરોના ને સામે થી આમંત્રણ આપે છે,આ તસવીર રાજપીપળા સંતોષ ચાર રસ્તા નજીક આવેલી બેંક ઓફ ઇન્ડિયા બહાર ની છે જ્યાં એકબીજાને અડીને ગ્રાહકો બિન્દાસ બની રૂપિયા લેવા આવ્યા છે. ત્યારે એમ લાગે છે કે આ ગ્રાહકો રૂપિયા ઉપાડવા કરતા કોરોના કેસ ની જાણે સંખ્યા માં વધારો કરશે.કેમ કે નર્મદામાં હાલ ૧૧ પોઝીટીવ કેસ છે અને નવા કેસ વધ્યા નથી પરંતુ જો આમજ લોકો સોસીયલ ડિસ્ટન્સ સહિતના નિયમોનું પાલન નહિ કરે તો કદાચ અમદાવાદ,સુરત જેવી હાલત થતા સમય નહિ લાગે માટે તંત્ર ની સૂચના નું યોગ્ય પાલન કરી આપણે જાતેજ જાગૃત થવું પડશે નહી તો કેસો માં વધારો થશે તો એ માટે આપણે જ જવાબદાર કહેવાશું.


સુરત જીલ્લામાંથી ભરૂચ જીલ્લા વિસ્તારમાં ગેરકાયદેસર રીતે પ્રવેશ કરી કાયદાનો ભંગ કરતા ચાર વિરૂદ્ધ ગુનો દાખલ

ભરુચ

ભરૂચ પોલીસ અધિક્ષકના માર્ગદર્શન હેઠળ કોરોના વાયરસની બિમારી ફેલાય નહી તે હેતુસર લોક ડાઉનનું પાલન કરવા અને અને ભરૂચ જીલ્લા વિસ્તારમાં નહીં પ્રવેશવા પોલીસ તંત્ર તરફથી જાહેર જનતાને અવાર નવાર સુચનાઓ આપી વિનંતીઓ કરવામાં આવી રહી છે તેમ છતા જાહેર જનતા દ્વારા કાયદાનો ભંગ કરી કાયદા વિરૂદ્ધના કૃત્યો કરવામાં આવી રહ્યા હોવાનું જાણવા મળી રહ્યુ છે. આવો જ એક કિસ્સો પોલીસતંત્રના ધ્યાને આવતા પોલીસ દ્વારા કાયદાભંગની કાયદેસરની કાર્યવાહી - બી " ડિવીઝન પોલીસ સ્ટેશન દ્વારા ચાર ઈસમો વિરૂદ્ધ કરવામાં આવી છે.

તા. ૨૩ માર્ચના રોજ લોકડાઉન જાહેર થતા ભરૂચ ડુંગરી શેરપુરા વિસ્તારમાં આવેલ સીરાજપાર્ક સોસાયટીના રહીશ સુરત ખાતે રોકાઈ ગયા હતા.પરંતુ તા, ૨૦એપ્રિલ ના રોજ તેઓ કોઈ પણ કારણ સિવાય અને સક્ષમ અધિકારીની મંજુરી સિવાય સુરતથી ભરૂચ જીલ્લામાં પ્રવેશી સીરાજ પાર્કમાં આવતા તે અંગેની માહિતી - બી ડિવીઝન પો.સ્ટે.ને મળતા પોલીસ તુરત જ એકશનમાં આવી તપાસ કરી બે ભરૂચના અને બે સુરતના મળી કુલ – ૦૪ સ્ત્રી પુરૂષો વિરૂદ્ધ મહામારીના સમયમાં જીલ્લા કલેક્ટર ના જાહેરનામાનો ભંગ કરવા બદલ ભારતીય ફોજદારી ધારા,નેશનલ ડિઝાસ્ટર મેનેજમેન્ટ એક્ટ અને એપેડેમીક એક્ટની કલમો અન્વયે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી તાત્કાલીક મેડીક્લ ચેકઅપ કરાવવા સુચના કરી હતી.

રાજપીપળાના સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ દ્વારા રખડતા શ્વાનો માટે પણ ભોજન ની વ્યવસ્થા કરાઈ



આ સમાજ લોકડાઉન શરૂ થયું ત્યારથી શ્રમજીવીઓને ભોજન પીરસે છે હવે શ્વાનો માટે પણ વ્યવસ્થા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં લોકડાઉન શરૂ થયું ત્યારે થી ઘણી સંસ્થાઓ શ્રમજીવી ઓને ભોજન પહોંચાડી રહી છે એ સેવાકાર્ય ખરેખર આવા કપરા સમયે મહત્વનું હોય ત્યારે રાજપીપળા ના સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ દ્વારા પણ આ સેવાકાર્ય લોકડાઉન લાગુ થયુ ત્યારથી ચાલુ હોય જેમાં સવાર સાંજ શ્રમજીવીઓને જેતે સ્થળે વાહન મારફતે ભોજન આપાઈ રહ્યું છે.ત્યારે હાલ કામ ધંધા બંધ છે તેવા સમયે આ એક મોટી સેવા કહી શકાય જેમાં આવા સેવાકાર્ય કરી રહેલી દરેક સંસ્થાઓની કામગીરી નર્મદા જિલ્લામાં ખુબજ સારી છે.

જોકે સમસ્ત વૈષ્ણવ વણિક સમાજ દ્વારા શ્રમજીવીઓ ની સાથે સાથે રાજપીપળા એસટી ડેપો સહિતના એકાંત વિસ્તારો કે જ્યાં હાલ લારી,દુકાનો બંધ છે તેવા સ્થળો પર રખડતા શ્વાનો,વાનોરો માટે પણ ભોજનની વ્યવસ્થા કરાઈ છે કેમકે એ પોતાનો ઈલાકો છોડી ક્યાંયે જઈ શકતા ન હોય અને જેતે ગલી કે શેરી ના શ્વાનો ને તો સ્થાનિકો કંઈક ને કંઈક ખાવાનું આપતા જ હોય ત્યારે આવા એકાંત વિસ્તારના શ્વાનોને આ સમાજ દ્વારા ભોજન ની વ્યવસ્થા કરવામાં આવી એ ખરેખર ઉમદા કાર્ય કહી શકાય.

નાંદોદ ના વરખડ ગામની ઘટના

પુત્ર માટે દૂધ લેવા ગયેલા પિતા મોડા આવતા માતા એ ઠપકો આપતા પિતાએ ઝેરી દવા પી લેતા મોત



દૂધ વગર પુત્ર રડતો હોય પિતા દૂધ લઈ મોડા આવ્યા માટે પત્ની એ ઠપકો આપ્યો જેથી આ પગલું ભર્યું

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લા ના નાંદોદ તાલુકા ના વરખડ ગામમાં દૂધ લેવા ગયેલા પતિ મોડા આવતા પત્ની એ ઠપકો આપતા પતિને લાગી આવ્યું જેમાં ઝેરી દવા પી જતા સારવાર દરમિયાન તેમનું મોત થયું હતું.

પ્રાપ્ત વિગતો અનુસાર નાંદોદના વરખડ ગામમાં રહેતી કાળીબેન કનક સીંગ વસાવાએ આપેલી જાહેરાત મુજબ પોતાના પુત્ર માટે દુધ લેવા માટે ગયેલા તેના પતિ કનકસીંગ વસાવા ગામમાંથી દૂધ લઈ મોડો ઘરે આવતા કાળીબેને પતિને કહ્યું કે છોકરો ક્યાર નો દુધ માટે રડે છે.વહેલા આવવું જોઈએ તેવો ઠપકો આપતા પતિને મનમાં લાગી આવતા તરબુચના ખેતરમાં જઈ ઝેરી દવા પી લીધી હોય તેને તાત્કાલિક સારવાર માટે ખસેડાયા હતા જ્યાં સારવાર દરમ્યાન તેનું મોત થયું હતું.

ડેડીયાપાડાના ખુરદી ગામની તરાવ નદીમા સ્નાન કરવા ગયેલા ૫ વર્ષના માસૂમનું ડૂબી જતાં મોત



મૃતક તેના મોટાભાઈ અને અન્ય બાળકો સાથે ગરમીના કારણે નદીમાં નાહવા ગયા હતા

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલ પડી રહેલી આકરી ગરમીમાં નર્મદા જિલ્લા ના ડેડીયાપાડા તાલુકાના ખુરદી ગામની તરાવ નદીમા સ્નાન કરવા ગયેલા ૫ વર્ષના માસૂમનું ડૂબી જતાં મોત નીપજ્યું હતું.

પ્રાપ્ત માહિતી મુજબ દિવ્યેશ ચુનીલાલ વસાવા (ઉ.૫વર્ષ) રહે, ખુરદી, હનુમાન ફળીયુ ગતરોજ તેના મોટાભાઈ ઋષીલ તથા ફળીયાના બીજા નાના છોકરાઓ સાથે ગામની તરાવ નદીમા સ્નાન કરવા માટે ગયેલા એ સમયે દિવ્યેશ આકસ્મીક રીતે પાણીમા ડુબી જતા તેનું મોત થયું હતું.આ બાબતે તેના પિતા ચુનીલાલ ભારજીભાઈ વસાવા એ ડેડીયાપાડા પો.સ્ટે.માં જાણ કરતા પોલીસે અ.મોત દાખલ કરી તપાસ હાથ ધરી છે.

મહારાષ્ટ્રમાં થયેલી સાધુઓની હત્યા મામલે નર્મદા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા આવેદન : હત્યારાઓને સખત સજાની માંગ



(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

એક તરફ સમગ્ર દેશ માં લોકડાઉન ચાલી રહ્યું છે ત્યારે મહારાષ્ટ્ર ના પાલઘર માં કથિત સનાતન સાધુઓ તેમજ ડ્રાઈવર ની ટોળાં દ્વારા મોબ્લિન્ચિંગ કરી હત્યા કરી હોવાની ચકચારી ઘટના સામે આવી છે.આ બાબતે નર્મદા જિલ્લા વિશ્વ હિન્દુ પરિષદ તથા બજરંગ દળ દ્વારા ઉચ્ચ સ્તરીય તપાસ થાય અને હત્યારાઓને સખત સજા મળે તેવી માંગ સાથે જિલ્લા કલેકટર ને આવેદનપત્ર આપવામાં આવ્યું છે.

આવેદન માં જણાવ્યા મુજબ મહારાષ્ટ્રના પાલઘર માં હિન્દૂ સનાતની સાધુઓની હત્યા કરવામાં આવી છે , નર્મદા જિલ્લામાં વસવાટ કરતા સાધુ સંતો આ ઘટનાની ઘોર નિંદા કરે છે, માટે આપના માધ્યમ થકી સરકારમાં આવા કૃત્યો કરનાર સામે સખત કાર્યવાહી થાય અને આ ઘટનાની તપાસ માટે એક ઉચ્ચ સ્તરીય કમિટીની નિમણૂક કરવામાં આવે અને આરોપીઓ વિરુદ્ધ કડક માં કડક કાર્યવાહી કરવામાં આવે તેવી રાજપીપળા સંત સમાજે માંગણી કરી છે.

નર્મદા જિલ્લાના અન્ય તાલુકામાં કોરોના પ્રવેશ બાદ તિલકવાડા તાલુકામાં કોરોનાનું સંક્રમણ પ્રવેશે નહીં તે માટે તાલુકા વિભાગ સતર્ક





ભાદરવા ગ્રામ પંચાયત દ્વારા કન્ટેન્ટમેન્ટ ઝોનમાં સમાવિષ્ટ ગામોમાં માસ્ક નું વિતરણ કર્યું ઉપરાંત લોકોને કોરોના મહામારી સામે જાગૃત કર્યા હતાં

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

હાલમાં સમગ્ર દેશમાં લોકડાઉન નો બીજો રાઉન્ડ ચાલી રહ્યો છે ગુજરાત માં કોરોનાના કેસ વધી રહ્યા છે ત્યારે નર્મદા જિલ્લા માં પણ કોરોનાના ૧૧ જેટલા પોઝિટિવ કેસો નોંધાયા છે જેમાં ગરુડેશ્વર તાલુકાના ખડગદા ગામે પણ કોરોના પોજેટિવ એક કેસ નોંધાયેલ છે જેના કારણે ખડગદા ગામ સહિત બાજુમાંજ આવેલા તિલકવાડાના ગામોને કન્ટેન્ટમેન્ટ ઝોન માં સામેલ કરાયા છે.હાલ તિલકવાડા તાલુકામાં એક પણ કોરોના પોજેટિવ કેસ નોંધાયેલ નથી અને ભવિષ્યમાં પણ કેસ ના આવે તે માટે તિલકવાડા તાલુકા વિભાગ દ્વારા પ્રયત્નો થઈ રહ્યા છે.

આજરોજ તિલકવાડા તાલુકામાં કન્ટેન્ટમેન્ટ ઝોન માં સમાવિષ્ટ ગામોમાં તંત્ર દ્વારા ગામ લોકોને ટી.ડી.ઓ ડી.બી.ચાવડા ના હસ્તે ૧૦૦૦ થિ વધુ માસ્કનું વિતરણ કરવામાં આવ્યું હતું ઉપરાંત ગામ લોકો ને શાકભાજી અને અનાજ લેવા માટે રોકડ રકમ ન હોવાને કારણે બેન્ક મિત્ર અને પોસ્ટ મેન દ્વારા સ્થળ ઉપર જઈ ને રોકડ રકમ નું વિતરણ કરવામાં આવ્યું હતું કોરોના થી બચવા માટે આ ગામોમાં જરૂરી સૂચનાઓ પણ આપવામાં આવે છે સાથે ગામ લોકોને કોરોના સામે રક્ષણ માટે આયુર્વેદિક ઉકળાનું વિતરણ પણ કરવામાં આવ્યું હતું.

નર્મદા જિલ્લા કલેક્ટર મનોજ કોઠારી સાહેબ આપ જાણો છો..??

નર્મદા સેવા સદન કચેરીમાં કોરોના બાબતે ચાલતી લાલીયાવાડી: લોકો સેનેટાઈઝરનો ઉપયોગ વિના કરી રહ્યા છે કચેરીમાં પ્રવેશ



● કચેરીના મુખ્ય દ્વાર પરથી સેનેટાઈજર અને થર્મોગન સાથે ચેકીંગ કરતો કર્મચારી જ ગાયબ !!

● નગરપાલિકા ના કર્મચારીઓ શહેરના દરેક પોઈન્ટ ઉપર આવતા જતા લોકોનું સેનેટાઈજર કરી હાથ વોસ કરાવે છે પરંતુ કલેક્ટર કચેરી માં જ લાલીયાવાડી નજરે તંત્રની કામગીરી પ્રશ્નાર્થ !!

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં હાલ ૧૧ કોરોના પોઝીટીવ ના કેસ છે ત્યારે તંત્ર હવે કેસ ન વધે તે માટે સતત મહેનત કરી તકેદારી રાખે છે.હાલ સરકારે કેટલીક બાબતે છૂટછાટ આપી છે પરંતુ તેમાં સોસીયલ ડિસ્ટન્સ અને સેનેટાઈજેસન જેવા કેટલાક નિયમો લાગુ કર્યા છે જે માટે નર્મદા કલેક્ટરે જાહેરનામું પણ પાડ્યું અને તેનો કડક અમલ કરવા લોકોને સૂચના આપી છે પરંતુ ખુદ કલેક્ટર કચેરી (જિલ્લા સેવા સદન) ના મુખ્ય પ્રવેશ દ્વાર પરજ લાલીયાવાડી જોવા નજરે જોવા મળતા તંત્રની કામગીરી પર મોટો પ્રશ્નાર્થ સર્જાયો છે.

તારીખ ૨૦ એપ્રિલ થી સરકારે અમુક બાબતે કેટલાક નિયમ લાગુ કરી લોકડાઉન માં થોડીક છૂટછાટ આપી હોય એ માટે નર્મદા જિલ્લા મેસ્ટ્રેટ (કલેક્ટર) દ્વારા જાહેરનામું પણ બહાર પડાયું અને તેનું કડક પાલન કરવા સૂચના અપાઈ હતી ત્યારે ખાટલેજ મોટી ખોડ ની માફક જિલ્લા કલેક્ટર કચેરી(જિલ્લા સેવા સદન) ના અંદરના મુખ્ય પ્રવેશ દ્વાર પરજ અંદર જતા લોકો સેનેટાઈજેસન કરી હાથ વોશ અને ગન દ્વારા ચેકીંગ માટે એક કર્મચારી મુક્યો છે પરંતું જિલ્લા સેવા સદન કચેરી માં મુકાયેલો કર્મચારી ગન મશીન અને સેનેટાઈજર ની બોટલ મૂકી કલાકો સુધી ગાયબ જોવા મળ્યો હતો અને ત્યાં મુકેલી ખુરશી પર ગન અને સેનેટાઈજર ની બોટલ જાણે બિનવારસી પડેલી જોવા મળી હતી.જો કલેક્ટર કચેરીના ગેટ પર જ આટલી મોટી લાલીયાવાડી જોવા મળે તો કાયદાનો અમલ કોની પાસે કરાવવાની આશા રાખી શકાય..?! સૂત્રો અનુસાર કચેરીમાં પ્રવેશતા કેટલાક લોકો સેનેટાઈજર ની બોટલનો ઉપયોગ જાતેજ કરી હાથ સાફ કરતા હતા.તો કેટલાક હાથ સેનેટાઇઝ કર્યા વિના જ પ્રવેશ કરતા નજરે પડ્યા હતા.ત્યારે જિલ્લા કલેકટર મનોજ કોઠારી સાહેબ આ બાબતને ગંભીરતા લઈ નિયમોનુસાર કાર્યવાહી હાથ ધરે તે જનહિતમાં છે.

નર્મદામાં નવા કોરોના પોઝીટીવ કોઈ કેસ નથી : જિલ્લામાં ૧૧ પોઝીટીવ કેસ યથાવત: ૨૧૪ સેમ્પલના રિપોર્ટ નેગેટીવ

આયુર્વેદિક કોલેજ હોસ્ટેલ ફેસેલીટી બેઝ ક્વોરોન્ટાઈન હેઠળની ૦૭ વ્યક્તિઓને રજા અપાઈ

(ભરત શાહ દ્વારા)
રાજપીપળા

નર્મદા જિલ્લામાં કોરોના મહામારીમાં આરોગ્ય વિભાગના એપીડેમીક મેડિકલ ઓફિસર ડૉ.આર. એસ. કશ્યપ તરફથી મંગળવારે સાંજે મળેલી માહિતી મુજબ જિલ્લામાં આજે વધુ નવા કોઈ પોઝીટીવ કેસ નોંધાયા નથી અને કોરોનાના પોઝીટીવ દરદીઓની સંખ્યા ૧૧ યથાવત જ છે.આયુર્વેદિક કોલેજ હોસ્ટેલ ફેસેલીટી બેઝ કોરોન્ટાઈન હેઠળના ૭ વ્યક્તિ ઓને આજે રજા અપાઈ હોય હાલ ૧૦૩ વ્યક્તિઓ ક્વોરોન્ટાઈન હેઠળ છે.સાથે ૨૧૪ સેમ્પલના રિપોર્ટ નેગેટીવ આવ્યા હોવાની જાણકારી મળી છે.